વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૪મું
ડિસેમ્બર - ૨૦૧૬
અંક : ૪૯૯

મંગલ મંદિર ■ ડિસેમ્બર-૨૦૧૬ ● ૧
(કુલ પાના : ૬૦)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર





: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુમિભવાળા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org

# તદ્દન નવાં પ્રકાશનો




NAVNEET
**GLOBAL**
DICTIONARY
Price : ₹ 400.00




NAVNEET
**CONCISE GLOBAL**
DICTIONARY
Price : ₹ 320.00

**મુખ્ય વિશેષતાઓ :**

- વર્તમાન સમયમાં અંગ્રેજી ભાષાની અગત્યને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા સર્વાંગસંપૂર્ણ કોશ.
- અંગ્રેજી સ્પેલિંગ **'બ્રિટિશ ઇંગ્લિશ'** પ્રમાણે અને તેના ગુજરાતીમાં અર્થ **'સાર્થ જોડણીકોશ'** પ્રમાણે આપવામાં આવેલ છે.
- લગભગ **25,000 મૂળ શબ્દો** અને **40,000 સાધિત શબ્દો** મળીને કુલ **70,000 શબ્દોના** વિશદ અર્થોનો ગુજરાતી તથા અંગ્રેજી એમ બંને ભાષામાં સમાવેશ.
- જ્યાં મૂળ શબ્દ ક્રિયાપદ છે, ત્યાં તેના ભૂતકાળ (p.t.) અને ભૂતકૃદંત(p.p.)નાં રૂપોનો પણ સમાવેશ.
- જરૂરિયાત પ્રમાણે શબ્દો અને રૂઢિપ્રયોગોનો અંગ્રેજીમાં વાક્યપ્રયોગો દ્વારા સરળ સ્પષ્ટીકરણ સાથે સમાવેશ.
- સ્પેલિંગના ઉચ્ચારોનું International નિયમ મુજબ નિર્દેશન જેમ કે, Budget ('બજિટ્), Development (ડિ'વેલપમન્ટ્), Grandmother ('ગ્રૅન્ડ્મધર્).
- રોજિંદા જીવનમાં વપરાતી વિવિધ વસ્તુઓ તેમજ આસપાસ જોવા મળતી વસ્તુઓના વિપુલ શબ્દભંડોળનો પરિશિષ્ટમાં સમાવેશ.

NAVNEET®
Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED

**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad-380 052, India.
**phone :** (079) 6630 5000 • 66305001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@Navneet.com • **Website :** www.navneet.com

DEEP Industries Limited

Oil & Gas Exploration
Production & Services



- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

• CONTACT DETAILS •

Deep Industries Limited

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com

# કચ્છ વિષયક તથા કચ્છી સર્જકોનાં વૈવિધ્યપૂર્ણ અણમોલ પુસ્તકો

## નવલિકાઓ/કથાઓ

| | | |
|---|---|---|
| કચ્છીકથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 140 |
| કેડે કટારી, ખભે ઢાલ (કચ્છી સત્યકથાઓ) | કુમારપાળ દેસાઈ | 100 |
| અદશ્ય પાત્રો | હરેશ ધોળકિયા | 125 |
| સાંજનો સૂર્યોદય | હરેશ ધોળકિયા | 170 |
| ગંઠાઈ ગયેલું લોહી | ધીરેન્દ્ર મહેતા | 140 |
| હું એને જોઉં એ પહેલાં | ધીરેન્દ્ર મહેતા | 100 |
| રણની આંખમાં દરિયો | સંપા. ધીરેન્દ્ર મહેતા | 150 |
| ખરા બપોર | જયંત ખત્રી | 110 |
| બસ, હવે હું જાઉં છું | ધીરજ બારુપાર | 90 |
| ખોવાઈ ગયેલું ગામ | માવજી માહેશ્વરી | 130 |
| જવનિકા | બિપિન ધોળકિયા | 150 |

## જીવનચરિત્રો/આત્મકથાઓ/ સંસ્મરણો

| | | |
|---|---|---|
| મહર્ષિ અરવિંદ | હરેશ ધોળકિયા | 125 |
| યોગીરાજ લાહિડી મહાશય | હરેશ ધોળકિયા | 50 |
| કિસકો લાગૂં પાય ? | હરેશ ધોળકિયા | 100 |
| મહેતાજી, તમે એવા શું ? | ધીરેન્દ્ર મહેતા | 400 |
| કોઈ ઝબકે, કોઈ ઝબકાવે | ધીરેન્દ્ર મહેતા | 120 |
| પ્રત્યંચાનો કંપ (કાવ્યો) | ધીરેન્દ્ર મહેતા | 125 |
| પરિચયપર્વ | દર્શના ધોળકિયા | 125 |
| મહાભારત ચરિત્રવિમર્શ | દર્શના ધોળકિયા | 120 |

## કાવ્યો

| | | |
|---|---|---|
| કાગવાણી ભાગ - 1 | દુલા ભાયા કાગ | 100 |
| કાગવાણી ભાગ - 2 | દુલા ભાયા કાગ | 120 |
| કાગવાણી ભાગ - 3 | દુલા ભાયા કાગ | 170 |
| પૌ. કથાનકો અને રૂપકો (કા.વા. 4) | દુલા ભાયા કાગ | 140 |
| બાવન ફૂલડાંનો બાગ (કા.વા. 5) | દુલા ભાયા કાગ | 180 |
| ભૂદાનમાળા (કા.વા. 6) | દુલા ભાયા કાગ | 170 |
| મા (કા.વા. 7) | દુલા ભાયા કાગ | 125 |
| યોગીમાળા (કા.વા. 8) | દુલા ભાયા કાગ | 125 |
| કાગમાળા | સંપા. જગદીશ ત્રિવેદી | 50 |

## જીવનપ્રેરક લેખો

| | | |
|---|---|---|
| જીવન એક ઉત્સવ | હરેશ ધોળકિયા | 150 |
| વિચારોની રખડપટ્ટી | હરેશ ધોળકિયા | 125 |

## નવલકથાઓ

| | | |
|---|---|---|
| અંગદનો પગ | હરેશ ધોળકિયા | 150 |
| નિયતિનું સંતાન | હરેશ ધોળકિયા | 125 |
| લાંબું સ્વપ્ન | હરેશ ધોળકિયા | 200 |
| આપણે લોકો | ધીરેન્દ્ર મહેતા | 115 |
| અદશ્ય | ધીરેન્દ્ર મહેતા | 80 |
| ખોવાઈ ગયેલી વસ્તુ | ધીરેન્દ્ર મહેતા | 100 |
| ભંડારી ભવન | ધીરેન્દ્ર મહેતા | 175 |
| વલય | ધીરેન્દ્ર મહેતા | 100 |
| છાવણી (પુરસ્કૃત) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| ચિહ્ન | ધીરેન્દ્ર મહેતા | 200 |
| તમે માનશો ? (લઘુનવલ) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| મનબંધણ | હંસરાજ સાંખલા | 425 |
| ફેસબૂકમાંના ચહેરાઓ | મનીષા ગાલા | 300 |

## વિવેચન/સંદર્ભસાહિત્ય

| | | |
|---|---|---|
| નંદશંકરથી ઉમાશંકર | ધીરેન્દ્ર મહેતા | 250 |
| દર્શક અને બીજા વિશે | ધીરેન્દ્ર મહેતા | 180 |
| કથા, તું બહુરૂપિણી ! | ધીરેન્દ્ર મહેતા | 240 |
| આઠે પહોર આનંદ રે... | દર્શના ધોળકિયા | 125 |
| નરસિંહ ચરિત્રવિમર્શ | દર્શના ધોળકિયા | 300 |
| શ્વાસમાં વાગે શંખ (ભક્તિકાવ્યોનો આસ્વાદ) | દર્શના ધોળકિયા | 225 |
| સહૃદય ધર્મ (અનંતરાય મ. રાવળના લેખો) | સંપા. દર્શના ધોળકિયા | 260 |
| અવધૂત આનંદઘન પદલહરી (આસ્વાદ) | માવજી કે. સાવલા | 110 |
| કચ્છી બોલી | મહેન્દ્ર સાકરચંદ દોશી | 140 |
| કચ્છીકવિતા - આસ્વાદના આલોકમાં | પ્રભાશંકર ફડકે | 80 |
| ધીણોધર સંભરન (કચ્છ વિષયક વાર્તાઓ, નિબંધો) | સંપા. વીનેશ અંતાણી | 240 |


## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૩ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- બે મહાનુભાવોની ચિર વિદાય : ટી. એન. શેષન ● ડૉ. એચ. એલ. ત્રિવેદી. ........ ૭
- અગત્યના દિન : રાષ્ટ્રીય અને વિશ્વ ........ ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૦

**YOUTH CLUB**

- Some Golden Rays ........ ૧૦

**લેખ**

**જ્ઞાન ભંડાર**

- ટેકનોએજમાં પણ પુસ્તકો એટલા જ પ્રસ્તુત છે ........ **ડૉ. યાસીન દલાલ** ..... ૧૧

**પરિવર્તન**

- બદલાવ એ સમયનો તકાજો છે ........ **ચંદ્રકાંત પટેલ 'સરલ'** .... ૧૩

**હમસફર**

- દોસ્તી ........ **સુનિતા એ. શાહ** .... ૧૫

**નવજીવન**

- ઝબકારો ........ **એમ.ડી. સોલંકી** .... ૧૮

**સાર્થકતા**

- જિંદગી ........ **ડૉ. મેહા સંઘવી** .... ૨૦

**તકાજો**

- વૃધ્ધત્વ : ગૌરવ અને ગરિમા ........ **શંકર એન. ઠક્કર,** નિવૃત્ત નાયબ કલેક્ટર ..... ૨૧

**આરોગ્ય**

- મારા ૭૧ વર્ષના મમ્મી સમજાવવા છતાં ........ **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** .... ૨૨
  કાંઈ સમજતા નથી, પોતાનું ધાર્યું કરે છે – (૨) **ડૉ. દિપ્તી શાહ (ગડા),** મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક
  વર્તન તથા માનસિક લક્ષણો
- થાઈરોઈડ ગ્રંથિના રોગો ........ **વૈદ્ય નિષ્ઠા ઠક્કર** .... ૨૪
- વધતી ઉંમર સાથે યાદશક્તિ ખોવાની બીમારી ........ ૨૫
- એચ.આઈ.વી. એઈડ્સથી બચવા રસી ........ ૨૫
- ટેસ્ટ ટ્યુબ બેબી ........ **ડૉ. સુધીર ચી. મોદી** .... ૨૬

**વાર્તા**

- ગુરુ પૂર્ણિમા! ........ **હરેશ ધોળકિયા** .... ૨૭
- મોહબ્બતનો જખમ ........ **મોહમ્મદ યુનુસ - નૂહમોહમ્મદ ગોલીબાર** .... ૩૦

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## જીવન સાથી

● ભા.... સાથે ભા – ની પસંદગી : ભાભાની વાર્તા........................**બલવીરસિંહ જાડેજા**.... ૩૪

## વિવિધ માહિતી

● ઝડપી પ્રાણી : ચિત્તો ● ટચ સ્ક્રીન ટેકનોલોજી ..... ૩૭
● ફેફસાંનું મુખ્ય કામ લોહી શુધ્ધ કરવાનું ● ટાઈટેનિક જહાજ ..... ૩૭
● સ્ટેચ્યુ ઑફ યુનિટી ..... ૩૮
● નાયબ સેક્શન ઑફિસર વર્ગ-૩ નું સિલેકશન કેવી રીતે થાય છે?.............. **હીરેન દવે**.... ૩૮
● ડિસ્ટન્ટ લર્નિંગ માટે કોર્સ અને યુનિવર્સિટી.............................**શબ્બીર અહેમદ ખત્રી**.... ૩૯
● નિવૃત્તિ નજીક હોય ત્યારે ક્યાં રોકાણ કરશો? ..... ૪૦
● ઈન્કમટેક્સ રિફંડ માટે... ..... ૪૧

## વૈવિધ્ય

● અન્ય સંસ્થાઓના સમાચાર ..... ૪૩
● ગેમ્સ ગેલેરી : જ્ઞાન સાથે ગમ્મત
અમિતાભ બચ્ચનની ૭૭મા વર્ષની મહાસભર ............................ **ભાવના એ. ઝવેરી**.... ૪૬
● હસ્તકલા ક્ષેત્રે કચ્છની ચાર મહિલાઓને એવોર્ડ જાહેર ..... ૪૭
● 'હેલ્લારો' – ટૂંક નિરીક્ષણ................................................... **ચિત્રસેન આર. શાહ**.... ૪૭
**નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જી.ઈ.બી.)**
● હળવું હાસ્ય .................................................................. **ગુલાબચંદ ડી. સાવલા**.... ૪૭

## મનોરમ્ય

● કચ્છી કાફી : વીટા જો વિજોગ : **રતુ (ભારછા), પ્રેષક : લીલાધર લખમશી વિસરીઆ** ... ૪૮
● ટીસ ઊઠતી રહે છે : **'આરસી શાહ'** ● કચ્છી હાઈકુ : **અરુણા અરુણ ઠક્કર** ............. ૪૮

## નિયમિત વિભાગો

● ***Nano Nine*** શબ્દ રમત-૧૫૮ ...................................**સંકલન : રજનીકાંત પારેખ**...... ૪૯
● ***Nano Nine Sudoku*** (ક્રમાંક : ૧૧૧૬)....................**સંકલન : રજનીકાંત પારેખ**...... ૫૧
● બાલુડેં જ્યું ગાલિયું .....................................**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**.... ૫૨
● વલોવતન ..................................................**સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**..... ૫૩
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
● સમાજ દર્પણ ..... ૫૪
● સંસ્થા સમાચાર ..... ૫૫

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# બે મહાનુભાવોની ચિર વિદાય

## ★ ટી. એન. શેષન ★ ડૉ. એચ. એલ. ત્રિવેદી

### ચૂંટણી સમયે ઐતિહાસિક આચારસંહિતા અંતર્ગત સુધારા અને પારદર્શિતા લાવનાર ટી. એન. શેષન (તીરુનેલ્લાઇનારાયના ઐયેર શેષન)

ભારતના ભૂતપૂર્વ ચૂંટણી કમિશનર શ્રી ટી. એન. શેષનનું ૮૭ વર્ષની વયે તા. ૧૦-૧૧-૨૦૧૯ના રોજ ચેન્નાઈમાં નિધન થયું હતું. શ્રી શેષન ધર્મપત્નીના નિધન બાદ આધ્યાત્મિક શાંતિ અને સંસારી ખલેલથી દૂર ચેન્નાઈના એક વૃદ્ધાશ્રમમાં રહેતા હતા અને ત્યાં જ તેમનું નિધન થયું હતું. ભારતમાં ૧૦મા મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી શેષન ચૂંટણીઓની પ્રક્રિયામાં સુધારા માટે ખૂબ જ જાણીતા હતા. તેમના સમયગાળામાં અનેક એવા સુધારા થયા, જે આજે પણ ચૂંટણીના સમયે ઉપયોગી થઈ રહ્યા છે. તેઓશ્રી ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૦થી ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૬ સુધી મુખ્ય ચૂંટણી કમિશનરના પદ પર રહ્યા હતા. રાજકારણના ફિલ્ડમાં તે સમયે એવું કહેવાતું હતું કે... રાજનેતાઓ ભગવાનથી ડરે અથવા તો શ્રી શેષનથી. શ્રી શેષને ભારતના પર્યાવરણ સેક્રેટરી, ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસના સેક્રેટરી, એટોમિક એનર્જીના વડા, કેબિનેટ સેક્રેટરી વગેરે પદો પર રહીને પોતાની કામગીરી સફળતાપૂર્વક બજાવી હતી. ૧૯૯૬માં તેમને રેમન મેગ્સેસે ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

- **તેમણે જ્યારે મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે પદ સંભાળ્યું તે દરમિયાન મતદાન ઓળખપત્રની શરૂઆત કરવામાં આવી હતી.**
- દેશમાં ચૂંટણીની પ્રક્રિયામાં તેમણે અનેક સુધારા કર્યા હતા.
- ચૂંટણીના સમયે પૈસા અને દાદાગીરી જેવા દૂષણોને તેમણે દૂર કર્યા હતા.
- શ્રી શેષને ચૂંટણીની પ્રક્રિયાના તમામ પાસાઓમાં સુધારા કર્યા હતા. તેઓ કહેતા હતા કે, આપણા કાયદા અને બંધારણ એટલા દીર્ઘદૃષ્ટિ સાથે બનેલા છે કે, મેં કાંઈ જ નવું નથી કર્યું. બધું જ તેમાં સમાવિષ્ટ છે.
- અન્ય અધિકારીઓ પોતાના અધિકારોનો ઉપયોગ કરવા ખચકાતા હતા ત્યારે **બંધારણે ચૂંટણી પંચને આપેલા સ્વાયત્તતા અને સત્તાના અધિકારોનો તેમણે ભરપૂર ઉપયોગ કરી બતાવ્યો હતો.**
- આ પ્રકારની કાર્યવાહીથી ચૂંટણી પંચની પ્રતિષ્ઠા સ્થાપિત કરીને એક આગવી ઓળખ તેમણે ઉભી કરી હતી.
- ઉમેદવારોના ચારિત્ર, આર્થિક સ્થિતિ, ગુનેગારની પાર્શ્વભૂમિકા - આ બધાની માહિતી એફિડેવિટ દ્વારા રજૂ કરવાની પ્રથા પણ તેમણે શરૂ કરી હતી. આમાં ખોટી માહિતી આપનાર અનેકની અરજી રદ થઈ હતી અને **કેટલાક તો ચૂંટાઈ આવ્યા પછી તેઓની ચૂંટણી રદ કરવાની હિંમત તેમણે દાખવી હતી.**
- શેષન પછીના ચૂંટણી કમિશનરો કબૂલ કરે છે કે શેષન સાહેબે એટલો ઉંચો માપદંડ ખડો કર્યો છે કે અમારા માટે તે રોડમેપ અને પ્રેરણા બંને છે. સુપ્રીમ કોર્ટ પણ અમને તે રીતે વર્તવાની ચીમકી આપે છે.

**જાહેર જનતાને પોતાના ઉમેદવારની શું લાયકાત છે તેની માહિતી મળવા લાગી.** શ્રી શેષને પોતાનો પદ સંભાળ્યો ત્યારે ચૂંટણીમાં થતી અનેક ગેરરીતિઓનું કલંક લોકશાહીને લાગ્યું હતું. પ્રત્યક્ષ મતદાન વેળા મતપેટીઓ ઉઠાવી જવી, મતગણતરી વેળા થતી ધાંધલ-ધમાલ... આ બધાંને લઈ ચૂંટણીઓ નિષ્પક્ષ નહીં થતી હોવાના આક્ષેપો

થતા હતા. શ્રી શેષને આ પ્રકારની તમામ ઊણપો દૂર કરીને ચૂંટણીને, મતદાનને પવિત્ર બનાવવાના સફળ પ્રયાસ કર્યા હતા. **ભારતની ચૂંટણીઓની દિશા અને દશા બદલવાનું ભગીરથ કાર્ય તેમણે કર્યું હતું.** નવાઈની વાત હતી કે, તેમના અગાઉના અધિકારીશ્રીઓ આ બાબતે કાંઈ જ કરી શક્યા ન હતા. તેઓ પોતાના અધિકારોનો ઉપયોગ પણ કરતા ન હતા. જ્યારે શ્રી શેષને સત્તાના અધિકારોનો યોગ્ય રીતે ઉપયોગ કર્યો હતો. **ચૂંટણીમાં સરકારી તંત્રનો મોટા પ્રમાણમાં થતો દુરુપયોગ પણ તેમણે અટકાવ્યો હતો.** એટલું જ નહીં, જાહેરમાં પોસ્ટરો ચિપકાવવાં, જાહેર દીવાલ પર સૂત્રો લખવા, બેનરો મૂકવા તેમજ પરવાનગી વિના ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવો નહીં વગેરે અનુક્રમે વ્યવસ્થા કરી તેમણે ભારે લોકચાહના મેળવી હતી. ઉમેદવારોનો રોજનો ખર્ચ ચૂંટણી પંચને નિયમસર આપવાનું ફરજિયાત બનાવી ઉમેદવારોના રોજિંદા થતાં બેફામ ચૂંટણી ખર્ચ પર તેમણે લગામ તાણી હતી. આમ, ચૂંટણી આયુક્ત તરીકે ચૂંટણીના નિયમોમાં અસરકારક ફેરફાર બનાવી સફળતાથી અમલમાં મૂકનારા, **ચૂંટણી પ્રક્રિયામાં અદ્‌ભુત ક્રાંતિ લાવવાવાળા તથા એક નિષ્ઠાવાન, ઇમાનદાર અને નિષ્પક્ષ વ્યક્તિત્વનાં કારણે શ્રી શેષન હંમેશાં યાદ રહેશે.** તેઓશ્રી કે.આર. નારાયણ સામે રાષ્ટ્રપતિની ચૂંટણી પણ લડ્યા હતા. શ્રી શેષને 'ડિજનરેશન ઑફ ઇન્ડિયા' નામથી પુસ્તક પણ લખ્યું છે જેમાં તેમણે પોતાની કારકિર્દીના પ્રસંગો અને અનુભવો વિશે જણાવ્યું છે.

શ્રી શેષનને સલામ!

## કિડની ટ્રાન્સપ્લાન્ટના પિતામહ ડૉ. એચ. એલ. ત્રિવેદી

અમદાવાદ સિવિલ હોસ્પિટલ - કિડની વિભાગના સ્થાપક અને વિશ્વભરના **૪૦૦થી વધુ** ટ્રાન્સપ્લાન્ટ કરનારા પદ્મશ્રી ડૉ. એચ. એલ. ત્રિવેદીનું ૯૦ વર્ષની વયે તા. ૦૨-૧૧-૨૦૧૯ના રોજ અમદાવાદ ખાતે નિધન થયું હતું. ડૉ. ત્રિવેદી છેલ્લા કેટલાક સમયથી બીમાર હતા. ડૉક્ટરોના અહેવાલ મુજબ ડૉ. ત્રિવેદીના મગજના જ્ઞાનતંતુ સૂકાઈ ગયા હતા અને તેમને પાર્કિન્સન્સ નામની બીમારી પણ હતી.

ડૉ. ત્રિવેદીએ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૧૯૯૦માં કિડની હોસ્પિટલની સ્થાપના કરી હતી. **૧૯૯૨થી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તેમના નેજા હેઠળ કિડની સંબંધી ઓપરેશન શરૂ કરી દેવાયા હતા.**

વિશ્વભરમાં તબીબી ક્ષેત્રે માનવ કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે જાણીતા બનેલા ડૉ. ત્રિવેદીનું પૂરું નામ ડૉ. હરગોવિંદ લક્ષ્મીદાસ ત્રિવેદી હતું અને જૂનાગઢના ચોરવાડ ગામના વતની હતા. શરૂઆતમાં તેમણે બી.જે. મેડિકલ કોલેજમાં અધ્યાપક તરીકે ફરજ બજાવી હતી. ત્યારબાદ તેઓ કેનેડા ગયા હતા. પરંતુ પોતાના વતનની યાદ તેમને ફરી ગુજરાત ખેંચી લાવી હતી. ત્યારબાદ અમદાવાદમાં સિવિલ હોસ્પિટલમાં કિડની હોસ્પિટલની શરૂઆત કરી હતી. ત્યાં અસંખ્ય દર્દીઓને બીમારીના બિછાનેથી દોડતા કર્યા હતા.

ડૉ. ત્રિવેદી જ્યારે કેનેડા છોડીને ભારત આવી રહ્યા હતા ત્યારે એક દરજી પરિવાર તેમના પાડોશી તરીકે રહેતું હતું. એક સમયે દરજી પરિવારે ડૉ. ત્રિવેદીને કહેલું કે, તમે જ્યારે મકાન વેચવા કાઢો ત્યારે મારે ખરીદવું છે. ડૉ. ત્રિવેદીએ આ વાત યાદ રાખી હતી. તેમનું મકાન કરોડોમાં ખરીદવા અનેક લોકો તૈયાર હતા. આમ છતાં, ડૉ. ત્રિવેદીએ પોતાના પાડોશી દરજીને બોલાવીને કહ્યું કે આ મકાન તમારે ખરીદવાનું છે. દરજીએ કહ્યું, 'સાહેબ, અત્યારે મારી આર્થિક સ્થિતિ એવી નથી કે હું આપનું મકાન ખરીદવાની વાત કરું.' ત્યારે ડૉ. ત્રિવેદી સાહેબે કહ્યું હતું... 'કેટલા પૈસા છે તમારી પાસે?' દરજીએ કહ્યું, 'મારી પાસે ફક્ત ૧૮૮ ડોલર છે.' આટલા શબ્દો સાંભળીને ડૉ. ત્રિવેદી કહે છે... 'બસ, આટલી જ રકમમાં મારે આ મકાન વેચવાનું છે.' આ રીતે તે મકાન મફતના ભાવે જ આપ્યું કહી શકાય. **આ મહાન વિભૂતિએ ડોલર સામે ના જોયું અને ગરીબોની સેવામાં બાકીનું જીવન વ્યતીત કરવાનું નક્કી કરી લીધું** અને તે માટે કાયમી ધોરણે ભારત આવી ગયા હતા.

ગુજરાતના ઘણા ડૉક્ટર્સે વિવિધ પ્રકારના તબીબી ક્ષેત્રમાં સારી નામના પ્રાપ્ત કરી છે. તેમાં ડૉ. એચ. એલ. ત્રિવેદીનું સ્થાન અગ્ર સ્થાને આવતું હતું. ડૉ. ત્રિવેદી વિદેશમાં પોતાની ધીકતી પ્રેક્ટિસ, પ્રતિષ્ઠાભર્યું સ્થાન તથા

પોતાની મિલ્કત છોડીને વતનના લોકોની સેવા કરવા માટે પરત આવ્યા હતા.

**ભારતભરમાં ન હોય તેવી કિડની હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર અમદાવાદમાં ઊભું કરનાર ડો. ત્રિવેદીના નેતૃત્વ હેઠળ ૨૬ વર્ષમાં લગભગ ૫,૦૦૦ કરતાં વધારે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા હતા.** આશરે ૧૨૫ ડૉક્ટર્સ અને ૬૦૦નો સ્ટાફ ધરાવતી અમદાવાદની આ કિડની ઇન્સ્ટિટ્યૂટ આજે વૈશ્વિક સ્તરે ખૂબ પ્રસિદ્ધ છે. ડૉ. ત્રિવેદીનો જન્મદિન 'કિડની દર્દી કલ્યાણ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ભારત સરકાર દ્વારા ડૉ. એચ. એલ. ત્રિવેદીને તેમની તબીબી ક્ષેત્રની ઉત્કૃષ્ટ કામગીરીને ધ્યાનમાં લેતાં વર્ષ ૨૦૧૫માં પદ્મશ્રી ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

તબીબી ક્ષેત્રની અનેક ઉમદા સેવાને ધ્યાનમાં લેતાં ડૉ. ત્રિવેદીને ભાવભરી પુષ્પાંજલિ.

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

### માસ : ડિસેમ્બર

૦૧ બીએસએફ સ્થાપના દિન
૦૨ પ્રદૂષણ નિવારણ દિન
૦૪ નૌસેના દિન
૦૬ નાગરિક સુરક્ષા દિન
૦૭ સશસ્ત્ર સેના ધ્વજ દિન
૦૮ મંદબુદ્ધિનાં બાળકો માટેનો દિન
૦૯ બાલિકા દિન
૧૪ ઊર્જા સંરક્ષણ દિન
૧૫ સરદાર પટેલ પુણ્યતિથિ
૨૩ કિસાન દિન (ચૌધરી ચરણસિંહ જન્મદિન)
૨૪ રાષ્ટ્રીય ગ્રાહક દિન
૩૧ ઈસુના નવા વર્ષની પૂર્વ સંધ્યા

### માસ : જાન્યુઆરી

૦૧ નૂતન વર્ષ દિન
૦૯થી ૧૧ : પ્રવાસી ભારતીય દિન
૧૧ લાલબહાદુર શાસ્ત્રી પુણ્યતિથિ
૧૨ યુવા દિન (સ્વામી વિવેકાનંદનો જન્મદિન)
૧૪ મકરસંક્રાંતિ દિન
૧૫ થલ સેના દિન
૨૩ દેશપ્રેમ દિન (સુભાષચંદ્ર બોઝનો જન્મદિન)
૨૫ મતદાન દિન
૨૬ પ્રજાસત્તાક દિન
૩૦ શહીદ દિન (મહાત્મા ગાંધી પુણ્યતિથિ)
રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન

## વિશ્વ : અગત્યના દિન

### માસ : ડિસેમ્બર

૦૧ વિશ્વ એઇડ્સ દિન
૦૩ વિશ્વ વિકલાંગ દિન
૦૮ મંદબુદ્ધિનાં બાળકો માટેનો દિન
૦૯ બાલિકા દિન
૧૦ વિશ્વ માનવ અધિકાર દિન
૧૧ યુનિસેફ દિન
૩૧ ઈસુના નવા વર્ષની પૂર્વ સંધ્યા

### માસ : જાન્યુઆરી

૦૧ નૂતન વર્ષ દિન
૧૦ વિશ્વ હાસ્ય દિન
૩૦ શહીદ દિન (મહાત્મા ગાંધી પુણ્યતિથિ)
વિશ્વ કસ્ટમ દિન

# આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● સોમવાર, તા. ૨૫-૧૧-૨૦૧૯થી દરેક સોમવારથી શુક્રવાર | નવનીત ભવન, આણંદજી કલ્યાણજીની પેઢી, બહેરામપુરા, અમદાવાદ. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ગૃહ ઉદ્યોગ સમિતિ | કોમ્પ્યુટર ક્લાસીસ તથા સિલાઈ તાલીમના વર્ગ |
| ● તા. ૦૩-૧૨-૨૦૧૯થી તા. ૧૪-૧૨-૨૦૧૯ | પ્રસ્થાન : અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ | શિખરજી પંચતીર્થી ભાગલપુર સાથે બનારસ યાત્રા પ્રવાસ |
| ● રવિવાર, તા. ૧૫-૧૨-૨૦૧૯ બપોરે ૩.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પુરસ્કાર સમિતિ | ધોરણ-૧૦ અને તેની ઉપરના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સાથે ઈનામ વિતરણ કાર્યક્રમ |
| ● મંગળવાર, તા. ૧૭-૧૨-૨૦૧૯ સવારે ૦૬.૦૦ વાગે | પ્રસ્થાન : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિ | એક દિવસની પિકનિક |
| ● મંગળવાર, તા. ૩૧-૧૨-૨૦૧૯ રાત્રે ૦૮.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ | *Bye Bye 2019 – Welcome 2020* કાર્યક્રમ |
| ● તા. ૦૩-૦૧-૨૦૨૦થી તા. ૦૫-૦૧-૨૦૨૦ | પ્રસ્થાન : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ | જવાઈ ડેમ ટ્રેકિંગ એન્ડ એડવેન્ચર ટુર |
| ● મંગળવાર, તા. ૦૭-૦૧-૨૦૨૦ બપોરના ૨.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મહિલા ઉત્કર્ષ સમિતિ | હોમ ગાર્ડનિંગ વિશે પાયાની સમજ |

*નોંધ : ઉપરોક્ત કાર્યક્રમોની વિગતવાર માહિતી સામાન્ય રીતે સંસ્થા સમાચાર વિભાગમાં જે તે સમિતિના અહેવાલમાં ઉપલબ્ધ હોય છે.*

## YOUTH CLUB

***SOME GOLDEN RAYS....***

I asked an elderly gentleman,
tell me Sir, which field could I
make a great career?
He said with a smile –
"be a good human being, there is a
huge opportunity in this area and
with very little competition!"

Good behaviour doesn't have any monetary value but it has the power to purchase million hearts.

There is a purpose for everyone you meet. Some people come into your life to test you, some to teach you, some to use you and some to bring out the very best in you.

The harder you work for something, the greater you'll feel when you achieve it.

No matter how stormy life gets, never let it bring you down. Always smile and be thankful because God woke you up today and every days is a blessing....

જ્ઞાન ભંડાર

# ટેકનોએજમાં પણ પુસ્તકો એટલા જ પ્રસ્તુત છે



ડૉ. યાસીન દલાલ

પુસ્તક વિશે એવું કહેવાય છે કે, એ એકાંતનો સાચો મિત્ર છે. ટી.વી. ઉપર ટ્રાવેલ વિભાગમાં ભાવનગરની બાર્ટન લાઈબ્રેરીનો કાર્યક્રમ જોયો હતો. એક વખતે શ્રી બુચ એના ગ્રંથપાલ હતા. પ્રભાશંકર પટણીએ આ લાઈબ્રેરી શરૂ કરાવી હતી એવું મનાય છે. આ લાઈબ્રેરી માટે ખૂબ ઉદારતાથી અંગ્રેજ સરકારે ગ્રાન્ટ આપેલી. એમાં હજારો પુસ્તકો આજે પણ છે. વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૨૦૦/- છે. ત્યાં બેસીને સામયિકો વાંચવાની કોઈ કિંમત નથી.

દેશમાં કેટલીક સેન્ટ્રલ લાઈબ્રેરીઓ છે. દિલ્હીમાં એનું વડુમથક છે. મુંબઈમાં હોરનિમન સર્કલ પાસે સેન્ટ્રલ લાઈબ્રેરી છે. આપણા ઈતિહાસનું સૌથી પ્રથમ સામયિક જેમ્સ ઓગસ્ટ હિકીનું 'જર્નલ' હતું જે અલ્પજીવી નીકળ્યું. હિકી એક અંગ્રેજ હતો અને વાઈસરોય વિરુદ્ધ બહુ લખતો એટલે તાત્કાલિક એને ફરીથી ઈંગ્લેન્ડ મોકલી દેવાયો. **આપણું પ્રથમ અખબાર રાજા રામમોહન રાયનું 'સંવાદ કૌમુદી' હતું** જે બંગાળી, પર્શિયન તથા અંગ્રેજી – એમ ત્રણ ભાષામાં આવતું. આ સામયિક સુધારાવાદી હતું.

લાઈબ્રેરીમાં પુસ્તકોના પ્રકાર માટે આંતરરાષ્ટ્રીય ધોરણે દેવી. ડેસીમલ ક્લાસીસ નામનો માપદંડ છે. તેના દસ મુખ્ય વિભાગ છે. જેમાં જગતના મોટાભાગના પુસ્તકો આવી જાય છે. આ પ્રકારમાં ભાષા, વિજ્ઞાન, કલા, સાહિત્ય તથા કોમ્પ્યુટર સાયન્સનો સમાવેશ થઈ જાય છે. વિજ્ઞાન કથા લખવા માટે જાણીતા સર આઈજેક આસીમોવ એકમાત્ર એવા લેખક છે કે જેમણે તમામ પ્રકારોમાં વેચી શકાય એવા પુસ્તકો લખ્યા છે. અમેરિકન નવલકથા લેખિકા અને કવિયત્રી એલીસ બ્રાઉને ૧૮૮૭માં 'ફુલ ઓફ નેચર' નામની નવલકથા લખી, જે વિશ્વની સૌપ્રથમ બેસ્ટ સેલર હતી.

**અમદાવાદ કરતા બિહારમાં પુસ્તક મેળામાં પુસ્તક વધુ વેચાય છે.** મરાઠી અને બંગાળી ભાષા આ બાબતમાં આગળ છે. અંગ્રેજી પુસ્તકો પણ વધુ વેચાય છે. ભારતમાં અંગ્રેજી ભાષી લોકો વસતા નથી છતાં અંગ્રેજીમાં પ્રગટ થતાં પુસ્તકો વધુ વેચાતા હોય એ આપણા માટે શરમની વાત છે. આપણે ત્યાં કોઈપણ ભાષામાં પ્રગટ થતાં પુસ્તકોની નકલો બહુ મોટી સંખ્યામાં છપાતી જ નથી. વસતીના પ્રમાણમાં ખરીદ શક્તિના આંકડામાં અને પુસ્તકની પ્રિન્ટ ઓર્ડરની તુલના કરવી જોઈએ. માનવજાતના વિકાસમાં પુસ્તકોનો પ્રવેશ ઘણો મોડો થયો હતો. પુસ્તક લખવાનું કામ વહેલું શરૂ થયું હશે પણ એની હસ્તપ્રત એના લેખક પાસે પડી રહેતી હશે. મુદ્રણની શોધ થઈ એ પછી પુસ્તકનું વેચાણ શરૂ થયું. પુસ્તક ખરીદી એ દીર્ઘ પરંપરા ધરાવતી નથી. આજે પુસ્તકે ઘણી પ્રગતિ કરી છે પણ અત્યારે જે પુસ્તકો વેચાય છે એમાં ખરેખર ઉચ્ચ કક્ષાના પુસ્તકો કેટલા? આપણે જે પુસ્તકો વાંચીએ છીએ એમાં ફલાણી વસ્તુ કેમ બનાવવી અથવા ફલાણી વાનગી કેમ બનાવવી અથવા મોટર બગડી ગઈ હોય તો કેમ રીપેર કરવી એ મુખ્ય હોય છે. પુસ્તક ખરીદે છે ત્યારે વૈચારિક ઉચ્ચકક્ષાએ કેમ પહોંચવું એના કરતા માણસ માટે મનોરંજન વધારે અગત્યનું હોય છે.

**ગુજરાતમાં માર્કેટિંગ કરનારી અને વેચાણની વ્યવસ્થા કરનારી સંસ્થાની વધુ જરૂર છે.** એ સંસ્થા પુસ્તકોનું પ્રકાશન નહીં પણ ફક્ત વેચાણ જ કરતી હોય અને પ્રકાશકોને વેચાણમાં મદદ પણ કરતી હોય. આમ કરવાથી ધ્યાન બે પ્રવૃત્તિઓમાં વહેંચાઈ નહીં જાય અને વેચાણની નવી નવી પદ્ધતિઓ અને નુસખા શોધવાનું સરળ રહે. આ વિચાર ઘણા સમયથી વહેતો થાય છે. કેરળમાં સહકારી પદ્ધતિથી પણ પ્રકાશન થાય છે.

ગુજરાતી વાચક પુસ્તક ઓછા ખરીદે છે એનું બીજું કારણ પુસ્તકની વધુ કિંમત પણ હોય છે. અત્યારે વિડંબના એ છે કે સિનેમાની ટિકિટ સો-દોઢસોની આસપાસ હોય છે ત્યારે એટલી કિંમતમાં એક પુસ્તક સહેલાઈથી ખરીદી શકે. સિનેમા જોવા માટે વાહનખર્ચ કરવું પડે એ વધારામાં. આમ, ગુજરાતમાં પુસ્તક ખરીદવાની કોઈ ફેશન જ નથી ઊભી થઈ. પુસ્તક એવી ચીજ નથી કે જે ખરીદવા વાચક આવે. બીજી બધી ચીજો ખરીદવા વાચક સામેથી આવે છે પણ પુસ્તક ખરીદવા એને બોલાવવો પડે છે.

અંગ્રેજીમાં જહોન મિલ્ટન નામના કવિનું 'પેરેડાઈઝ લોસ્ટ' નામનું મહાકાવ્ય બહુ પ્રચલિત છે. એમણે એમાં આઠ હજાર શબ્દો વાપર્યા છે. દસ હજાર પંક્તિઓ અને એ દસ ભાગમાં

વહેંચાયેલું છે. ૧૬૬૭માં એની પહેલી આવૃત્તિ આવી. ૧૬૭૪માં બીજી આવૃત્તિ આવી ત્યારે સુધારા થયા અને બાર ભાગમાં પુસ્તક વહેંચાઈ ગયું.

અમેરિકાના જહોન બેનહામ નામના એક સજ્જન પુસ્તકોના ભારે શોખીન છે. એમણે ઘરમાં એક લાઈબ્રેરી બનાવી છે. **એમાં પંદર લાખ પુસ્તકો છે.** આટલા વધુ પુસ્તકો બીજા કોઈના નામે નથી. વાસ્તવિક્તા એ છે કે એમના ઘરમાં પુસ્તકો નથી પણ પુસ્તકો વચ્ચે જે જગ્યા છે એનો વપરાશ ઘર તરીકે કરે છે. **અંગ્રેજી લેખિકા બાર્બરા આજની તારીખે વિશ્વના સૌથી વધુ વેચાતા લેખિકા છે. એમની ૭૨૩ નવલકથાઓની અત્યાર સુધીમાં ૬૦ કરોડથી વધુ નકલો વેચાઈ ચૂકી છે. ૩૬ ભાષાઓમાં એનો અનુવાદ થયો છે.** બીજા લેખિકા કાર્ટલેન્ડે એક વરસમાં ૨૩ નવલકથાઓ લખી નાખી હતી. આમ દર ૧૬ દિવસે એક નવલકથા થઈ. એક વરસમાં સૌથી વધુ નવલકથા લખી હતી. ૧૯૦૧માં જન્મેલા બાર્બરાએ દમામદાર જિંદગી ભોગવી. ૨000ની સાલમાં ૯૮ વરસની વયે ગુજરી ગયા. અલબત્ત મૃત્યુ વખતે તેઓ અડધો ડઝન નવલકથાઓ મૂકતા ગયા હતા જે પાછળથી છપાઈ. **અગાથા ક્રિસ્ટીનું નાટક 'ધી માઉસ ટ્રેપ' ૧૯૯૫થી લંડનમાં એક થિયેટરમાં ભજવાઈ રહ્યું છે. અત્યાર સુધીમાં તેના ૨૫ હજારથી વધારે શો થઈ ચૂક્યા છે.**

ઈતિહાસનું એ સૌથી લાંબુ ચાલનારું અને ચાલી રહેનારું નાટક છે. અગાથા ક્રિસ્ટી ક્રિમિનલ વાર્તાઓ લખવા માટે જાણીતા છે. આ નાટક એવું જ છે. જો કે એમને પોતાને એવું લાગતું હતું કે નાટક આઠ મહિનાથી વધુ નહીં ચાલે. બ્રિટનના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલને ૧૯૫૩માં સાહિત્યનું નોબેલ ઈનામ મળ્યું હતું. એ જ રીતે સેક્સપિયર પણ મોટા લેખક હતા. એટલા જ મોટા લેખક હતા ચાર્લ્સ ડિકન્સ. બંનેએ જેટલા શબ્દો લખ્યા છે એનાથી વધુ શબ્દો એકલા ચર્ચિલે લખ્યા હતા. એમણે ૪૦ પુસ્તકો સાથે ૮૦ લાખથી એક કરોડ શબ્દો લખ્યા છે.

'ધી બર્ડસ ઑફ અમેરિકા' નામનું પુસ્તક જેમ્સ એડબોન નામના અમેરિકી પ્રાણીશાસ્ત્રીએ ૧૮૩૮માં લખ્યું હતું. એમાં અમેરિકાના પક્ષીઓની વાત છે. એની સાઈઝ સવા ત્રણ ફુટ લંબાઈ અને પહોળાઈ બે ફુટથી વધુ છે. એ જમાનામાં ટેકનોલોજી નહોતી. એટલે પક્ષીઓના રંગીન ચિત્રો હાથેથી દોરેલા છે. ૨૦૧૦માં તેની હરાજી થઈ ત્યારે એક લાખ સિત્તેર હજાર ડોલર ઉપજ્યા હતા. અત્યારે એની ૧૨૦થી વધુ નકલો પ્રાપ્ય નથી.

ગુજરાતીમાં ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' સૌથી વધુ વેચાઈ છે. એની પેપરબેક આવૃત્તિ સસ્તી છે અને એના વાચકો પણ ઘણા છે. જો કે આ બાબતમાં રેકોર્ડ ભાવનગરના શ્રી મહેન્દ્ર મેઘાણીનો છે. તેઓ ઝવેરચંદ મેઘાણીના પુત્ર થાય. અવારનવાર તેઓ નવા નવા વિષયો વીણીને પુસ્તક છપાવે છે અને પડતર કિંમતે વેચે છે. ખૂબીની વાત એ છે કે એમની પ્રેસનોટ વાંચીને ચારેબાજુથી આગોતરા ગ્રાહકો નોંધાઈ જાય છે.

**ગુજરાતીની પહેલી નવલકથા નંદશંકરની 'કરણ ઘેલો' હતી.** 'સાસુ-વહુની લડાઈ' પણ સાથે જ પ્રગટ થઈ. મહિપતરામે 'વનરાજ ચાવડા' અને 'સધરા જયસંગ' નામની બે ઐતિહાસિક નવલકથા પણ લખી છે. ગાંધીજીની વાત નીકળી છે તો એ પણ જાણી લઈએ કે આજ સુધીમાં દેશની ૧૯ ભાષા અને વિદેશની ૨૫ ભાષામાં એમના અનુવાદ થયા છે. અંગ્રેજી અનુવાદને બાદ કરતા એક પણ અનુવાદ એમની હયાતીમાં પ્રગટ થયો નહોતો. ૧૯૨૭માં મૂળ પુસ્તક પ્રગટ થયું એના પછી એની ચાર લાખ એકત્રીસ હજાર નકલ વેચાઈ ગઈ છે.

અંગ્રેજી અનુવાદ મહાદેવ દેસાઈએ કરેલો. પણ ખૂબીની વાત એ છે કે ગુજરાતી કરતા મલયાલમ ભાષામાં એની વધુ નકલો એટલે કે પાંચ લાખ નકલો વેચાઈ ગઈ છે.

**આજ સુધીમાં દુનિયાની ૪૩૮ ભાષામાં સંપૂર્ણ બાઇબલનો અનુવાદ મળે છે.** આ ઉપરાંત બાઈબલનો નવો કરાર અને જૂના કરારમાંથી ૧૬૬૮ ભાષામાં અનુવાદ થયો છે. ૮૪૮ ભાષા એવી છે કે જેમાં દુનિયાના બાઈબલના કોઈપણ અંશનો અનુવાદ થયો છે. ગુજરાતી ભાષામાં ૧૯મી સદીના આરંભે જ અનુવાદ થઈ ચૂક્યો હતો. લંડન મિશનરી સોસાયટીના બે પાદરીઓએ આ અનુવાદ કર્યો હતો. ૧૮૧૫માં રેવરન્ડ સ્કીનરે અને એમના સાથીદાર વિલિયમ ફાઈવી સુરત પહોંચ્યા. એમણે ગુજરાતી કોષ અને વ્યાકરણ તૈયાર કર્યા અને બાઈબલનો ગુજરાતી અનુવાદ કર્યો. એને માટે સુરતમાં છાપખાનું શરૂ કર્યું જે ગુજરાતનું પહેલું છાપખાનું હતું.

કાર્લ માર્કસના એક પુસ્તકે આખી દુનિયા બદલી નાખી. 'દાસ કેપિટલ' નામના એક પુસ્તકે અડધી દુનિયામાં ક્રાંતિ કરી.

હજારો વરસ પહેલા એરિસ્ટોટલ, પ્લેટો અને સોક્રેટિસે આપેલી ફિલોસોફી આજે પણ પ્રસ્તુત છે. સોક્રેટિસના સંવાદો કદી ભૂલાશે નહીં. એરિસ્ટોટલ અને પ્લેટોના પુસ્તકો પણ યાદગાર છે. એમાં પણ 'પોએસ્ટિક' નામનું પુસ્તક અમર છે.

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

પરિવર્તન

# બદલાવ એ સમયનો તકાજો છે



ચંદ્રકાંત પટેલ 'સરલ'

બદલાવ એ પ્રકૃતિ અને સંસારનો નિયમ છે. જગતની કોઈ વસ્તુ કે પદાર્થ - જીવ એવો નથી કે જેનામાં થોડોઘણો બદલાવ ન આવ્યો હોય. સમયે સમયે દરેકમાં નાના-મોટા બદલાવ આવ્યા જ કરે છે. માનવમાં સમજદારી આવે છે, પછી જ સંકટો દાખલ થાય છે. અને આ સંકટોના ઘાવથી ઘડાઈને માણસ પરિવર્તન - બદલાવ પામે છે. તે જ રીતે પ્રકૃતિ પણ વાતાવરણના ઘાવથી ઘડાઈને બદલાવ પામે છે. ઓજસ, નૂર અને તેજ — આ બધું માણસના સ્વભાવ પ્રમાણે પરિવર્તન પામતું રહે છે ને ચહેરા પર દેખાતું રહે છે.

**જિંદગીમાં બદલાવ જરૂરી છે. બદલાવ વગરનો માણસ એક ખીલ્લા કે નિર્જીવ સ્થંભ સમાન જ છે. સમયે સમયે બદલાવ લાવવો એ જીવનની ઉર્ધ્વગતિને ઉઘાડતી પ્રક્રિયા અને દિશા છે. બદલાવ એ એક હોકાયંત્ર છે ને તે નવી દિશા તરફ જીવનની નાવને લઇ જાય છે.**

શંકા, વહેમ, ઈર્ષ્યા અને અદેખાઈએ આજે માણસને ઘેરી લીધો છે. આ બધા તત્ત્વપદાર્થો માણસને અવિશ્વાસુ અને નિરુત્સાહી બનાવી રહ્યા છે. અકારણ ઉત્સાહને ગુમાવીને માણસ નિરુત્સાહને જ પંપાળી રહ્યો છે. તેને સારું જોવા, જાણવાની ઈચ્છા તો થાય છે પરંતુ જોયા પછી તેમનો આંતરિક ટીકા ટીપ્પણયુક્ત સ્વભાવ ઉછળે છે અને દરેક દશ્ય વસ્તુઓમાં તેને ખામીઓ - ત્રુટીઓ જ દેખાવા લાગે છે. માણસની આ એક વિકૃતિ જ કહેવાય. અને આ વિકૃતિ જ માણસનો આંતરિક - મૂળ ઢાંચો બદલવા દેતી નથી.

જળનો પ્રવાહ પણ સમયે સમયે બદલાય છે કારણકે બદલાવ લાવ્યા વિના જો પોતાના એક જ સ્થાને વહ્યા કરે તો તે અશુધ્ધ થઈ જઇને બદબૂ ફેલાવા લાગે છે. શુદ્ધતા યથાવત્ રાખવા માટે જ તે પોતાનો બહાવ માર્ગ બદલે છે. તે રીતે બીજક બદલાઈને અંકુર થાય છે. અંકુર બદલાઈને છોડ થાય છે અને છોડ બદલાઈને મોટું વૃક્ષ થાય છે. આ બધા બદલાવ તેને ઊંચી ભૂમિકા પર લઈ જાય છે.

**માણસે પણ ઊંચી ભૂમિકા પ્રાપ્ત કરવા માટે પરંપરાઓ, જીવનશૈલી અને આચાર-વિચાર-સ્વભાવ વગેરેમાં બદલાવ લાવવો જોઈએ.** જે મોડો બદલાય છે તેની પ્રગતિ પણ મોડી શરૂ થાય છે. દરેકે ક્ષણેક્ષણે બદલાવું જોઈએ અને બદલાવના નવા વાઘા સાથે ચાલવું જોઈએ. જૂની ઘરેડ જો ગળું રૂંધતી હોય તો તેમાં પણ બદલાવ લાવવો જોઈએ.

આપણે આપણી યુગોથી ચાલી આવતી પરંપરાઓનું જતન કરતા જ રહ્યા છીએ. જૂની પરંપરાઓને નવા વસ્ત્રો પહેરાવીને તેને પોષી રહ્યા છીએ અને અકારણ નાણાંનો દુર્વ્યય કરી રહ્યા છીએ. આ પરંપરાઓ જોડવાને બદલે તોડવાનું કામ વધારે કરે છે. તેની અસરો બહુગામી હોય છે. આપણા પૂર્વજોના સમયમાં આ પરંપરાઓ યોગ્ય હોય એમ સમજી શકાય છે, પણ સમય - બદલાવ સાથે હવે તે રિવાજો આજના સમયમાં અનુકૂળ જણાતા નથી.

માણસ સમજણ, ઉપદેશ કે શિખામણથી કદી પણ બદલી શકતો નથી કે સુધરી શકતો નથી. જો એમ જ હોય તો આજે ગામોગામ રોજ કથા, વાર્તાઓ અને ઉપદેશો થાય જ છે છતાં કોઈના જીવનમાં પરિવર્તન આવતું નથી. લેખકોએ લખેલા લેખો વાંચીને પણ કોઈએ તેનો ધડો લઇને પોતાના જીવનમાં નવો માર્ગ કર્યો નથી. મંદિરોમાં ભક્તોની ભીડ જામે છે પરંતુ કોઈએ ભગવાનને પોતાનામાં જીવાડ્યો નથી. મંદિરની બહાર આવતાની સાથે જ ભક્તજનો ભગવાનને ભૂલી તૃષ્ણામાં ડૂબી જાય છે.

માણસમાં નૈતિક બદલાવને બદલે ભૌતિક બદલાવ વધારે દેખાય છે. **મોટું, વિશાળ અને આધુનિક મકાન બાંધવું એ બદલાવ નથી. પરંતુ મકાન ભલે નાનું હોય પણ મકાનમાંથી ઘરનું નિર્માણ કરવું એનું નામ બદલાવ.** મકાન ઈંટ, ચૂના, પથ્થરથી બને છે જ્યારે ઘર પ્રેમ, લાગણી, વાત્સલ્ય અને સંવેદનાથી ચણાય છે અને પરિવાર ભાવનાથી ટકી રહે છે.

સ્મશાનમાં મડદાને બાળવા જતા ડાઘુઓ જ્યારે સ્મશાનમાં બેઠા હોય ત્યારે તેને વૈરાગ્યના વિચારો જ આવ્યા કરે છે. જગતની માયા તેને કડવી લાગવા માંડે છે અને ઈશ્વર એ જ સત્ય છે એ જ્ઞાન થવા લાગે છે. પણ સ્મશાન છોડ્યા પછી બહાર નીકળતાની સાથે જ એ મસાણિયો વૈરાગ્ય અને

બદલાવ નષ્ટ થઇ જાય છે. સ્મશાનમાં જે વિચાર - બદલાવ તેને આવ્યો હતો તે માનસિક હતો. બહાર આવ્યા પછી માનસિક વિચારો પર ભૌતિક માયાનું આવરણ ચડી જતાં તેને જગત મીઠું લાગવા માંડે છે.

માણસને જો વધારે કોઈ નડતું હોય તો તે છે તેનો સ્વભાવ. પ્રથમ બદલાવ આ સ્વભાવનો કરવો. પછી વાણી અને વર્તનમાં બદલાવ કરવો. ત્યારબાદ સામાજિક વ્યવહારોમાં ખામી દેખાય ત્યાં બદલાવ કરવો. કારણકે વ્યવહારોમાં સ્વભાવ મોટો ભાગ ભજવતો હોય છે. અને છેલ્લે, **નજરને બદલો. સમદૃષ્ટિથી જગતને જોવા માંડો. ક્યાંક વિકૃતિ નહીં લાગે. જગત આખું રળિયામણું લાગવા માંડશે.**

જીવનમાં બદલાવ અતિ આવશ્યક છે. પરંતુ એવો બદલાવ ન કરો કે જે તમને અને તમારા જીવનને હાનિ પહોંચાડે. આદિ કાળની એક કથા વગર વિચાર્યે કરેલા બદલાવની અહીં રજૂ કરી છે. વાચકને સંતૃપ્ત અને નવા બદલાવ તરફ દોરી જશે.

આદિકાળમાં સત્ય એ જ માનવીનું જીવન હતું. માણસ સત્યના સહારે જીવતો હતો. અસત્ય શું છે તેની તેને ખબર જ ન હતી. માણસના આવા સદ્‌ગુણોને જોઇને શેતાન ભારે દુઃખી હતો. તે માણસની અડખે - પડખે ઘૂમ્યા કરતો ને પોતાનું ઘર શોધ્યા કરતો હતો. જો સંસારમાં સદ્‌કાર્યો જ ચાલુ રહેશે તો પોતાની રહેવાની જગ્યા જ નહીં રહે એવા વિચારથી એક દિવસ શેતાને તેજસ્વી રૂપ ધારણ કર્યું ને માણસ પાસે જઇને બોલ્યો, 'હે માનવ! તમારા માનવલોકો તો સાવ ગાંડા જેવા છે. તમે માત્ર એક જ કાર્ય કરો છો. બીજા કામ તરફ ધ્યાન પણ નથી આપતા. તમે બે આંખથી જુઓ છો, બે કાનથી સાંભળો છો અને બે હાથથી કામ લો છો. ભગવાને આપેલા બે બે અંગોમાં એક અંગને પણ આરામ નથી આપતા. શું એક આંખથી ન જોઈ શકાય? એક કાનથી ન સાંભળી શકાય? અને એક હાથથી શું કામ ન લઈ શકાય? તમે બે બે અંગોને શા માટે તકલીફ આપો છો. એક એક અંગથી કામ લઈ બીજાને આરામ આપો. બંને અંગો વાપરવા એ મૂર્ખાઇ છે...'

માનવે શેતાનની વાત સાચી માની લીધી અને એ દિવસથી જ મનુષ્ય એક આંખથી જોવા લાગ્યો, એક કાનથી સાંભળવા લાગ્યો અને એક હાથથી કામ લેવા લાગ્યો. આથી પરિણામ એ આવ્યું કે નવરા પડેલા બીજા અંગોનો કબજો આ શેતાને લઇ લીધો. પછી માણસની આંખોએ સારા સાથે નરસાપણાને પણ જોવા માંડ્યું. એના કાને સત્યની સાથે અસત્યને પણ સાંભળવું શરૂ કર્યું અને એના હાથે સત્કર્મની સાથે પાપકર્મ પણ કરવા માંડ્યું. અને પછી માણસ એટલો બધો અટવાઈ ગયો કે આ ભૂલભૂલામણીમાંથી તે બહાર જ આવી નથી શક્યો. માણસે શયતાન (હેવાન)ની વાત માનીને પોતાની જીવનશૈલીમાં જે બદલાવ કર્યો છે, તે હજી પણ તેમને નડી રહ્યો છે.

*કવિ રજની પાઠકનો એક શે'ર જોઈએ :*

***નજરથી જે દેખાયે એને સાચું માનીએ મિત્રો,***
***રચેલાં આવરણમાંથી કદી છૂટી નથી શકતા.***
***જવું છે ક્ષિતિજોની બહાર સોંસરવા ગગનને આરપાર,***
***ભ્રમિત વાતાવરણમાંથી કદી છૂટી નથી શકતા.***

હવે આપણે રચેલા આવરણોમાંથી બહાર નીકળવાની જરૂર છે. ભ્રમ પેદા કરતા વાતાવરણમાંથી છૂટા પડવાની જરૂર છે. તો જ એ સાચો બદલાવ ગણાશે. બદલાવ એ સમયનો તકાજો છે, એ ન ભૂલવું જોઈએ. જે નથી બદલાયા તેની હાલત સામે જુઓ. તે હજીયે સમષ્ટિમાં ગોથા ખાઈ રહ્યા છે.

*C/o. 'સંસ્કૃતિ દર્શન' કાર્યાલય,*
*રતનપરા શેરી-૧, નીલકંઠ બંગલાની સામે,*
*બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦. જિ. જૂનાગઢ.*
*મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪*

## 'જ્ઞાન સાથે ગમ્મત'ના જવાબો

**(૧)** ૧૧ ઓક્ટોબર, ૧૯૪૨ **(૨)** સાત હિંદુસ્તાની, **(૩)** ગોડ તુસી ગ્રેટ હો, **(૪)** બંસી-બિરજુ, **(૫)** ભૂતનાથ, **(૬)** લાવારિસ - મેરે અંગને મેં તુમ્હારા ક્યા કામ હૈ?, **(૭)** મહાન, **(૮)** સત્યાગ્રહ, સરકાર, દેશપ્રેમી, હિંદુસ્તાન કી કસમ, સરકાર રાજ. **(૯)** આરક્ષણ, ચૂપકે ચૂપકે, મહોબ્બતે, તીન પત્તી, બ્લેક. **(૧૦)** આખરી રાસ્તા, સૂર્યવંશમ, કસ્મેવાદે, અદાલત, બડે મિયાં છોટે મિયાં. **(૧૧)** દીવાર, ઝંઝીર, બરસાત કી એક રાત, ઇન્કલાબ, બેટી ઔર બબલી. **(૧૨)** ફિલ્મફેર ઍવોર્ડ, **(૧૩)** હમ કિસીસે કમ નહીં, અમરાન, યે મેરી જિંદગી, ઐતબાર, મૃત્યુદાતા. **(૧૪)** પદ્મશ્રી ઍવોર્ડ, **(૧૫)** કાલાપથ્થર - વિજયપાલ સિંહ, આંખે - વિજયસિંહ રાજપૂત, દોસ્તાના - વિજય વર્મા, શક્તિ - વિજય એ. કુમાર, શાન - વિજયકુમાર. **(૧૬)** લંડનમાં તુસાદ મ્યુઝિયમમાં. **(૧૭)** ૨૦૧૯ની સાલમાં. **(૧૮)** યે પુલીસ સ્ટેશન હૈ, તુમ્હારે બાપ કા ઘર નહીં. **(૧૯)** કૌન બનેગા કરોડપતિ — શો. **(૨૦)** ઍંગ્રી યંગમેન ઍવોર્ડ. **(૨૧)** દીવાર. **(૨૨)** શોલે, ગુડ્ડી, સિલસિલા, કભી ખુશી કભી ગમ. **(૨૩)** યારાના, શોલે, હેરાફેરી, મુકદ્દર કા સિકંદર. **(૨૪)** પદ્મભૂષણ ઍવોર્ડ. **(૨૫)** સિલસિલા. **(૨૬)** હમ જહાં ખડે હોતે હૈં, લાઇન વહીં સે શરૂ હોતી હૈ. **(૨૭)** બંગાળમાં બંગાળીઓએ બનાવ્યું છે. **(૨૮)** પદ્મવિભૂષણ ઍવોર્ડ. **(૨૯)** મિ. નટવરલાલ... મેરે પાસ આઓ, મેરે દોસ્તોં એક કિસ્સા સુનાઉં... **(૩૦)** પા મુવી. **(૩૧)** કભી અલવિદા ના કહેના, બોલ બચ્ચન, ઝુમ બરાબર ઝુમ, શુટ આઉટ એટ લોખંડવાલા. **(૩૨)** રોતે હુએ આતે હૈ સબ, હંસતા હુઆ જો જાયેગા... **(૩૩)** અગર અપની મા કા દૂધ પીયા હૈ તો સામને આ... **(૩૪)** બ્રહ્માસ્ત્ર, ઝુંડ, ગૂમનામ, ચહેરે, ગુલાબો સીતાબો. **(૩૫)** મૈં યહાં તુ વહાં, જિંદગી હૈ કહાં...

હમસફર

# દોસ્તી....



સુનિતા એ. શાહ

રાજેશ અને રાજીવ નાનપણથી જ એક જ ગામમાં રહીને મોટા થયા હતા. બંને એક જ સ્કૂલમાં એક જ વર્ગમાં ભણતા હતા. બંને જણા ભણવામાં ખૂબ હોંશિયાર હતા. કાયમ પહેલો - બીજો નંબર લાવતા હતા. આગળ રહેવા માટે બંને વચ્ચે પરીક્ષાના સમયે તો જાણે હરીફાઈ ચાલતી. શાળામાં બધાને આતુરતા રહેતી કે આ વખતે બંનેમાંથી પ્રથમ ક્રમે કોણ આવશે? શાળાના શિક્ષકોને અને પ્રિન્સિપાલને પણ એમના માટે ખૂબ માન હતું. પરંતુ આ બધાની વચ્ચે પણ તેમની દોસ્તીનો તાર ખૂબ મજબૂત હતો. બંને એકબીજા સાથે હરીફાઈ કરતા, પણ ઈર્ષ્યા નહીં.

ધીમે ધીમે હસતા રમતા તેઓ મોટા થયા. પરંતુ તેમની સ્કૂલકાળની દોસ્તી હજી પણ એવી જ હતી. બંનેને એકબીજાને મળ્યા વગર એકપણ દિવસ ચાલતું ન હતું. હવે આગળ અભ્યાસ માટે તેમને શહેરમાં જવું પડે તેમ હતું. રાજેશના પિતા આ વાત સાંભળી ખૂબ ખુશ થઈ ગયા અને તેમણે દીકરાને આગળ શહેરમાં ભણવા જવાની પરવાનગી આપી દીધી. પરંતુ રાજીવના પિતા માન્યા નહીં. એમણે રાજીવને કહ્યું, 'ગામમાં આપણી આટલી જમીન છે, સરસ ખેતીવાડી છે તો આગળ ભણીને શું કામ છે? જેટલું જલ્દી આ બધું સંભાળી લઈશ, એટલું જલ્દી શીખી લઈશ.' તેઓ પોતાના એકના એક દીકરાને નજરથી દૂર કરવા માંગતા ન હતા. રાજીવ તેમની પાસે, તેમની સાથે જ રહે એવી એમની ઈચ્છા હતી. રાજીવે પણ પિતાની વાત માની લીધી અને ગામમાં રહીને ખેતીવાડી કરવા લાગ્યો. રાજેશ આગળ અભ્યાસ માટે શહેરમાં જતો રહ્યો. પરંતુ તેમની દોસ્તીમાં જરાપણ ઓટ આવી ન હતી. રાજેશ શનિ-રવિની રજાઓમાં તેમજ વેકેશનમાં ગામમાં આવી જતો અને બંને દોસ્ત મળીને ખૂબ મજા કરતા. રાજેશ શહેરની બધી વાતો રાજીવને કરતો... ત્યાંની જીવનશૈલી, ખાણીપીણી, મોટા રસ્તા અને ઊંચી ઇમારતો વિશે... અને રાજીવ આ બધું આશ્ચર્યભાવ સાથે સાંભળી લેતો હતો.

બીજા બે ત્રણ વર્ષ આમ જ પસાર થઈ ગયા. રાજેશ ભણવામાં ખૂબ હોંશિયાર હતો. તેણે ખૂબ જ સારા માર્કસ સાથે ભણવાનું પૂરું કરતા ગ્રેજ્યુએશન સાથે તેને સામેથી એક સારી કંપનીમાંથી જોબની ઑફર મળી અને એના માટે કંપનીએ તેને તેમની વિદેશમાં નવી ખૂલતી બ્રાંચમાં મોકલવાનું નક્કી કર્યું.

રાજેશે ગામમાં પરત આવીને પોતાના માતા-પિતાને આ વિશે વાત કરી. તેઓ ખૂબ ખુશ થઈ ગયા. પોતાના પુત્રને પ્રગતિ કરતો જોઈને તેમની છાતી ગર્વથી ફુલાઈ ગઈ. આ બાજુ રાજીવ નાના ગામમાં રહીને એમની ખેતીવાડીમાંથી સારી એવી આવક કમાઈને ગુજરાન ચલાવતો હતો. રાજેશે જ્યારે રાજીવને મળીને પોતાની વિદેશ જવાની વાત જણાવી ત્યારે રાજીવ પણ ખુશીથી ઉછળી પડ્યો. પોતાના દોસ્તને આ રીતે આગળ વધતો જોઈને તેને પણ ખૂબ આનંદ થયો.

***"દોસ્તી એ હૈયાની ભાષા છે જેને ક્યારેય કાગળ પર શબ્દરૂપે લખી શકાતી નથી કે વચનમાં બાંધી શકાતી નથી. છતાં રિન્યૂ કરવાની ખાત્રી આપી શકાય છે."***

રાજેશ થોડાક જ વખતમાં બધી તૈયારી કરીને વિદેશ ઉપડી ગયો. થોડા થોડા સમયે ફોનથી વાતો થતી રહેતી હતી. થોડા સમયમાં એણે તેની કંપનીમાં કામ કરતી સીમા સાથે લગ્ન કરી લીધા. લગ્ન પછી થોડા સમયમાં જ માતા-પિતાને મળવા ગામમાં આવ્યો હતો. રાજેશની પત્ની સીમા ભારતીય જ હતી. તેથી અહીંના સંસ્કાર તેનામાં પણ હતા. તે ખૂબ જ પ્રેમપૂર્વક અને આદરપૂર્વક રાજેશના માતા-પિતાને મળી. જ્યારે રાજેશ અને રાજીવ એકબીજાને મળ્યા ત્યારે તેમના અંતરનો આનંદ અવર્ણનીય હતો. બંને દોસ્તોએ સાથે બેસીને ખૂબ વાતો કરી. બાળપણના સંસ્મરણો વાગોળ્યા. તેમની દોસ્તીને અનુરૂપ ક્યાંક દૂરથી ગીત સંભળાઈ રહ્યું હતું.

"વો ખ્વાબો કે દિન, વો કિતાબો કે દિન, સવાલો કી રાતે, જવાબો કે દિન... કઇ સાલ હમને ગુજારે યહાં યહીં સાથ ખેલે હુએ હમ જવાં..."

થોડો સમય રહીને રાજેશને પાછા જવાનો સમય આવી ગયો. આ વખતે તે પોતાના માતા-પિતાને પણ સાથે લઈ ગયો. તેના માતા-પિતા મનથી ખૂબ સંતોષ પામતા હતા. દીકરાના ભવિષ્યનું જે સોનેરી શમણું તેમણે જોયું હતું, એ સાચું પડી રહ્યું હતું.

રાજીવે પણ તેમના જ ગામની ગૌરી સાથે લગ્ન કરી લીધા. સમય જતાં તેમને બે બાળકો એક પુત્ર અને એક પુત્રી થયા. તે સંતોષનું જીવન જીવતો હતો.

રાજેશ હવે વિદેશમાં સરસ સેટ થઈ ગયો હતો. પતિ-પત્ની બંને કમાતા હતા. તેથી આર્થિક રીતે પણ તે ખૂબ ઉપર આવી ગયો હતો. તેઓ એક વૈભવી જીવન જીવી રહ્યા હતા. તેમને ઘેર પણ પુત્રીનું આગમન થઈ ચૂક્યું હતું. ધીમે ધીમે તેના રાજીવ પર આવતા ફોન ઓછા થઈ ગયા અને પછી તો વ્યસ્તતાને કારણે સાવ જ બંધ થઈ ગયા.

આ બાજુ રાજીવની પરિસ્થિતિ આર્થિક રીતે વણસતી જતી હતી. એમાં એક-બે વરસ દુકાળના આવતાં તેની હાલત બદતર થઈ ગઈ હતી. તે માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવતો હતો. થોડા વખતમાં કાળક્રમે તેની માતાનું અને પછી પિતાનું થોડા સમયના અંતરે અવસાન થઈ ગયું.

તેના માતા-પિતાએ લાગણીઓની આડશ લઈને એક તેજસ્વી અને હોનહાર દીકરાની જિંદગી બરબાદ કરી નાખી હતી. જ્યારે રાજેશના પિતાએ તેમના દીકરાને ઉડવા માટે પાંખો આપી હતી અને રાજેશ પોતાની આવડત અને હોંશિયારીથી ખૂબ જાહોજલાલીભરી જિંદગી જીવી રહ્યો હતો.

આમ ને આમ વર્ષો વીતી ગયા. છેલ્લા આઠ-દસ વર્ષથી તો રાજેશનો ગામ સાથેનો નાતો જ જાણે તૂટી ગયો હતો. એ દેશ, એ ગામ, એ દોસ્ત બધું જ જાણે પાછળ છૂટી ગયું હતું.

આટલા વર્ષો પછી ઓચિંતાનો એક દિવસ રાજીવ ઉપર રાજેશનો ફોન આવ્યો કે આ વખતે તે દિવાળી કરવા પોતાને ગામ આવી રહ્યો છે. તેણે ફોનમાં રાજીવને કહ્યું, "તમારી બધાની ખૂબ યાદ આવે છે. વળી દીકરીને પણ એક વખત ત્યાંના તહેવારની ઉજવણી જોવાની ઈચ્છા છે અને બા-બાપુજીને પણ ગામમાં આવવાનું બહુ મન છે. ગામનું મારું મકાન વર્ષોથી બંધ રહેવાના કારણે રહેવાલાયક પણ નહીં હોય. તેથી અમે બધા તારા ઘેર જ આવીને રોકાઈશું." રાજીવ તો પોતાના દોસ્તને મળવાની ઘડીના વિચારથી જ આનંદ - ઉત્સાહમાં આવી ગયો. પણ એની આ ખુશી બીજી ક્ષણે જ ઓગળી ગઈ. એ મુંઝવણમાં મૂકાઈ ગયો કે અત્યારે જ પોતાના પરિવારનું માંડ માંડ પૂરું કરી શકે છે ત્યારે રાજેશ આવશે તો એને કેવી રીતે સાચવશે? આવા જૂના થઈ ગયેલા મકાનમાં રાજેશને કેવી રીતે રહેવાનું ફાવશે? તેની આગતા-સ્વાગતાના કે સારું ખવડાવવા - પીવડાવવાના પૂરતા પૈસા પણ નથી પોતાની પાસે તો... શું કરવું અને શું ના કરવું એને સમજણ પડતી ન હતી. તેણે બેંકમાં જઈને જોયું તો એના ખાતામાં ખાસ કોઈ બચત પણ ન હતી. તેણે ગૌરીને બધી વાત કરી. તેની પત્ની ગૌરી ખૂબ સમજદાર હતી. બંને જણાએ સાથે બેસી, વિચારીને એક ફેંસલો લીધો અને તેમણે ગામના ઘનશ્યામદાસ શેઠ પાસેથી પૈસા વ્યાજે લેવાનું નક્કી કર્યું. તેમણે શેઠ પાસે જઈને બધી સાચી વાત કહી દીધી. રાજીવ પાસે પૈસા ન હતા પણ ગામમાં તેની શાખ સારી હતી. શેઠ તેને વ્યાજે પૈસા આપવા તૈયાર થઈ ગયા. તેમને રાજીવની પોતાના દોસ્ત માટેની લાગણી જોઈને રાજીવ માટે આદરભાવ જાગ્યો. રાજીવે નક્કી કર્યું કે રાજેશ આવે અને રહે ત્યાં સુધી તેને બરાબર સાચવી લેવો અને તેને પોતાની પરિસ્થિતિની ખબર પડવા ન દેવી. તેણે પૈસા લઈને ઘર થોડું ઠીકઠાક કરાવ્યું. ઘરમાં થોડી જરૂરિયાત મુજબની સગવડ પણ કરાવી લીધી.

દિવાળીના બે દિવસ અગાઉ રાજેશ તેના પરિવાર સાથે આવી પહોંચ્યો. બંને મિત્રો બહુ જ વર્ષો પછી મળ્યા હોવાના કારણે એકબીજાને જોઈને તેમની આંખોમાંથી ગંગા-જમના વહેવા લાગી. રાજેશને આટલા વર્ષો પછી ગામમાં આવતાં ખૂબ જ સારું લાગ્યું. તેનું હૈયુ ભરાઈ આવ્યું. ગામમાં થોડા ફેરફાર જરૂર થઈ ગયા હતા પણ માટીની એ ખુશ્બુ હજી મહેસૂસ કરી શકતો હતો. રાજેશ ફક્ત પંદર દિવસની રજા લઈને આવ્યો હતો.

આટલા દિવસો તો પલક ઝપકતા જ પૂરા થઈ ગયા. જેટલા દિવસ સાથે રહ્યા તેટલા દિવસ બંનેના પરિવારજનોએ મળીને ખૂબ જ સુંદર સમય વિતાવ્યો. બધા ખૂબ જ ખુશ હતા. તેમના બાળકોને પણ એકબીજા સાથે ખૂબ ફાવી ગયું હતું. હવે રાજેશના માતા-પિતાની વિદેશ પાછા જવાની ઈચ્છા ન હતી. તેમને તેમની બાકીની જિંદગી પોતાના ગામમાં જ વિતાવવી હતી. એટલે રાજેશે તેમનું જૂનું મકાન સમારકામ કરી, રંગરોગાન કરાવી રહેવા લાયક બનાવી આપ્યું અને ખૂબ ભારે હૈયે તેણે પોતાના માતા-પિતા અને દોસ્ત રાજીવ પાસેથી વિદાય લીધી અને પાછો વિદેશ ઉપડી ગયો.

રાજીવે હવે શાંતિનો શ્વાસ લીધો. તેને અને તેની પત્નીને સંતોષ હતો કે તેની આર્થિક પરિસ્થિતિ અંગે રાજેશને કંઈ જાણ થઈ ન હતી. તેને ખાત્રી હતી કે જો રાજેશને તેની પૈસાની તંગી અંગે ખબર પડત અને પોતે કેટલી ગરીબીમાં જીવી રહ્યો છે તેની જાણ થાત, તો એ જરૂર આર્થિક મદદ કરત. પરંતુ રાજીવ રાજેશને આ બધું જણાવીને તેના ઉપર ભારરૂપ બનવા માંગતો ન હતો. તેને તેના મિત્રની નજરમાં પોતાની તસવીર હજી પણ પહેલા જેવી જ બનાવીને રાખવી હતી. એ રાજેશને એ જ ભ્રમમાં રાખવા માંગતો હતો કે તેનો મિત્ર રાજીવ હજી પહેલા જેવો જ સુખી છે અને ખુશહાલ જિંદગી જીવી રહ્યો છે.

હવે તેને શેઠજી પાસેથી લીધેલા પૈસા વ્યાજ સાથે

ચૂકવવાની સગવડ કરવાની હતી. એ ક્યાંથી અને કેવી રીતે કરવી તેની તેને સમજ પડતી ન હતી. તેણે વિચાર્યું કે જો આ વરસે વરસાદ સારો પડશે અને સારો પાક મળશે તો એના જે પૈસા આવશે તેમાંથી સૌપ્રથમ શેઠજીના પૈસા ચૂકતે કરી દઈશ. અને રાજેશના આવવાથી ઘરમાં પણ વધુ ખર્ચો થઈ ગયો હતો. એટલે થોડો વખત કરકસર કરીને જ ચલાવવું પડશે. આમ ચિંતામાં ને ચિંતામાં હજી તો ચાર-પાંચ દિવસ વિત્યા હશે ત્યાં એક દિવસ બજારમાં તેને શેઠજીનો ભેટો થઈ ગયો. શેઠજીને જોઈને એ જરા ખચકાઈ ગયો અને પછી તેમની સામે હાથ જોડીને બોલવા લાગ્યો, 'શેઠજી, હું તમારા બધા પૈસા ચૂકતે કરી દઈશ. મને થોડી મહોલત આપો અને મને માફ કરો કે મને તમારા પૈસા પાછા આપતા થોડી વાર લાગી રહી છે.' આટલું બોલતા બોલતા તો એ જાણે રડી પડ્યો.

ત્યારે શેઠજીએ તેને કહ્યું, 'તું જે પૈસાની વાત કરી રહ્યો છે તે પૈસા તો તારા દોસ્તએ આવીને વ્યાજ સહિત ચૂકવી દીધા હતા.'

**'મિત્રની મુશ્કેલી જાણે એ જ સાચો મિત્ર કહેવાય. જેને મિત્રના હસતા હોઠ પાછળના આંસુ દેખાય નહીં એ કદી સાચો મિત્ર હોતો નથી.'**

શેઠજીની વાત સાંભળીને રાજીવ આશ્ચર્યમાં પડી ગયો. રાજેશે કેવી રીતે પૈસા ચૂકવ્યા? તેને કેવી રીતે ખબર પડી? રાજીવે ઘેર પહોંચીને પોતાની પત્નીને આ વાત કરી તો તેને પણ ખૂબ નવાઈ લાગી. હવે રાજીવ દોડતો રાજેશના માતા-પિતા પાસે પહોંચ્યો. એમને બધી વાત કરી અને પછી પૂછ્યું, 'રાજેશને આ બધી વાતની જાણ કેવી રીતે થઈ? શું તમને આ વાતની જાણ છે? જો હોય તો મહેરબાની કરીને મને જણાવો.'

રાજેશના માતા-પિતાએ રાજીવને શાંતિથી બેસાડ્યો અને પછી કહ્યું, 'હા. અમને બધી જ ખબર છે. હવે અમે જે કહીએ એ તું ધ્યાનથી સાંભળ. અમે જ્યારે વિદેશમાં હતા ત્યારે એક દિવસ રાજેશે અમને આવીને કીધું કે આ વખતે દિવાળી કરવા આપણે દેશમાં જવાનું છે. આ સાંભળીને અમને પણ નવાઈ લાગી હતી. જે રાજેશ આટલા વર્ષોથી દેશમાં ગયો ન હતો, એને અચાનક દેશમાં જવાની ઈચ્છા કેવી રીતે થઈ? ત્યારે તેણે કહ્યું, 'બા-બાપુજી, આ દિવાળી કરવા તો દેશમાં જવું જ પડશે. મારો દોસ્ત રાજીવ ખૂબ તકલીફમાં છે. મેં આટલા વરસ તેના ખબર અંતર ના લીધા એ મારી જ ભૂલ છે. આજે હું મૉલમાં ખરીદી કરવા ગયો ત્યારે આપણા ગામનો સુરેશ મળ્યો. એ આ મૉલમાં કામ કરતો હતો. મને જોઈને ખૂબ ખુશ થઈ ગયો અને મને કહ્યું, અમે હમણાં થોડા વખત માટે મારી સાળીના ઘરે રહેવા આવ્યા છીએ અને ઘરમાં બેસી રહેવાનો કંટાળો આવતો હતો. તેથી આ મૉલમાં કામ શોધી નાખ્યું છે. આવક પણ થાય છે અને ટાઈમ પણ પસાર થઈ જાય છે. વાતો વાતોમાં તેણે રાજીવની પરિસ્થિતિ વિશે જાણ કરી. કહ્યું કે તે ખૂબ મુશ્કેલીમાં છે. આર્થિક રીતે તૂટી ગયો છે. ખાવા-પીવાના પણ સાંસા પડી ગયા છે અને ત્યારે જ મેં નક્કી કરી લીધું કે જેમ બને તેમ જલ્દી મારે મારા ગામ જઈને મારા દોસ્તને મળવું છે અને તેની મદદ કરવી છે.' દિવાળી નજીક આવતી હતી. તેથી દિવાળીનું બહાનું કરીને તે અહીં તારી પાસે ગામમાં આવી ગયો. પણ અહીં આવીને એણે જોયું તો તું તારી પરિસ્થિતિ એનાથી છુપાવી રહ્યો હતો. એટલે એ પણ કંઇ બોલ્યો નહીં અને તારી પરિસ્થિતિની જાણ રાજેશને ના થઈ જાય એની તકેદારી તું રાખી રહ્યો હતો. એટલે એણે પણ કંઈ ખબર જ ના હોય એવું નાટક ચાલુ રાખ્યું. ગામમાં તપાસ કરતાં એને ખબર પડી કે તેં શેઠજી પાસેથી પૈસા વ્યાજે લીધા છે. એટલે તે શેઠજીને પૈસા ચૂકવી આવ્યો અને બેંકમાં પણ તારા ખાતામાં તેણે ચુપચાપ એટલા રૂપિયા જમા કરાવી દીધા છે કે તેના વ્યાજમાંથી જ તારું જીવન સારી રીતે પસાર થઇ શકે. અને એ પાછો જાય ત્યાં સુધી આ વાતની જાણ તને ન થાય તેની કાળજી પણ તેણે રાખી હતી કારણકે તને જણાવીને એ તારી નજરોમાં મહાન બનવા નહોતો માંગતો અને એની સામે તારી નજરો ઝુકી જાય તેવું પણ તે નહોતો ઇચ્છતો.'

**કહે છે ને કે કોઈપણ સંજોગોમાં મિત્રનું માન જાળવો...**

આ બધું સાંભળીને રાજીવ ચોધાર આંસુએ રડી પડ્યો. એની પાસે કોઈ શબ્દો જ ન હતા રાજેશ માટે. એ શું કહે? ઘેર જઈને એણે ગૌરીને સઘળી હકીકત જણાવી. ગૌરી પણ મનોમન એ દેવતા સમાન દોસ્તને વંદન કરતી રહી.

'તમારી પાસે એકપણ સાચો મિત્ર હોય તો માનજો કે ઈશ્વરે તમને તમારા હિસ્સા કરતાં વધારે આપ્યું છે.'

બંને જણા પાસબુક લઇને બેંકમાં ગયા અને જોયું તો ખરેખર એક મોટી રકમ તેમના ખાતામાં જમા થઈ ગઈ હતી. રાજેશે પોતાની દોસ્તીનું નામ ઉજાળ્યું હતું અને તે પણ કોઈ જ અહેસાન જતાવ્યા વગર, કે એક પણ શબ્દ બોલ્યા વગર...

રાજીવે તરત જ રાજેશને ફોન લગાવ્યો. ત્યાં એ ટાઈમે કેટલા વાગ્યા હશે તેની પરવા કર્યા વગર... ફોનમાં રાજેશનો અવાજ સાંભળીને થોડીવાર તો એક પણ શબ્દ બોલ્યા વગર રડતો રહ્યો. પછી ધીમે ધીમે એના મોઢામાંથી શબ્દો સ્ફુર્યા. 'રાજેશ, મારા દોસ્ત, આ તે શું કર્યું? એક ગરીબ સુદામાની ઝોળી છલોછલ ભરી દીધી કૃષ્ણ બનીને... ફરી એકવાર રાજીવ - રાજેશની જોડીએ કૃષ્ણ સુદામાની જોડીને સાકાર કરી... તારો

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૩ ઉપર)**

નવજીવન

# ઝબકારો



એમ. ડી. સોલંકી

અનુરાગ, તમારા મોબાઈલ ફોનમાં તમારી પત્ની આરતીનો ફોન આવતા જ તમે પોતે મીઠી મૂંઝવણમાં મુકાઈ ગયા હતા, ખરુંને? બાર બાર મહિનાના લાંબા અંતરાલ પછી સાવ અચાનક આરતીનો ફોન આવ્યો ત્યારે તમારા મનમાં રહી રહીને ભોંયમાંથી ભાલા ઉગી નીકળે તેમ બે સવાલ ઊગી નીકળ્યા! આરતી આવો ફોન કરે ખરી? આરતીએ આવો ફોન કેમ કર્યો હશે?

જમી પરવારીને તમે તમારા બેડરૂમમાં ગયા ત્યારે પલંગ ઉપર બેસતા જ તમારી નજર સામેની દીવાલે ટીંગાતી આરતી - અનુરાગની એ સંયુક્ત તસવીર પર પડી અને ત્યાર પછી તો અનુરાગ લગ્ન પછી વીતી ગયેલા એ વર્તમાનકાળનો સમય જીવંત બનીને ચિત્રપટની જેમ તમારી નજર સમક્ષ તરવર્યો.

શહેરની સોસાયટીમાં તમારું પોતાનું મકાન હતું. આરતી સરકારી શાળામાં નોકરી કરતી હતી અને તમે પણ સચિવાલયમાં સારા પગારની નોકરીમાં હતા. લગ્ન જીવનની શરૂઆતના એ દિવસો મોજમસ્તીથી ભરપૂર હતા. બે-એક વર્ષ પછી તમારા ઘરમાં નાનકડી ઝીલનું આગમન થયું અને તમારું ઘર ગૂંજતું થઈ ગયેલું! બરાબરને અનુરાગ?

આમ તો દેખીતી રીતે તમારા નાનકડાં પરિવારમાં કોઈ જ તકલીફ નહોતી **પરંતુ ક્યારેક તમારા પત્ની આરતીનો અહમ્ તમારા બંને વચ્ચે વિષાદના વમળો સર્જી જતો. સરોવરના શાંત પાણીમાં નાનકડી કાંકરી પડતા અનેક તરંગો સર્જાય તેમ!** અને આવા જ વિષાદના વમળોમાંથી એક દિવસ વાતનું વતેસર થયું. સાવ નાની વાતમાં મોટો ઝઘડો કરીને આરતી ત્રણેક વર્ષની ઝીલને લઈને પીયર ચાલી ગઈ. એ વાતને આજે બાર મહિના થઈ ગયા!

અનુરાગ, તમારા મનના વિચારો આટલે સુધી આવીને અટકી જાય છે કારણકે આરતીએ પીયર ગયા પછી ન તો તમારો કરેલ ફોન ઉપાડ્યો છે કે ન તો એણે સામે ચાલીને તમને ફોન કર્યો છે. એટલે આરતીના પીયર ગયા પછીની કોઈપણ હકીકતની તમને જરાયે જાણકારી જ નથી અને એટલે તમારા મનમાં સવાલો થવા સ્વાભાવિક છે. પ્રયત્નો કરવા છતાંય તમારા મનમાં ઉદ્‌ભવેલા સવાલોના ઉત્તરો તમને મળતા જ નથી ખરુંને? અને જ્યાં સુધી તમારા મનમાં એ સવાલો બાબતે સમાધાન નહીં થાય ત્યાં સુધી તમારા મનમાં અજંપો જ રહેવાનો છે. તમારી પત્ની આરતી પાસે તમારા મનમાં ઘુમરાયા કરતા એ બે સવાલોના જવાબો તૈયાર જ છે પરંતુ કોઈ મજબૂરીના કારણે એ તમને આ વિશે ક્યારેય કહી શકવાની નથી. એટલે આવો, હું જ તમને એ બાબત જણાવી દઉં, જે તમે જાણતા જ નથી. સાંભળો....

....તમારાથી ઝઘડીને આવેલી આરતીને પીયરમાં આખાય ઘરનો સાથ મળ્યો! બધાએ આરતીએ કહેલી વાતોને સમર્થન આપ્યું. 'બેટા, આરતી અમને તો પહેલેથી જ ખબર હતી કે અનુરાગ અને એના ટૂંકી બુધ્ધિવાળા પરિવારમાં તું વ્યવસ્થિત ગોઠવાઈ નહીં શકે.' પપ્પાના બોલેલા શબ્દોમાં આરતીના સાસરિયા પ્રત્યે ભારોભાર રોષ પ્રગટ થતો હતો.

'તું ક્યાં કોઈની ઓશિયાળી છો?! તારા જીવન નિર્વાહનું તો તું કમાઈ લાવે છે. અક્કલ વગરના એ લોકોને તારા જેવી સીધી-સાદી અને કમાતી છોકરી મળી ગઈ એટલે એમના પાવરનો પાર નથી.' મોટાભાઈ કહેતા.

'હવે તો એમનો પાવર ઉતારવો જ પડશે. અનુરાગ પગે પડે તોય અમે તને એ ઘેર જવા દઈશું જ નહીં. એ એમના મનમાં શું સમજતા હશે?' આરતીના મમ્મી એમનો દ્રઢ નિર્ધાર આ રીતે જાહેર કરતા હતા.

પરિવારના સભ્યો પાસેથી આરતીને આવું ઘણું બધું સાંભળવા મળ્યું. આરતીને પણ બસ આટલું જ જોઈતું હતું. એ અનુરાગને બતાવી દેવા માંગતી હતી કે પીયરમાં એનું કેવું અને કેટલું માનભર્યું સ્થાન છે.

પીયરમાં આરતીના અહમ્‌ને એક યા બીજા પ્રકારે પોષણ મળતું જ રહ્યું. જેમ કોઈ નાનકડા કાંટાળા છોડને પાણી અને હવામાન માફક આવી જાય અને એનો વિકાસ અતિ ઝડપી થઈ જાય તેમ પીયરના ઘરના વાતાવરણમાંથી એક યા બીજા પ્રકારે આરતીના અહમ્ ને પોષણ મળતું જ રહ્યું! અને આખરે અહમ્‌નો એ કાંટાળો છોડ 'લીલોછમ' બનીને આરતીના અંતરમાં પાંગરતો જ રહ્યો!

શરૂઆતના છ મહિના તો ખૂબ સારું ચાલ્યું. ઘરમાં સૌ આરતીનો પડ્યો બોલ ઝીલી લેતા. આરતી જાણે કે ઘરમાં 'સુપર બોસ' ન હોય! એક યા બીજી રીતે અનુરાગને યાદ કરીને ઘરમાં સભ્યો એકબીજાને કહેતા, 'હવે ખરી મજા આવશે! એમના મનમાં રાઈ ભરાઈ ગઈ હતી પણ અનુરાગને ખબર

નહીં હોય કે આરતીનું કુટુંબ તો શહેરની હાઈ-ફાઈ સોસાયટીમાં રહેતું એક 'એજ્યુકેટેડ' કુટુંબ છે. તમારા જેવા ગમાર ગામડિયાની અમારી આગળ હેસિયત કેટલી?'

...'હવે તો અનિકેત નાક રગડતો આવે તોય આપણે કોઈએ એમને ભાવ આપવો જ નહીં.' આરતીની નાની બેન ઝાંઝર કહેતી.

સમયનું ચક્ર એની નિરંતર ગતિથી ફરતું રહ્યું. દરિયામાં જેમ ભરતી પછી ઓટ આવે તેમ પરિવારની હૂંફ મોબાઈલની બેટરીની જેમ ધીમે ધીમે ડીમ થવા લાગી. સોસાયટીની મહિલાઓમાં પણ આરતીનું સાસરીયામાંથી પીયરમાં આવી જવું અને આટલો લાંબો સમય પીયરમાં જ રહેવું એ બાબત ચર્ચાનો વિષય બની ગઈ હતી.

એક દિવસ સાંજે આરતી નોકરીના સ્થળેથી ઘેર આવી ત્યારે નાનકડી ઝીલ હીબકે ચડી હતી. 'મમ્મી, મને ગુંજને હાથ પર બચકું ભર્યું!' હાંફળી ફાંફળી આરતીએ ઝીલના કાંડે જોયું તો લોહીની ટશરો ફૂટી નીકળી હતી. ભાઈ તરત જ ગુંજનને વઢ્યો, પણ ત્યાં તો ભાભીના ચહેરાનો રંગ જ જાણે કે બદલાઈ ગયો! ગુંજનનું બાવડું પકડીને ભાભી લગભગ ઢસડતી હોય તેમ એને અંદરના ઓરડામાં લઈ ગઈ.

એ રાતે ભાઈ-ભાભી વચ્ચે ઉગ્ર બોલાચાલી થયેલી. આવેશમાં આવી ગયેલા ભાઈએ ભાભી ઉપર હાથ ઉપાડ્યો અને ભાભીથી ન કહેવાય એવા શબ્દો આરતી માટે બોલાઈ ગયા.

ઝીલને લઈને પડખેના રૂમમાં સાવ સુનમુન થઈને એકલી બેઠેલી આરતીએ ભાભીના કહેવાયેલા શબ્દો સાંભળ્યા અને એના માથે જાણે કે વીજળી પડી! આરતીના મનમાં ધ્રાસકો પડ્યો. ક્યાંક મારા જ કારણે ભાઈ-ભાભીના સંસારમાં તિરાડ તો નહીં પડે ને? એ મનોમન વિચારી રહી. **સૌને પોતપોતાના પરિવારની એક આગવી દુનિયા છે, એમાં સૌ વ્યસ્ત છે. આમાં હું ક્યાં છું? આ બધાની દુનિયામાં હું એ સૌની હોવા છતાંય આજે જાણે કે બહારની વ્યક્તિ બની ગઈ છું.' આરતીના મનમાં અજબ પ્રકારનો ઝબકારો થઈ ગયો!** અને એ ઝબકારાના અજવાળામાં આરતીને સમગ્ર પરિસ્થિતિનો તાગ મળી ગયો. એની આંખેથી અહમ્‌ના પડળ એકાએક ઉતરી જતા અનુરાગ સાથેના વર્તનમાં એની પોતાની જ ભૂલ હતી એ વાત પૂરેપૂરી સમજાઈ ગઈ. એણે મનોમન નિર્ણય કર્યો. આવતીકાલે અનુરાગ પાસે ઝીલને લઈને પહોંચી જવું. આરતીએ અનુરાગને ફોન કર્યો : 'અનુરાગ, હવે મને વાસ્તવિક્તા પૂરેપૂરી સમજાઈ ગઈ છે. **પરીણિત સ્ત્રીનું સાચું સ્થાન એના સાસરિયામાં જ હોય!** સૉરી અનુરાગ, ભૂલ મારી જ હતી. હું આવતીકાલની સવારની લોકલમાં આપણા ઘરે આવું છું. તું મને રિસીવ કરવા આવીશ ને?' અને આરતી સવારમાં ઘેર જવાની પૂર્વતૈયારી રૂપ સુટકેસમાં એનો સામાન ગોઠવવા લાગી.

'આરતી, અત્યારે મોડી રાતે તું શું કરી રહી છો?' આરતીએ જોયું તો એના મમ્મી અધખૂલા બારણાની વચ્ચે ઊભા રહીને પૂછતા હતા.

'મારો સામાન સુટકેસમાં ભરું છું. મમ્મી, હવે મારી આંખ ઉઘડી ગઈ છે.'

'એટલે?' મમ્મીએ અધિરાઈથી પૂછ્યું.

'બસ, હવે હું સવારે મારા ઘેર જવાની છું. હવે મને મારી ભૂલ સમજાઈ ગઈ છે.'

'પ...ણ...?'

'જો મમ્મી, હવે પણ જેવું કશુંય રહ્યું જ નથી. લગ્ન પછી કોઈપણ દીકરીનું સાચું સ્થાન એના સાસરિયામાં જ હોય! તમે સૌએ મને સાચી વાત કહેવાને બદલે મારા ખોટા અહમ્‌ને જ પોષ્યો હતો. **સમજુ મમ્મી-પપ્પાએ પોતાની દીકરીનો પક્ષ લેવાને બદલે એની થયેલી ભૂલની સાચી હકીકત સમજાવવી જોઈએ.** હવે મારી આંખેથી અહમ્‌ના ખોટા પડળ ઉતરી ગયા છે. અને મમ્મી, ઘરમાં પતિ-પત્ની તરીકે સાથે રહીએ એટલે ક્યારેક નાના-મોટા પ્રશ્નો તો ઊભા થાય, પરંતુ થોડી ધીરજ અને સમજણથી આગળ વધીએ તો ઉકેલ મળી જાય. આવા ખોટા પ્રશ્નો લઈને કાંઈ પીયર દોડી ના અવાય...'

આરતીના મમ્મીને આજે પોતાની દીકરીમાં પૂરેપૂરું પરિવર્તન આવી ગયું હોય એવું લાગ્યું.

'...અને મમ્મી, તે દિવસે મંજુમાસી પણ કહેતા હતા કે આપણા દેશની નામદાર અદાલતોએ પણ પરણાવેલી દીકરીઓની મમ્મીઓ માટે મીઠી ટકોર કરતા કહ્યું છે કે લગ્ન પછી તમારી દીકરીને એના સાસરિયામાં ગોઠવાઈ જવામાં પીયર પક્ષ તરફથી ઝાઝો ચંચુપાત ન થવો જોઈએ. જેથી પોતાની દીકરીનું સાસરિયામાં માન વધે અને પ્રશ્નનું સમાધાન પણ મળી જાય. મને મંજુમાસીની વાત ત્યારે તો બરાબર સમજાઈ નહોતી પણ હવે એ હકીકત દીવાની જેમ વ્યવસ્થિત સમજાઈ ગઈ છે. આપણી ન્યાયાલયોએ ખૂબ મંથન કરીને જ આવી સાચી અને હિતકારી ટકોર કરી હશે. હા, પોતાની દીકરી મુંઝાય ત્યારે સમજણપૂર્વક ઉકેલ બતાવવો જોઈએ.

અનુરાગ, ક્ષણ ક્ષણ બનીને કાળના ગર્ભમાં વિલીન થઈ જતાં સમયની તાકાતને કોઈ અવગણી શકે નહીં. **સમયની અમોઘ તાકાત કોઈપણ વ્યક્તિમાં રહેલા હિમાલય જેવડાં અહમ્‌ના પણ ચૂરેચૂરા કરી શકે છે.** સમયે તમારી પત્ની આરતીના ખોટા અહમ્‌ને છિન્ન ભિન્ન કરીને એને વાસ્તવિક્તાનું ભાન કરાવી દીધું છે. અનુરાગ, તમારે તો ઘી ઢળ્યું તોય ખીચડીમાં જ ઢળ્યું છે! એટલે ગઈ ગુજરીને ભૂલી જઈ સવારે આરતીને રિસીવ કરી આવો અને નવેસરથી નવા સહજીવનની શરૂઆત કરો.

*૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, કલીકુંડ, ધોળકા.*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

સાર્થકતા

# જિંદગી!



ડૉ. મેહા સંઘવી

અરે વાહ જિંદગી! કયા કયા રૂપમાં આવી કેવા કેવા રંગ દેખાડે છે તેની કલ્પના કરવી જ અકલ્પનીય છે! જિંદગી 'દોરંગી' છે. ક્યારેક ખુશી તો ક્યારેક ગમ. આ શબ્દ બહુ નાનો છે પણ એટલો જ ગહન - ચિંતન અર્થ ધરાવે છે. આ જિંદગી! Life! કોઈ પણ આડંબર વગર ઝીંદાદિલીથી જીવાતી દરેક પળને 'જિંદગી' કહીશું તો એમાં કશું ખોટું નથી. આ જિંદગી એક વાર જ મળે છે. તેને કેવી રીતે જીવવી અને કેવી રીતે જીતવી એ તો જિંદગી જીવનાર પર આધારિત છે. આ જિંદગીમાં દરેક વ્યક્તિને કંઈક ને કંઈક મેળવી લેવું છે - પામી લેવું છે. તેને 'સાર્થક' કરી લેવું છે. કેવી રીતે આ જિંદગી ઉપર 'માહિર' થવું એ તો વ્યક્તિ પોતે જ નક્કી કરી શકે છે. કોઈ પ્રેરણાદાયી શબ્દો બોલવાની કે લખવાની વાત અહીં કરી રહ્યા નથી. બસ, માત્ર **કુદરત તરફથી મળેલ બક્ષીસરૂપે આ જિંદગી સારી રીતે જીવાવી જોઈએ.** જે મળ્યું છે તેનો હિસાબ કરી, તેના ભાગાકારમાં બાદકારી કરતા - ગુણાકારના સરવાળા કરવામાં આવે તો કદાચ મળેલી વસ્તુનો, વ્યક્તિનો, પરિસ્થિતિનો આનંદ ઉઠાવી પોતાના જીવનરથના પૈડાંને આગળ ધપાવી શકાય ખરું! જિંદગી એક જ વાર મળી છે તો તેને શા માટે સારી રીતે, સંતુષ્ટ રીતે બધાની સાથે હળીમળીને ન જીવી લઈએ? ચાલ, આપણે જીવી લઈએ!

આજની ૨૧મી સદીમાં જિંદગી જીવવી બહુ સરળ થઈ ગઈ છે. જે માંગીએ તે તરત જ મળી રહે છે. પહેલા જેવા કષ્ટો કે દુઃખો આજે રહ્યા નથી. આજનો કહેવાતો આ યુગ વધારે વ્યવહારુ અને શિક્ષિત થઈ ગયો છે, માટે આગળ વધી રહ્યો છે. આજની ફિલ્મો પણ આ વાતને સમર્થન આપી રહી છે. એક પ્રેરણા પૂરી પાડી રહ્યું છે. જે ખરેખર વાસ્તવિક જીવનના ઉદાહરણ આપે છે. હારીને પણ જીતવાની કળા શીખવાડે છે. આવી મોટીવેશનલ ફિલ્મો જેવી કે મેરીકોમ, ભાગ મિલ્ખા ભાગ, દંગલ, એમ.એસ. ધોની - ધી અનટોલ્ડ સ્ટોરી, થ્રી ઈડિયટ્સ, તારે જમીન પે, મિશન મંગલ, સિક્રેટ સુપરસ્ટાર, સુપર-૩૦, આરક્ષણ — આવી તો કેટલીય ફિલ્મો આપણી સમક્ષ એક જીવંત ઉદાહરણ - જીવંત વ્યક્તિ દેખાડે છે. આજની કહેવાતી મોડર્ન પેઢી માટે! આ ફિલ્મોમાં મહદાંશે શિક્ષણ સાથે તેમની અંદર રહેલી કળા - હુન્નરને બહાર કાઢવાનો, દુનિયા સમક્ષ પ્રસ્તુત કરવાનો એક સહજ પ્રયત્ન આજની યુવાપેઢી સમક્ષ મૂક્યો છે. શિક્ષણનું મહત્ત્વ શું છે તે આ ફિલ્મો દ્વારા સમજી શકાય છે. આ ફિલ્મો આ સમયની સાક્ષી પૂરે છે તેમજ આજના મોડર્ન વિચારો દેખાડે છે. સારા નરસા જે પણ છે તે આજના સમયની આપણી વિચારવાની ક્ષમતા અને વિચારસરણી દેખાડે છે, જે આપણા વિચારો પર સીધી અસર કરે છે. આ બધી ફિલ્મોમાં લીડિંગ કેરેક્ટરને કોઈને કોઈ રીતે પ્રોબ્લેમ્સ આવ્યા છે પણ તેમાંથી કઈ રીતે ઊભરી આવવું - ઉપસી આવવું, કઈ રીતે પોતાની જાતને ટકાવી રાખવી, એનો આબેહૂબ ચિતાર દેખાડ્યો છે.

પ.પૂ. જ્ઞાનવત્સલસ્વામી પણ પોતાની સ્પીચમાં કહેતા હોય છે 'સરળતા મળી જવી એ વાત જુદી છે પણ **જ્યારે નિષ્ફળતા મળે છે ત્યારે તેને કેવી રીતે હેન્ડલ કરો છો તમે — કેવી રીતે ટેકલ કરો છો - કેવી રીતે બહાર આવો છો એ ખૂબ જ અગત્યનું છે.** નિષ્ફળતાને કેવી રીતે પચાવો છો તે તમારી જિંદગીનો મહામૂલો અવસર બની જાય છે ત્યારે જ ખરેખર વિચાર આવી જાય - **જિંદગી શું છે? માત્ર સફળતા મેળવવી! નિષ્ફળતાનો સામનો કરવો!** હરહંમેશ ખુશ રહેવું! શું છે આ જિંદગી? જિંદગીની વ્યાખ્યા વ્યક્તિએ વ્યક્તિએ બદલાય છે અને જીવાય છે. સાથે સાથે જીતાય પણ છે. પ્લીઝ થોડું વિચારી તો જોજો, ખરેખર શું છે આ જિંદગી....

*હરપળ આનંદ - હરપળ અણ-આનંદ*
*આ બે દોરની વચ્ચે જીવાતી આ જિંદગી*
*કોણ જાણે જિંદગી કયા કયા રૂપમાં આવી*
*કયા કયા રંગ તે સાથે લાવી! તે સાથે લાવી!*
*હસતા રમતા કપાઈ જશે આ પૂરી જિંદગી*
*છતાંય 'જિંદગી' માટે રહી જશે અમુક 'જિંદગી.'*

*સંઘવી એજન્સી, ૧૧, અંબિકા સોસાયટી,*
*હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૨ ૨૦૩૮૬*

તકાજો

# વૃધ્ધત્વ : ગૌરવ અને ગરિમા

**શંકર ન. ઠક્કર**
**નિવૃત્ત નાયબ કલેક્ટર, પૂર્વ અધ્યક્ષ, સિનિયર સિટીઝન ફેડરેશન (ગુ.પ્ર.) અમદાવાદ**

જીવન છે તો સંઘર્ષ પણ છે જ. ખરું જોતાં સંઘર્ષ એ જ જીવન ધબકાર છે. એના વિના જીવન નીરસ, નિષ્ક્રિય અને નિષ્ચેતન બની જાય છે. જીવનના પૂર્વાર્ધમાં ઘર સંસાર, સંતાન સંબંધ માટે સંપર્ક જાળવવા, નિભાવવા અને સંભાળી લેવા સતત સંઘર્ષની જરૂર પડે છે અને ઉત્તરાર્ધમાં પણ એની સમાપ્તિ થતી નથી. ઉત્તરાર્ધ એ જીવનનો ટર્નિંગ પોઈન્ટ છે અને ત્યાં સંઘર્ષ દિશા બદલે છે. ઉત્તરાર્ધમાં ખુદ સાથે ખુદ માટે સંઘર્ષ કરવાનો રહે છે. આર્થિક આયોજન, સ્વાસ્થ્ય સુરક્ષા અને પલટાયેલા સમય, સંજોગો અને સ્થિતિને સમજીને કઠિન પરંતુ અનિવાર્ય જેવા સ્વભાવગત દોષોને શોધી શોધીને નષ્ટ કરવા ઝઝુમવું પડે છે.

વૃધ્ધત્વ સાથે આર્થિક મંદતા, શારીરિક-માનસિક દૌબલ્ય અને સચવાયેલા પડેલા સ્વભાવગત દોષો ઓતપ્રોત થતા મહદ્ અંશે જોવા મળે છે. જેની પૂરતી કાળજી ન લેવાય તો વૃધ્ધત્વ બોજારૂપ અને ઘણીવાર અસહ્ય પણ બની જાય છે.

મોંઘવારી, એ જીવનશૈલી, સમાજ અને સરકારની વ્યવસ્થા સાથે સંગીન રીતે સંકળાયેલી સમસ્યા છે અને એ ધબકતી જ રહેવાની છે. ગઈકાલે આર્થિક રીતે પોષણ માટે પૂરતું હતું તે આજે પૂરતું થઈ રહેશે અને આવતીકાલે પણ થઈ જ રહેશે એવી ભ્રમણામાં રહેવું ભૂલભરેલું છે. આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય એમ સમજીને **જિંદગીના લાંબાગાળાના વૃધ્ધત્વ માટે સમજી વિચારી સંપૂર્ણ રીતે આર્થિક આયોજન કરી લેવાની અનિવાર્યતા રહે છે.** સંતાનો એમનું ઉત્તરદાયિત્વ નિભાવે એ સદ્નસીબી ગણાય પરંતુ સંતાનોએ પણ એમના સંતાનોનાં ઉત્થાન અને ઉત્કર્ષ માટેની બહુ મોટી જવાબદારી ઉપાડવાની રહેતી હોય છે. સ્વાસ્થ્ય જાળવણી માટેની સભાનતા અને તબીબી વિજ્ઞાન ક્ષેત્રે થયેલી પ્રગતિને લીધે વૃધ્ધત્વની આયુષ્યરેખા ખૂબ લાંબી થતી જાય છે. ત્યારે સંતાનોને એમના સંતાનો અને વૃધ્ધ માતા-પિતા વડીલો એમ બંને મોરચે લડવાનું મુશ્કેલ પણ બને એ વિચારી અન્ય પર આશરો કે આધાર રાખ્યા વિના પોતાના પગ પર ઊભા રહેવાની પરમ આવશ્યક્તા રહે છે.

સ્વાસ્થ્ય સુખાકારી, એ આર્થિક આયોજન કરતાં પણ વિશેષ મહત્ત્વની બાબત છે. પ્રવર્તમાન સમયમાં તબીબી સારવાર એટલી બધી ખર્ચાળ બની ગઈ છે કે સ્વાસ્થ્યમાં ગરબડ ગમે તેવા આર્થિક આયોજનના પાયા હચમચાવી શકે છે. એટલે 'પહેલું સુખ તે જાતે નર્યા'ની સાથે 'પહેલું દુઃખ તે જાતના ન રહ્યા' પણ સમજીને સ્વાસ્થ્ય સુખાકારીની શક્ય એટલી વધુ સંભાળ રાખવાની જરૂરિયાત છે. વિવિધ સમયે વિવિધ એજન્સીઓ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણમાં ફલિત થયેલું જ છે કે મોંઘી તબીબી સારવારને કારણે મધ્યમવર્ગ સતત ગરીબીરેખા હેઠળ ઢસડાતો રહ્યો છે.

આર્થિક આયોજન સુદ્રઢ કરેલું હોય, સ્વાસ્થ્ય સુખાકારીની ય સંભાળ લીધી હોય તેમ છતાં વૃધ્ધત્વ ગૌરવ અને ગરિમાયુક્ત જ રહેશે એવી કોઈ જ ગેરંટી નથી. વૃધ્ધત્વને અદકુ, અકારું અને આકરું બનાવે એવી બાબત છે જકડી રાખેલા સ્વભાવગત દોષો. આત્મપ્રશંસા જ કરતા રહેવું, ભૂતકાળને જ સતત વાગોળતા રહેવું, વડીલશાહીનો ડગલો પહેરીને સતત સલાહ સૂચના, પૂછે-વણપૂછ્યે આપ્યા કરવી, સંતાનોના અને સંબંધોના આંતરીક વ્યવહારમાં દખલ કર્યા કરવી, પાર વિનાની અપેક્ષાઓ રાખવી, નિષ્ક્રિયતા અને આળસની આળપંપાળ કર્યા કરવી – **આવા અનેક દોષોને નષ્ટ કરવાની અનિવાર્યતા રહે છે.**

વૃધ્ધત્વ, એ વેઠ વેંઢારવાનો કે મૃત્યુ માટેનો વેઈટિંગ પીરીયડ માનવાને બદલે ભરપૂર મોજ માણવાનો આખરી સોનેરી તબક્કો છે એવો અભિગમ જાળવી રાખવાથી વૃધ્ધત્વને ગૌરવ અને ગરિમા પ્રદાન કરી શકાય છે.

**આ સાથે એ પણ જાણી લેવાની જરૂર છે કે વયસ્કોની વસ્તીમાં ભારત વિશ્વમાં દ્વિતીય ક્રમે છે** અને વયસ્કોની જનસંખ્યા લગભગ અગિયાર કરોડ જેટલી અંદાજાય છે. પરંતુ વયસ્કો ધર્મ, જાતિ, જ્ઞાતિ અને સંપ્રદાયોમાં વહેંચાયેલા અને વિખરાયેલા હોવાથી, રાજકીય રીતે વોટબેંક તરીકે ધ્યાન કેન્દ્રિત કરાવી શક્યા નથી. વૃધ્ધો પૈકી મોટી સંખ્યામાં નિમ્ન મધ્યવર્ગ અને ગરીબી રેખા હેઠળ છે, જેઓ એમની અનેકવિધ સમસ્યાઓનું સમાધાન શોધવા સક્ષમ નથી ત્યારે આવા વર્ગ પ્રત્યે સમાજ અને સરકારો એમનું ઉત્તરદાયિત્વ નિભાવી એમને પ્રેમ, હૂંફ અને સાંત્વના આપે એ પણ એટલું જ આવકારદાયક

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૧ ઉપર)**

આરોગ્ય

# "મારા ૭૧ વર્ષના મમ્મી સમજાવવા છતાં કાંઈ સમજતા નથી, પોતાનું ધાર્યું જ કરે છે" – (૨) વર્તન તથા માનસિક લક્ષણો



ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગલા લેખમાં આપણે ડિમેન્સિયાના કેસ વિશે જાણકારી મેળવી. જેમાં વર્તણૂંક તથા માનસિક લક્ષણો મુખ્ય હતા (Behavioural and Psychological Symptoms of Dementia – BPSD). સ્મરણ શક્તિને લગતા લક્ષણો ગૌણ હતા.

ડિમેન્સિયા - સ્મૃતિભ્રંશના કિસ્સા સામાન્ય રીતે ૬૦ વર્ષની ઉંમર બાદ જોવા મળે છે. એક્ટર દિલીપકુમાર, અટલ બિહારી વાજપેયી, ભૂતપૂર્વ અમેરિકન પ્રમુખ રોનાલ્ડ રેગનને આ બીમારી થયેલ.

ભારતીય સંસ્કૃતિમાં પરિવારજનો તથા સમાજે સ્વીકારી લીધું છે કે ૬૦ વર્ષની ઉંમર બાદ ધીમે ધીમે યાદશક્તિ ઓછી થતી જશે. લગભગ બધી ભારતીય ભાષાઓમાં કહેવત છે કે "સાઠે બુદ્ધિ નાઠી."

ડિમેન્સિયાના કિસ્સાઓમાં દર્દી તથા પરિવારજનો જેટલા પરેશાન, યાદશક્તિ ઓછી થવાથી થાય છે એનાથી વધારે પરેશાન વર્તણૂંક તથા માનસિક લક્ષણોથી થાય છે. વર્તણૂંક તથા માનસિક લક્ષણોને મનોચિકિત્સક વધારે સારી રીતે સમજી શકે છે તથા વધારે સારી રીતે સારવાર કરી શકે છે.

## ડિમેન્સિયાના લક્ષણો

### માનસિક લક્ષણો

**૧. ભ્રમ (Delusions)** : ખોટી માન્યતાની જેમ ભ્રમ આવે. ગમે તેટલું સમજાવ્યા છતાં વ્યક્તિ સમજે નહીં. પોતાના વિચારોને જ સત્ય માને તથા એ ભ્રમ પ્રમાણે વર્તણૂંક કરે.

**વહેમ આવવા** : વ્યક્તિ પોતાની વસ્તુ ક્યાંક મૂકી દે, જે પછી યાદ આવતી નથી. વ્યક્તિને લાગે છે કે કોઈએ એ વસ્તુ ચોરી લીધી છે. ચોરીનો આરોપ પરિવારની વ્યક્તિ અથવા નોકર પર આવે. આને લીધે પરિવારમાં ગેરસમજ થાય છે.

બીમારીની શરૂઆતમાં પરિવારજનો આ ચોરીના આરોપને સાચો માને. જ્યારે વસ્તુ એ વ્યક્તિ (દર્દી) પાસેથી જ મળે ત્યારે સત્ય હકીકત સમજાય.

**૨. આભાસ થવો :**

આસપાસમાં કોઈ પણ ન હોય છતાં એનો ભાસ થાય. અન્ય વ્યક્તિઓ કે કુટુંબીજનોને આ ભાસ થતો નથી. પાંચેય ઇન્દ્રિયોમાંથી કોઈપણ એક અથવા વધારે ઇન્દ્રિયોમાં આ ખલેલ થાય.

(અ) 'શરીર પર જીવજંતુ આવે છે.' અન્ય વ્યક્તિને આ જીવજંતુ ન દેખાય. મેગ્નિફાઈંગ ગ્લાસથી પણ ન દેખાય.

(બ) 'મારી બાજુમાં માણસો બેઠા છે, વાતો કરે છે.'

(ક) 'દરવાજાની બેલ વાગી છે.'

(ડ) 'ઘણા વર્ષો પહેલા મૃત્યુ પામેલી વ્યક્તિઓ દેખાય.'

પરિવારજનો ગમે તેટલું સમજાવે છતાં વ્યક્તિ (દર્દી) સમજે નહીં.

**૩. સ્વજનોને ન ઓળખવા :**

નજીકના સ્વજનોને દર્દી ન ઓળખે અથવા એકના બદલે બીજાને ઓળખે.

**કેસ** : ૬૬ વર્ષની ડિમેન્સિયાથી પીડાતી મહિલાને મળવા પરદેશથી એનો સગો દીકરો આવ્યો. મહિલાએ પોતાના પતિને પૂછ્યું કે આ વ્યક્તિ કોણ છે? રાત્રે આપણા ઘરે શા માટે રહે છે? (દીકરો આઠેક વર્ષ બાદ આવ્યો હતો. છેલ્લા પાંચેક વર્ષથી ઘરમાં પતિ-પત્ની જ રહેતા હતા.)

**૪. લાગણી શૂન્યતા :**

સુખ કે દુઃખની લાગણી વ્યક્તિ (દર્દી) અનુભવી શકતી નથી તથા પ્રતિક્રિયા દર્દી બતાડતા નથી, વ્યક્ત કરતા નથી. ઘરમાં લગ્નનો પ્રસંગ હોય, બાળકનો વર્ષો બાદ જન્મ થયો હોય, નાની ઉંમરે સ્વજનનું મૃત્યુ થયું હોય તો દર્દીના મન પર અસર થતી નથી.

### વર્તણૂંકને લગતા લક્ષણો

**૫. ઊંઘની પ્રક્રિયા બદલાઈ જાય છે**

રાત્રે ઊંઘ આવતી નથી. આખી રાત દર્દી જાગે છે. પરોઢિયે કે વહેલી સવારે ઊંઘ આવે છે. દિવસે ઊંઘ આવે

છે. ૨૪ કલાકમાં સપ્રમાણ ઊંઘ મળી રહે છે. ઊંઘની (સરકેડિયન રીધમ) સાઈકલ બદલાઈ જાય છે.

**૬. બહાર ભટકવાનું વધી જાય છે**

દર્દી કોઈને પણ જણાવ્યા વગર ઘરની બહાર નીકળી જાય છે. ઘણી વખત રસ્તો યાદ રહે છે પરંતુ ઘણી વખત રસ્તો ભૂલી જાય છે. ઘરે પાછા આવવાનો રસ્તો શોધવામાં તકલીફ થાય છે.

રાત્રે દર્દીને ઊંઘ ન આવતી હોય તથા ગરના કુટુંબીજનો સૂઈ ગયા હોય ત્યારે દર્દી દરવાજો ખોલીને બહાર નીકળી જાય છે. ઘણી વખત દરવાજો બંધ પણ કરતો નથી. રાત્રે દરવાજો ખૂલ્લો રહે છે. આથી ઘરમાં ઘણી ગેરસમજ થાય છે.

**૭. ચીડિયાપણું / ગુસ્સો :**

ઘણી વખત નજીવી બાબતમાં ગુસ્સો આવી જાય. દર્દી સામે વ્યક્તિને મારવા દોડી જાય, અપશબ્દો બોલે. થોડોક સમય પછી ઘણી વખત દર્દીને આમાંનું કાંઈ યાદ ન રહે. પરિવારજનોને લાગે છે કે દર્દી જાણીજોઈને કહે છે કે યાદ નથી. વૈજ્ઞાનિક રીતે સાચે જ દર્દીને આ પ્રસંગ યાદ રહેતો નથી.

**૮. સાંજના ભાગમાં લક્ષણો વધારે (Sundowning) :**

સાંજના ભાગમાં જેમ તડકો ઓછો થાય એ વખતે લક્ષણો વધુ જોવા મળે છે. મુંઝવણ, ભૂલવાનું, આભાસ વગેરે વધી જાય છે અથવા એ વખતે જ જોવા મળે છે. સવારના તથા દિવસમાં એ વ્યક્તિ નોર્મલ હોય છે.

## ભૂલકણાપણું

**૯. સ્મૃતિ ભ્રંશ**

યાદશક્તિ ઓછી થાય છે. તાજેતરના, વર્તમાન પ્રસંગો યાદ રહેતા નથી. જૂના વર્ષો પહેલાના પ્રસંગો ઊંડાણમાં યાદ રહે છે. પરીચિત વ્યક્તિ કે વસ્તુના નામ યાદ રહેતા નથી. વસ્તુઓ ક્યાં મૂકી છે, કોનો ફોન આવ્યો હતો, કેટલા પૈસા કોને આપવાના છે, કોણ મળવા આવ્યું હતું, ગઈકાલે બપોરે શું શું જમ્યા હતા, ખાસ કરીને શાક શાનું બનાવ્યું હતું વગેરે યાદ રહેતું નથી.

**૧૦. અમુક ઘટનાઓ જ ભૂલાય છે**

દર્દીને જે ઘટના કે પ્રસંગમાં રસ હોય, કે જે પ્રસંગો જોડે લાગણી (ખાસ કરીને નકારાત્મક લાગણી) જોડાયેલી હોય એ પ્રસંગો જલ્દી ભૂલાતા નથી. આથી કુટુંબીજનોને લાગે છે કે દર્દી જાણી જોઈને ભૂલી જાય છે. ભૂલી જવું ડિમેન્સિયા બીમારીનું લક્ષણ છે. દર્દી જાણી જોઈને કે નાટક નથી કરતું.

**૧૧. નામ / શબ્દો ભૂલી જવાય છે**

શરૂઆતમાં વ્યક્તિ કે વસ્તુઓના નામ ભૂલી જવાય છે. પરંતુ એ વ્યક્તિ જોડેનો સંબંધ કે વસ્તુનો વપરાશ કેવી રીતે છે એ યાદ રહે છે (nominal aphasia).

યોગ્ય શબ્દો યોગ્ય સમયે યાદ આવતા નથી. જેથી બોલવાનું તથા પોતાના વિચારો સામેની વ્યક્તિને સમજાવવામાં તકલીફ થાય છે તથા ગેરસમજ થાય છે.

**૧૨. જમી લીધું હોય છતાં કહે છે કે જમવા નથી મળ્યું**

જમી લીધું છે એ દર્દી ભૂલી જાય છે અને દર્દી એમ કહે છે કે 'મને જમવા મળ્યું નથી.' દર્દી બીજીવાર એ વખતે વ્યવસ્થિત જમી લે છે. આથી પરિવારમાં ખૂબ જ ગેરસમજ થાય છે. કુટુંબીજનોને એમ લાગે છે કે 'વડીલની યોગ્ય સંભાળ લેવાતી નથી. મારા પપ્પાને સમયસર જમવાનું પણ મળતું નથી.'

**૧૩. નિત્યક્રમમાં તકલીફ :**

રોજિંદા નિત્યક્રમ – બ્રશ કરવું, નહાવું, કપડાં વ્યવસ્થિત પહેરવા વગેરે શરૂઆતમાં દર્દી કરી શકે છે પરંતુ ડિમેન્સિયાની બીમારી વધતાં આ કાર્યો વ્યવસ્થિત રીતે કરવા માટે તકલીફ થાય છે. મદદની જરૂરત પડે છે.

ઘણી વખત કપડામાં પેશાબ, સંડાસ થઇ જાય છે. દર્દીને આનું ભાન રહેતું નથી.

- **માનસિક તપાસ**
  **(Mental Status Examination – M.S.E.)**

સ્મરણ શક્તિની મનોચિકિત્સક તપાસમાં તાજેતરની સ્મરણ શક્તિ (Recent Memory) તથા ઓરિએન્ટેશનમાં નકારાત્મક પરિણામ મળે છે.

- **શારીરિક તપાસ :**

ડિમેન્સિયાના અન્ય કારણો (વિટામિન ઓછા હોવા, ડાયાબિટીસ, થાઈરોઇડ) વગેરેની તપાસ કરવી જરૂરી છે.

- **સારાંશ :**

૬૫ વર્ષ બાદ વર્તન તથા માનસિક લક્ષણો હોય તો મનોચિકિત્સક પાસેથી નિદાન કરાવી સારવાર કરવી જરૂરી છે.

દર્દી નાટક નથી કરતો પરંતુ આ એક બ્રેઇનની બીમારી છે જેમાં ન્યુરોટ્રાન્સમિટર્સ (રસાયણો) ઓછા થાય છે.

*(ક્રમશઃ)*

*શુભ વિચારોનું આયુષ્ય ટૂંકું હોય છે.*
*રવાના થઈ જાય એ પહેલાં અમલી બનાવી દેવા.*

આરોગ્ય

# થાઈરોઇડ ગ્રંથિના રોગો

વૈદ્ય નિષ્ઠા ઠક્કર

થાઇરોઇડ ગ્રંથિ એ શરીરનું મહત્ત્વનું અંગ છે અને શરીરના સ્વાભાવિક કાર્યોનું નિયમન કરવામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. આ થાઇરોઇડ ગ્રંથિના જુદા જુદા રોગની વાત કરીએ.

થાઇરોઇડ ગ્રંથિનું કાર્ય ખોરવાય તો શરીરમાં રોગની પરિસ્થિતિ પેદા થાય છે. શરીરના કાર્યો સુનિયોજિત રીતે ચાલે તે માટે થાઇરોઇડ ગ્રંથિના સ્રાવનું પ્રમાણ જળવાઈ રહે તે જરૂરી છે. થાઇરોઇડ ગ્રંથિમાંથી આવતા અંતઃસ્રાવો ટી-૩ અને ટી-૪ના પ્રમાણમાં ફેરફાર થાય તો શરીર પર તરત જ તેની અસર આવે છે.

થાઇરોઇડ ગ્રંથિને લગતા સામાન્ય રીતે થતા રોગો એટલે : (૧) હાઈપરથાઇરોઇડિસ્મ, (૨) હાઇપોથાઇરોઇડિસ્મ, (૩) ગોઇટર, (૪) ગ્રેવ્સ ડિસીસ, (૫) હાશિમોટોસ ડિસીસ, (૬) થાઇરોઇડ નોડ્યુલ્સ. આ સિવાયના પણ કેન્સર જેવા રોગ થાઇરોઇડ ગ્રંથિમાં થઈ શકે છે.

## ૧. હાઈપર થાઇરોઇડિસ્મ

જ્યારે થાઇરોઇડ ગ્રંથિમાંથી આવતા અંતઃસ્રાવોનું પ્રમાણ રક્તમાં વધવા લાગે છે ત્યારે શરીરના જુદા જુદા કાર્યો પર તેની અસર આવે છે. આ પરિસ્થિતિને હાઈપર થાઇરોઇડિસ્મ કહેવાય છે. હાઈપર થાઇરોઇડિસ્મ એ પુરુષોની અપેક્ષાએ સ્ત્રીઓમાં વધુ જોવા મળે છે. જો થાઇરોઇડ ગ્રંથિ વધુ પ્રમાણમાં અંતઃસ્રાવો બનાવે અને રક્તમાં છોડે તો શરીરમાં બેચેની થવા લાગે છે. હૃદયના ધબકારા વધી જાય છે. પરસેવો વધુ વળે છે અને મન મુંઝાવા લાગે છે. ધ્રુજારી થવા લાગે છે. કારણ વિના ચિંતા થવા લાગે છે. ઊંઘ ઓછી આવે, ત્વચા પાતળી થઈ જાય, વાળ વધુ ખરે અને નખ પણ જલ્દી બટકી જાય. વજન ઘટવા લાગે છે. માંસપેશીઓની તાકાત ઓછી થવા લાગે છે. આ બધા જ હાઈપર થાઇરોઇડિસ્મના લક્ષણ છે.

## ૨. હાઇપો થાઇરોઇડિસ્મ

હાઈપો-થાઇરોઇડિસ્મ એ હાઇપર થાઇરોઇડિસ્મથી ઊંધું છે. આ પરિસ્થિતિમાં થાઇરોઇડ ગ્રંથિ ઓછું કામ કરે છે અને એટલે અંતઃસ્રાવો ઓછા બને છે. એના કારણે શરીરને થાક વધુ લાગે છે, ત્વચા શુષ્ક થવા લાગે છે. ઠંડી વધુ લાગે, યાદશક્તિ ઓછી થવા લાગે છે, ડિપ્રેશન જેવું લાગે, કબજિયાત થઈ શકે. વજન ઘટી જાય, નબળાઈ પણ લાગે, હૃદયના ધબકારા ધીમા થઈ જાય. આ બધા જ હાઈપો-થાઇરોઇડિસ્મના લક્ષણ છે.

## ૩. હાશિમોટોસ ડિસીસ

આ રોગ શરીરના રોગપ્રતિકારક કોષોના કારણે થાય છે. ક્યારેક એવું થાય છે કે રોગપ્રતિકારક કોષો થાઇરોઇડ ગ્રંથિ પર જ હુમલો કરે છે અને તેના કોષોને નુકસાન પહોંચાડે છે અને તેની અંતઃસ્રાવો બનાવવાની શક્તિનો નાશ કરે છે. જેના કારણે હાઇપો થાઇરોઇડિસ્મ જેવી સ્થિતિ થાય છે. આના કારણે થાક લાગે, ડિપ્રેશન, કબજિયાત, વજન વધવું, શુષ્ક ત્વચા અને વાળ, માસિકમાં ગરબડ, ઠંડી વધુ લાગવી અને ગોઇટર જેવા લક્ષણો મળી શકે.

## ૪. ગ્રેવ્સ ડિસીસ

આ પણ ઓટો-ઇમ્યુન રોગ છે, જે રોગપ્રતિકારક કોષોના કારણે થાય છે. રોગપ્રતિકારક કોષો થાઇરોઇડ ગ્રંથિને નુકસાન પહોંચાડે છે. જેના કારણે તે વધુ કામ કરે છે અને વધુ સ્રાવો બને છે. જેના કારણે હાઇપર થાઇરોઇડિસ્મ જેવી સ્થિતિ આવે છે. જેના કારણે ચિંતા, બેચેની, થાક, હાથમાં ધ્રુજારી, હૃદયના ધબકારા વધી જવા, પરસેવો વધુ આવવો, ઊંઘ ઓછી થઈ જવી, ઝાડા, માસિક ચક્રમાં ફેરફાર, ગોઇટર, નજરમાં ફેરફાર વગેરે લક્ષણ જોવા મળે છે.

## ૫. ગોઇટર :

થાઇરોઇડ ગ્રંથિ જ્યારે આકારમાં વધવા લાગે ત્યારે ગોઇટર નામનો રોગ થાય છે. મોટેભાગે તે આયોડિન નામના ખનિજની ઉણપથી થાય છે. થાઇરોઇડ ગ્રંથિ બહારથી જોઈ શકાય તેટલી મોટી થઈ શકે છે. તેના કારણે ગળામાં સોજો લાગે છે. શ્વાસ લેવામાં અથવા ખોરાક ગળવામાં તકલીફ થવા લાગે છે. ઉધરસ અને શ્વાસ લેવામાં અવાજ આવે છે. અવાજ પણ બદલાઈ જાય છે.

૬. **થાઇરોઇડ નોડ્યુલ્સ :**

થાઈરોઈડ ગ્રંથિ પર અથવા તેની અંદર નાની-નાની ગાંઠ થાય છે જેને નોડ્યુલ્સ કહેવાય છે. મોટે ભાગે તે કેન્સરની નથી હોતી પણ અમુક સંજોગોમાં તે કેન્સરની પણ હોઈ શકે છે. મોટેભાગે જ્યાં આયોડિનની કમી હોય ત્યાં થાઈરોઈડ નોડ્યુલ્સ વધુ જોવા મળે છે. મોટેભાગે તેમાં કોઈ લક્ષણો નથી જોવા મળતા, પણ જો તે વધુ મોટા થઈ જાય તો ગળામાં સોજો અને ગળવામાં તકલીફ થઈ શકે છે. અમુક નોડ્યુલ્સ અંતઃસ્રાવો બનાવે છે જેના કારણે હાઈપર થાઈરોઈડિસ્મ જેવા લક્ષણો જોવા મળે છે. અમુક વખત આવા નોડ્યુલ્સ હાશિમોટોસ ડિસીસના કારણે પણ થાય છે. આવામાં હાઈપો-થાઈરોઈડ જેવા લક્ષણો જોવા મળે છે.

થાઈરોઈડના આવા જુદા જુદા રોગ થાય છે અને દરેકના નિદાન અને ચિકિત્સા જુદા જુદા હોય છે.

## વધતી ઉંમર સાથે યાદશક્તિ ખોવાની બીમારી

અલ્ઝાઈમર એ મગજ સંબંધી રોગ છે, જેની સીધી અસર વ્યક્તિની યાદશક્તિ પર થાય છે. વધતી ઉંમર સાથે વ્યક્તિ ધીમે ધીમે યાદશક્તિ ખોઇ બેસે છે. આજકાલ બદલાયેલી જીવનશૈલી અને ખોરાકના કારણે આ બીમારીનું પ્રમાણ વધી રહ્યું છે. જો કે યોગ્ય સમયે તેનું નિદાન થઈ જાય તો તેમાંથી ઘણી રાહત મળે છે. નિષ્ણાતોના મત પ્રમાણે **હવે આ બીમારી માત્ર વૃદ્ધાવસ્થા પૂરતી જ સીમિત નથી રહી, યુવાન લોકોમાં પણ તેના લક્ષણો દેખાય છે.** ઉંમર વધવાની સાથે તેમાં વધારો થાય છે. અલ્ઝાઈમરના દર્દીઓને રોજિંદા કામ કરવામાં પણ તકલીફ થાય છે. ઉપરાંત તેઓ કોઈ એક વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી. નિયમિત રીતે કસરત, પૌષ્ટિક આહાર અને જીવનશૈલીમાં યોગ્ય બદલાવ કરીને તેનાથી બચી શકાય છે. ધ્યાન અને યોગ પણ નિયમિત રીતે કરવાથી અલ્ઝાઈમર થવાના જોખમમાં ઘટાડો થાય છે. ઉપરાંત નિયમિત રીતે સવારમાં કસરત કરવી એ પણ અલ્ઝાઈમરના રોગ સામે રક્ષણ આપે છે.

## એચ.આઈ.વી. એઇડ્સથી બચવા રસી

વૈજ્ઞાનિકોએ ઘણી બધી ખતરનાક બીમારીઓ સામે રક્ષણ માટે રસીઓ વિકસાવી છે. ત્યારે હજુ પણ કેન્સર અને એઇડ્સ જેવી બીમારીઓની રસીમાં સફળતા મળી નથી. એચ.આઈ.વી. એઇડ્સની રસી વિકસાવવામાં સૌથી મોટી સમસ્યા એ છે કે તેના વાઇરસના સ્ટેન ઘણા પ્રકારના હોય છે. જેથી કોઈ એક રસી તેની સામે ફેઇલ થઈ જાય છે. ત્યારે હાલમાં સંશોધકોએ વિકસાવેલી એચ.આઈ.વી. એઇડ્સની નવી રસીના પરીક્ષણમાં ઘણા સારા અને હકારાત્મક પરિણામો આવ્યા છે. આ નવી રસીનું પરીક્ષણ દક્ષિણ આફ્રિકામાં રહેતા લોકો પર કરવામાં આવ્યું હતું. આ સંશોધનનો રિપોર્ટ સાઇન્સ ટ્રાન્સલેશન નામની જર્નલમાં પ્રકાશિત થયો છે. ૨૦૦૩ના વર્ષમાં થાઈલેન્ડની અંદર યુ.એસ. આર્મિ પર આ રસીનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ફરી વખત અન્ય ૧૦૦ લોકો પર તેનો પ્રયોગ કરાયો છે, જેમાં ઘણા સારા પરિણામો સામે આવ્યા છે. રિપોર્ટ્સ પ્રમાણે આ રસી વડે એઇડ્સના વાઇરસ સામે લડી શકે તેવા કોષોનું ઉત્પાદન થાય છે. આ રસીના હકારાત્મક પરિણામે એઇડ્સની સારવારમાં એક નવી આશા જગાવી છે.

## વાર્તા : ગુરુ પૂર્ણિમા!

**(અનુસંધાન : પાના નં. – ૨૯ ઉપરથી ચાલુ)**

સ્પોર્ટ્સમાં શ્રેષ્ઠ હતો. કૉલેજની હુતુતુની ટીમને રાજ્ય સ્તરે ચેમ્પિયન બનાવી હતી. પછી સી.એ. થયો, ઑફિસર પણ થયો. પણ તમે મને અન્યાય કર્યો તે આજે પણ યાદ છે.

હસમુખે શાંતિથી કહ્યું, 'તો આજની સર્ચ તેનું પરિણામ છે?'

બ્રિજેશ ચૂપ રહ્યો.

'સારો બદલો લીધો, તપાસ કર્યા વગર બેટા. જ્યારે તને ખબર છે કે મારો વાંક ન હતો, તો પછી મારા પર આ રીતે બદલો લેવાનો શું અર્થ? અને એનો અર્થ એ કે આ ભૂલો શોધી છે તે 'તેં' શોધી છે, ખરેખર હશે નહીં.'

બ્રિજેશ ચૂપ રહ્યો.

'બેટા, તને ખબર નથી કે તારા બનાવ પછી મારો શાળામાંથી જીવ ઉઠી ગયો. થોડા જ સમયમાં મેં શાળાની નોકરી છોડી દીધી અને ઘેર એક કમ્પ્યુટર લઇ તેના ક્લાસ શરૂ કર્યા. પછી થોડા વર્ષો પછી આ ધંધો શરૂ કર્યો. તને થયેલ અન્યાય મને પણ ગમ્યો ન હતો.'

બ્રિજેશ થોડીવાર મૂંગો રહ્યો. પછી હસમુખ પાસે આવીને તેને પગે લાગ્યો અને બોલ્યો, 'સાહેબ, આજે ગુરૂપૂર્ણિમા છે, વંદન કરું છું.'


હસમુખને શું બોલવું તેની સમજ ન પડી. પણ તેણે સ્મિત કર્યું.

બાબુ ચાલ્યો ગયો.

*ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

આરોગ્ય

# ટેસ્ટ ટ્યુબ બેબી



ડૉ. સુધીર ચી. મોદી

કોઈક વખત અમુક સમાજની વ્યક્તિ પાસેથી નવી વાત સાંભળીએ ત્યારે આંખો આશ્ચર્યથી પહોળી થઈ જાય. મગજમાં વિચાર આવે કે આ સમાજના લોકો પણ પ્રગતિ કરેલા સાયન્સની શોધખોળના લાભ લેવાની વાત કરે છે. કહેવાય છે ને કે Necessity is the mother of Invention. જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે નવી શોધખોળ થાય. તે પ્રમાણે જરૂર પડે ત્યારે નવી શોધખોળનો લાભ લેવાતો જાય છે. આવો જ અનુભવ મને દવાખાનામાં પેશન્ટની સારવાર કરતા થયો.

નવરંગપુરામાં મારા દવાખાને લખુડી તળાવ વિસ્તારમાંથી ઘણા ગરીબ અને અભણ દર્દીઓ સારવાર માટે આવે છે. તેઓ બીજા રાજ્યમાંથી અથવા ગામડેથી મજૂરી કરવા અહીં આવીને રહેતા થઈ ગયા હોય છે. લખુડી તળાવ વિસ્તારમાં આવા ગરીબ, પછાત જ્ઞાતિના અને અભણ લોકો રહે છે.

આવું જ એક કુટુંબ ખૂબ જ પછાત જ્ઞાતિનું કહી શકાય તેવું થોડા વર્ષોથી મારા દવાખાને આવે. આ લોકો વળગાડમાં માનતા હોય તેમજ ભૂવા પાસે જતા હોય છે. પરંતુ તાવ કે ઝાડા જેવી બીમારીમાં જ્યાં વિશ્વાસ પડ્યો હોય તે ડૉક્ટર પાસે પૂરા વિશ્વાસથી આવતા હોય છે. ઉપરાંત પૈસાના વ્યવહારમાં ચોખ્ખા હોય છે. જે હોય તે નિખાલસતાથી કહી દે છે. ડૉક્ટરને પણ કામ કરવાની મજા રહે કે આવા નિખાલસ ચોખ્ખા પેશન્ટ સારા કે પૂરી શ્રધ્ધાથી આવે છે અને ડૉક્ટરને પ્રામાણિકતાથી સારી ભાવનાથી કામ કરવાનો ઉત્સાહ રહે છે. ગૂગલ પર વાંચીને કે મનમાં ખોટો પૂર્વગ્રહ બાંધીને નથી આવતા અને ડૉક્ટર પર શંકા સાથે સારવાર નથી કરાવતા.

આ કુટુંબમાં ચાર જણા. પતિ, પત્ની, પુત્ર અને પુત્રી, પુત્ર હવે તો ૧૮ વર્ષનો થઇ ગયો હતો. પુત્રી લગભગ ૧૬ વર્ષની. પતિ ક્યાંક સામાન્ય ચોકીદાર જેવી નોકરી કરે. તેમની પત્ની નજીકના બંગલાઓમાં ઘરકામ કરવા જાય. તેમના પુત્રને જન્મથી હૃદયના વાલ્વની તકલીફ હતી (Congenital Heart Defect). તેના ઉપાય માટે ઘણી હોસ્પિટલો ફર્યા હતા. તેમના ગજા બહારનો ખર્ચ પણ કર્યો હતો. પરંતુ સુધારો ના થયો અને થોડા સમય પહેલાં ગુજરી ગયો. કુટુંબમાં પુત્ર વિયોગના દુઃખના વાદળ ઉતરી આવ્યા. માતા તો પુત્રને યાદ કરી ખૂબ જ દુઃખી રહેવા લાગી. તેને જમવાનું ના ભાવે, ઊંઘ ના આવે અને રડ્યા કરે. છ સાત મહિના પસાર થયા બાદ પણ દુઃખથી શોકમગ્ન રહ્યા કરે. વજન ઘટી ગયું, અશક્તિ લાગવા લાગી. તેમની પુત્રી ખૂબ જ સમજદાર અને ડાહી. માની સાથે ને સાથે રહે અને ધ્યાન રાખે. મારા દવાખાને કાયમ તે લઇને આવે. મને પણ દુઃખ થાય કે જુવાનજોધ દીકરો પરલોક જતો રહે ત્યારે તેની મા કેટલી દુઃખી રહ્યા કરે છે. ઘણા લોકો કહેતા હોય છે અને બધા જાણતા હોય છે કે દરેકનું મૃત્યુ તો નિશ્ચિત છે. છતાં આ પચાવવું અઘરું થઈ જાય છે. આમ ને આમ છ-સાત મહિના પસાર થઈ ગયા.

હમણા ૧૦ દિવસ પહેલાં દીકરી માતાની સારવાર માટે લઇને આવી. તે બહેનને વાઇરલ ફીવર હતો. મેં દવા લખવાની શરૂઆત કરી, ત્યાં દીકરી બોલી, 'સાહેબ, એક વાત કહું?'

મેં જણાવ્યું, 'બોલો, શું કહેવાનું છે?'

દીકરી બોલી, 'માની ટેસ્ટ ટ્યુબ બેબીની ટ્રીટમેન્ટ ચાલે છે. એટલે તે પ્રમાણે દવા આપશો.'

હું પણ એકદમ આશ્ચર્યચકિત થઈ ગયો અને મારી પેન થંભી ગઈ. અરે! આ લોકોમાં પણ ટેસ્ટ ટ્યુબ બેબીની જાણકારી આવી ગઈ. ૧૬ વર્ષની દીકરી પણ આ જ્ઞાનની માહિતગાર છે. કુટુંબ ટેસ્ટ ટ્યુબ બેબીની પદ્ધતિથી દીકરો મેળવવા પ્રયત્ન કરી રહ્યું છે. આ સમાજમાં લગ્ન નાની ઉંમરમાં થાય. એટલે તે બહેનની ઉંમર ૩૬ કે ૩૭ વર્ષની હતી. દીકરીએ ખાસ કાંઇ શિક્ષા મેળવી ન હતી, પરંતુ હોશિયાર હતી.

તેમની વાત સાંભળીને મેં પણ તાવથી રાહત થાય તેવી સામાન્ય દવા આપી.

તેમના ગયા બાદ મારું વિચારનું ચકડોળ ચાલુ થઈ ગયું. સમાજમાં દીકરાની ઝંખના રહેલી જ છે. ભણેલા કે અભણમાં, ગરીબમાં કે તવંગરમાં. 'બેટી બચાવો' ઝુંબેશ ચાલે છે. સાથે સાથે આ વાત પણ સમાજમાં ઘર કરી ગયેલી છે. મેડિકલ સાયન્સની નવી શોધખોળ અને સારવાર પદ્ધતિની વાત સમાજના દરેક સ્તરના લોકો સુધી પહોંચી ગઈ છે. આગળ લખ્યા મુજબ જરૂરિયાત તે પ્રમાણેનું જ્ઞાન કે સમજ મેળવવા કામ કરે છે.

*કવિ શ્રી સુરેશ દલાલની એક કવિતામાં પંક્તિઓ છેઃ*

***"શું જોવું, શું નહીં જોવાનું; એ માણસની બલિહારી,***
***એક બારણું બંધ કરે તો ખોલી નાખે બારી."***

***૩, સમૃધ્ધ કેપિટલ, આર્યવૃંદ ફ્લેટ પાસે,***
***પાણીની ટાંકીવાળો રોડ, સાયન્સ સિટી રોડ,***
***સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦. મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫***

વાર્તા

# ગુરુ પૂર્ણિમા!



હરેશ ધોળકિયા

હસમુખ સ્તબ્ધ બેઠો હતો અને જોતો હતો. તેની દુકાનનો એકાઉન્ટન્ટ આઈ.ટી. અધિકારી સાથે બેઠો હતો અને બંને જણા બહુ જ ધીમા અવાજે ચર્ચા કરતા હતા. બીજા અધિકારીઓ પાસે બેસીને સાંભળતા હતા.

મુખ્ય આઈ.ટી. અધિકારી યુવાન હતો. ફ્રેન્ચ કટ દાઢી હતી. આંખ પર ચશ્માં હતા. સફેદ વસ્ત્રો પહેર્યા હતા. ઈનશર્ટ કરેલ હતું. તેની આંખો તગતગતી હતી. ક્યારેક તે હસમુખ તરફ જોઈ લેતો હતો. બાકી એકાઉન્ટન્ટ સાથે જ ચર્ચા કરતો હતો.

હસમુખને સમજ પડતી ન હતી કે તેની દુકાન પર અચાનક આ રીતે આઈ.ટી. દરોડો શા માટે પડ્યો હતો. તે તો સ્વસ્થ રીતે ધંધો કરતો હતો. તેની કમ્પ્યુટર હાર્ડવેરની દુકાન હતી. બરાબર ચાલતી હતી. ખોટું કરવાનું તેને કંઈ કારણ ન હતું. તેના હિસાબો વ્યવસ્થિત હતા. દર વર્ષે તે ઑડિટ કરાવતો હતો. નિયમિત ઈન્કમટેક્ષ પણ ભરતો હતો. છતાં આજે સવારે દસેક વાગે તે હજી દુકાને આવ્યો હતો અને છાપું વાંચતો હતો, ત્યાં ચાર લોકો દુકાનમાં પ્રવેશ્યા. સરકારી અધિકારી જેવા લાગતા હતા. ટાઈ પહેરી હતી. આવી, પોતાનું આઈડેન્ટિટિ કાર્ડ બતાવ્યું અને કહ્યું કે તેઓ આઈ.ટી. ડિપાર્ટમેન્ટમાંથી આવ્યા હતા. દુકાનની સર્ચ કરવી હતી.

હસમુખ તો વિચારમાં પડી ગયેલો. પોતાની દુકાનની સર્ચ? આવું તો ક્યારે બન્યું પણ ન હતું. પોતે કોઈ મોટો વેપારી પણ ન હતો કે ખોટું કરે. હા, તેનો વેપાર વધતો જતો હતો, પણ સર્ચ કરવી પડે તેટલો ન હતો. તેણે પૂછ્યું પણ ખરું કે તેમને પોતાના જેવા નાના વેપારી પર કેમ શંકા ગઈ. અધિકારીએ તેનો જવાબ ન આપ્યો. પછી બોલ્યા કે તેમને તો કહેવામાં આવે તે કામ કરવાનું હોય. તેમને સૂચના મળી કે આ દુકાન તપાસવી. એટલે આવ્યા હતા.

હસમુખને આશ્ચર્ય તો થયું હતું, પણ ના પાડી શકે તેમ નહોતો. તેણે પોતાના એકાઉન્ટન્ટને કહ્યું કે તે બધો હિસાબ બતાવે. એટલે આખો દિવસ એકાઉન્ટન્ટ અને આ ચારે અધિકારીઓ સાથે કામ કરતા રહ્યા. એક અધિકારી એકાઉન્ટન્ટ સાથે બેઠા. બાકીના સ્ટોક વગેરે જોતા રહ્યા. આખી દુકાન ઉલટસુલટ કરી નાખી. એક એક વસ્તુ ઝીણવટથી તપાસી. ક્યારે સાંજ પડી ગઈ તેનો ખ્યાલ પણ ન આવ્યો. આજે હસમુખ ઘેર જમવા પણ જઈ શક્યો ન હતો. ઘેરથી ફોન આવેલ પણ હસમુખે વાત કરી અને પોતે નહીં આવી શકે એમ કહ્યું. કદાચ રાતે મોડું થશે એમ પણ કહ્યું.

હવે લાગતું હતું કે કામ પૂરું થયું હતું. છેલ્લી ચર્ચાઓ ચાલતી હતી. એકાઉન્ટન્ટ અને મુખ્ય અધિકારી હસમુખના ટેબલ પાસે આવ્યા અને ખુરશી ખેંચી બેઠા. હસમુખ તેમની સામે જોતો રહ્યો.

અધિકારીએ ખોંખારો ખાધો. પછી બોલ્યો, 'હસમુખભાઈ, તમારી દુકાનનું બધું જ જોઈ લીધું છે. આમ તો વ્યવસ્થિત દેખાય છે, પણ નાની નાની ઘણી ખામીઓ જોવા મળી છે. હિસાબોમાં પણ અવ્યવસ્થિતતા દેખાય છે.'

હસમુખ એકાઉન્ટન્ટ સામે જોઈ રહ્યો.

અધિકારી આગળ બોલ્યા, 'એકાઉન્ટન્ટે વ્યવસ્થિત કામ કરવાનો પૂરો પ્રયાસ કર્યો છે, છતાં નાની નાની અનેક ભૂલો રહી ગઈ છે. કદાચ તેનો ઈરાદો નહીં હોય, છતાં તે થઈ ગઈ છે. પરિણામે ઓડિટ પોઇન્ટ પર દંડ થાય તેમ છે.'

'કેટલો?' હસમુખે પૂછ્યું.

'દસેક લાખનો.'

'દસેક લાખ?' હસમુખના મોંમાથી રાડ નીકળી ગઈ.

'હા.'

એકાઉન્ટન્ટ નીચું જોઈ ગયો.

'બને નહીં. અમે બહુ જ નિયમિત રહીએ છીએ.' હસમુખને કળ વળતાં બોલ્યો. તે તો ચક્કર ખાઈ ગયો હતો. આવી ભૂલ ક્યારે હોય જ નહીં.

એકાઉન્ટન્ટે તેમને ચૂપ રહેવા ઈશારો કર્યો. પણ હસમુખ ન રહી શક્યો. બોલ્યો, 'સાહેબ, કંઈક ભૂલ થતી લાગે છે. આવું તો બને નહીં. હું હંમેશાં ચેક કર્યા કરું છું.'

અધિકારીની આંખ ઉંચી થઈ. તે કડક અવાજે બોલ્યા, 'તો શું અમે ખોટું તપાસ્યું છે?'

'એમ નથી કહેતો. પણ મને વર્ષોથી વેપાર કરવાનો અનુભવ છે. આ એકાઉન્ટન્ટ પણ પ્રામાણિક છે. મારે ખોટું કરવાની જરૂર પણ નથી અને ઈચ્છા પણ નથી. પૂરતું કમાઉં છું. શા માટે ખોટું કરું?'

'જે હોય તે. પણ આ દંડ તો થાય જ છે.' અધિકારી ઠંડકથી બોલ્યા.

હવે એકાઉન્ટન્ટ બોલ્યો, 'સાહેબ, કંઈક ઓછું કરવાની જરૂર છે. પહેલી વાર છે. જવા દો.'

'એમાં ઓછું શું થાય? નિયમ એટલે નિયમ.'

'સાહેબ, નિયમ તો હોય, પણ આપ ધારો તો ઓછું કરી શકો.'

હસમુખ સાંભળતો હતો.

એકાઉન્ટન્ટે સતત વિનંતી કરી. ત્યારે એક બીજો અધિકારી બોલ્યો, 'ઓછા થઈ શકે છે, પણ....'

એકાઉન્ટન્ટે તેની સામે પ્રશ્નાર્થ નજરે જોયું.

પેલો બોલ્યો, 'સાહેબને તમારે ખુશ કરવા પડે.'

'કઈ રીતે?'

'તમારો દંડ ઓછો કરી છ લાખ કરી શકાય તેમ છે. પણ સાહેબને તમારે બે લાખ આપવા પડે.'

હસમુખ તો ચૂપચાપ સાંભળતો હતો. તે સમજી ગયો પણ કશું ન બોલ્યો.

એકાઉન્ટન્ટ હસમુખ પાસે આવ્યો અને બોલ્યો, 'હસમુખભાઈ, સમાધાન કરી લો. નહીં તો સાહેબ વધારે દંડ ઠોકી દેશે.'

'પણ...'

'હસમુખભાઈ, કશું ન બોલો. દંડ બરાબર છે. બાકીનું સમજી લેશું.'

હસમુખ ભયાનક લાચારી અનુભવતો હતો. સરકારી અધિકારીઓ કેવા વિચિત્ર હોય છે તેનો તેને અનુભવ હતો. જરાક દલીલ કરશે તો દંડ ખૂબ વધારી નાખશે અને છતાં પોતાના તો લેશે જ. તેણે ચૂપચાપ એકાઉન્ટન્ટ સામે માથું હલાવ્યું.

એકાઉન્ટન્ટ બધાને થોડા દૂર લઈ ગયો. બધાએ ગણગણાટમાં વાતો કરી. થોડીવાર પછી બધા પાછા ત્યાં આવ્યા.

એકાઉન્ટન્ટે હસમુખને કહ્યું, 'સાહેબ માની ગયા છે. પતાવટ થઈ જશે.'

હસમુખ ચૂપ રહ્યો.

બાકીના અધિકારીઓ બહાર નીકળી ગયા. મુખ્ય અધિકારી પણ ઊભા થયા. હસમુખ અને એકાઉન્ટન્ટ પણ ઊભા થયા. દુકાનના બારણા પાસે આવ્યા.

અધિકારી બોલ્યા, 'હસમુખભાઈ ઓળખાણ પડે છે?'

હસમુખ તો તેની સામે જોઈ રહ્યો. બોલ્યો, 'હું તમને કેમ ઓળખું? આપણે કદી મળ્યા પણ નથી.'

'પણ હું તમને ઓળખું છું.'

'તમે ક્યારેક અહીંથી કમ્પ્યુટર ખરીદ્યા હશે.'

તે હસ્યો. 'સાહેબ....'

હસમુખ નવાઈથી તેને જોઈ રહ્યો. 'સાહેબ?' તે બોલ્યો, 'સાહેબ તો તમે છો.'

'એકવાર તમે પણ હતા ને.'

હસમુખે ધ્યાનથી તેની સામે જોયું. 'તમને કેમ ખબર?'

'હું તમારી પાસે ભણ્યો છું.'

હસમુખે આંખ મિંચી દીધી. એક પળમાં ભૂતકાળમાં ચાલ્યો ગયો. હસમુખની કારકિર્દી એક શાળામાં કમ્પ્યુટર શિક્ષક તરીકે શરૂ થઈ હતી. કમ્પ્યુટર નવું નવું આવ્યું ત્યારે હસમુખે જિજ્ઞાસાથી શીખી લીધું હતું. ત્યારે થોડી શાળાઓએ કમ્પ્યુટર શિક્ષણ આપવાની શરૂઆત કરી હતી. તેમાં એક શાળાએ તે બાબતે જાહેરાત આપી હતી. હસમુખે અરજી કરી હતી. ત્યારે તેનો કોઈ હરીફ ન હતો. તેથી શાળાએ તેને પસંદ કરી લીધો હતો અને તે કમ્પ્યુટર શિક્ષક બની ગયો હતો. થોડા વર્ષો શાળામાં કામ કર્યું. તેની પાસેથી અનેક વિદ્યાર્થીઓ પસાર થઈ ગયા હતા. દર વર્ષે પાંચ વિદ્યાર્થીઓને એસ.એસ.સી.માં કમ્પ્યુટર વિષય રાખવા દેવામાં આવતો. હસમુખ પસંદગી કરતો.

હસમુખને વિચાર આવ્યો કે તેના પસંદ કરેલ વિદ્યાર્થીઓમાંથી આ કોઈ હશે. તેણે આંખ ઉઘાડી. અધિકારી તીવ્રતાથી તેને જોતો હતો.

તેણે અધિકારીને પૂછ્યું, 'તમે આર.કે. શાળામાં ભણ્યા છો?'

અધિકારી હસ્યો. 'જી.' પછી બોલ્યો, 'મને નથી ઓળખી શકતા?'

હસમુખે ફરી તેના તરફ ધ્યાનથી જોયું. ચહેરાને ઝીણવટથી જોયો. પણ કશી જ પરીચિતતા ન દેખાઈ.

તેણે જવાબ આપ્યો, 'મને લાગે છે કે તમે નાના હશો ત્યારનો અને આજનો ચહેરો તદ્દન બદલાઈ ગયો લાગે છે. પાછા દાઢી, ચશ્માં વગેરે પણ અપરીચિતતા વધારે છે.'

'સંભવ છે. મારું નામ બ્રિજેશ.'

હસમુખે યાદ કરવાનો પ્રયાસ કર્યો. કશું યાદ ન આવ્યું.

'સોરી, યાદ નથી આવતું.' તે બોલ્યો.

'તો મારું નામ બાબુ.'

હસમુખના મનમાં ઝબકારો થયો. બોલ્યો, 'બાબુ પાઠક?'

'જી.'

હસમુખને બધું યાદ આવી ગયું. બાબુ ગરીબ વિદ્યાર્થી. માંડ માંડ ભણે. પણ ભણવામાં હોશિયાર. હસમુખે રમૂજમાં તેનું નામ બાબુ પાઠક પાડેલ અને કહેતો કે તેણે પંડિત બનવાનું છે. કમ્પ્યુટર પણ સરસ રીતે શીખતો હતો. એટલે જ્યારે પાંચ વિદ્યાર્થીને પસંદ કરવાનો સવાલ ઊભો થયો ત્યારે હસમુખે તેનું નામ પસંદ કરેલ. તેને કહી પણ દીધું કે તે એસ.એસ.સી.માં કમ્પ્યુટર લઈ શકશે.

પણ યાદી જાહેર થઈ ત્યારે બાબુનું નામ ન હતું. તેનાથી ઓછા હોશિયાર વિદ્યાર્થીનું નામ હતું. બાબુએ તેને પૂછ્યું પણ ખરું, પણ હસમુખને પણ ખબર ન હતી. તેને ભૂલ લાગી. તેણે તપાસ કરી જવાબ આપવા કહ્યું.

હસમુખ શાળાના આચાર્ય પાસે ગયો અને આ બાબતે પૃચ્છા પણ કરી. ત્યારે શાળાના ટ્રસ્ટી પણ બેઠા હતા. આચાર્યે કશો જવાબ ન આપ્યો. પણ ટ્રસ્ટી બોલ્યા, 'સાહેબ, જે કર્યું છે તે બરાબર છે.'

'પણ સર, બાબુ પેલા કરતાં હોશિયાર છે.'

'ભલે હોય. છતાં તેનું જ નામ રહેશે.'

'પણ આ તો અન્યાય છે.'

'નથી.'

'પણ આ બધાને ભણાવ્યા મેં છે. મારું ખરાબ લાગે.'

ટ્રસ્ટીનો અવાજ ઊંચો થયો. 'હસમુખભાઈ, જે છોકરો પસંદ કર્યો છે તે સવર્ણ છે, પેલો પછાત છે.'

'સાહેબ, હોશિયારીમાં એ બધું ન જોવાય. માત્ર હોશિયારી જ જોવાય.'

'બધું જોવાય. તમને ખબર છે 'આપણા' છોકરાઓ પાછળ રહે છે.'

'સર, આમાં 'આપણા' કે 'બીજા' ન જોવાય.' હસમુખ ઉકળી ઉઠ્યો.

'આચાર્યશ્રી, હસમુખભાઈને સમજાવી દો.' ટ્રસ્ટીનો અવાજ કડક થયો.

આચાર્યે લાચારીથી હસમુખભાઈ સામે જોયું.

હસમુખ ટેબલ પર હાથ પછાડી બહાર ચાલ્યો ગયો. બહાર નીકળતો હતો ત્યારે પાછળથી ટ્રસ્ટીનો અવાજ સંભળાયો, 'કશું બોલવાનું નથી. ચૂપ રહેશો. તમારી નોકરીનો સવાલ છે.'

બીજા દિવસે બાબુએ હસમુખને પૂછ્યું, 'સાહેબ, આમ કેમ થયું?'

હસમુખ શું જવાબ આપે? તે મૂંગો રહ્યો.

બાબુ રડતો રહ્યો. કરગર્યો, પણ કશું ન થઈ શક્યું...

હસમુખે તેની સામે જોયું.

બાબુએ – હવે બ્રિજેશે – તેની સામે જોયું અને બોલ્યો, 'સાહેબ, તમે મને તે દિવસે હડહડતો અન્યાય કર્યો. મને ખબર છે કે તે છોકરો તમારો સવર્ણ હતો અને હું પછાત. એટલે તમે મને હટાવી દીધો અને તમારાને પસંદ કરી લીધો. મને કેટલી તકલીફ થઈ હતી તેનો તમને ખ્યાલ છે?'

'બેટા,' હસમુખનો શિક્ષક જાગી ઉઠ્યો.

'બેટા ન કહો. હું તમારો દીકરો નથી. હું એક પછાત વ્યક્તિ છું. પછાત વ્યક્તિ સવર્ણ - કહેવાતા ઉચ્ચ વર્ગનો પુત્ર કેમ હોઈ શકે?'

'બેટા, તને સાચી વિગતની ખબર નથી.' હસમુખે છતાં એ જ સંબોધન કર્યું.

'કઈ સાચી વિગત?'

'બેટા, આ નિર્ણય મારો ન હતો.'

'મને ખબર છે, સાહેબ. પાછળથી ખબર પડી કે ટ્રસ્ટીનો સગો હતો એ છોકરો. પણ મારાથી પાછળ હતો માર્કસમાં. છતાં, કારણકે ટ્રસ્ટી ત્યારે છૂતાછૂતમાં માનતા હતા. તેથી મને નકાર્યો.'

પછી આગળ બોલ્યો, 'મને ખબર છે કે તમે કદાચ કહેશો કે તે તો ગાંધીવાદી હતા. હા હતા, પણ દેખાવ પૂરતા. તે તો જાહેરમાં પોતાનો વટ પડાવવા. અંદરથી તો કટ્ટર રૂઢિચુસ્ત હતા. માટે જ મને નકાર્યો.'

'પણ...'

'પણ સાહેબ, તમે મારું ઉપરાણું ન લીધું તેનું મને દુઃખ છે.'

'બાબુ, સોરી બ્રિજેશભાઈ, મેં ખૂબ દલીલ કરી હતી. મારું ન ચાલ્યું. હું પણ એક નોકર હતો.'

'એ હું ન સમજું. મેં તો માન્યું કે તમે પણ તેની સાથે હતા. મને ત્યારે ખૂબ લાગી આવેલ. પણ હું લાચાર હતો. ગરીબ હતો ને!' પછી આગળ બોલ્યો, 'પણ સાહેબ, તેને કારણે મારે શારીરિક શિક્ષણનો વિષય લેવો પડ્યો. અલબત્ત, મને તકલીફ ન હતી. હું તો તેમાં પણ હોશિયાર હતો. આરામથી પાસ થઈ ગયો. પછી કૉલેજમાં પણ ગયો. કૉલેજમાં

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૫ ઉપર)**

વાર્તા

# મોહબ્બતનો જખમ



મોહમ્મદ યુનુસ
નૂરમોહમ્મદ ગોલીબાર

*નોંધ : ક્યારેક નાદાનીવશ તો ક્યારેક કોઈ પ્રલોભન કે લાલચવશ આપણે પોતે જ આપણું ઘણું મોટું નુકસાન કરી બેસતા હોઈએ છીએ. શાંત વહેતા નીરમાં કાંકરી મારીને વમળ પેદા કરવામાં કદાચ આપણને મજા આવે છે. કહેવત છે કે વિનાશકાળે વિપરીત બુદ્ધિ! અહીં આ નવલિકામાં ભાઈ મોહંમદ યુનુસ હાજી નૂર મોહંમદ ગોલીબારે એવા જ એક યુવાનની વાત અંકિત કરી છે, જેણે સ્વહસ્તે પોતાના જીવનને ખારું બનાવી મૂક્યું છે. પોતાની જિંદગીના આનંદ પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. એક વાર્તા લેખક તરીકે લેખકશ્રીએ સાહિત્ય જગતમાં પોતાનું નામ રોશન કર્યું છે. આ સંદર્ભમાં તેઓશ્રીએ અનેક ઍવોર્ડ મેળવ્યા છે તે તેમની લોકપ્રિયતાનો બોલતો પુરાવો છે.*

*– તંત્રી મંડળ*

નિદા મારી ફોઈની દીકરી હતી. એ બેહદ ખૂબસૂરત અને બેહદ સમજદાર હતી. એના સિવાય મારી ફોઇને બીજું કોઈ સંતાન નહોતું.

મારી ફોઇના આલીશાન બંગલાની નજીક જ મારું મકાન હતું. જ્યાં હું મારી મા સાથે રહેતો હતો. મારા પિતાજી પરદેશમાં સરકારી ઑફિસર હતા. એ ત્યાં એકલા જ રહેતા હતા.

મને નિદા બહુ જ ગમતી હતી. હું આખો દિવસ ફોઇના ઘરે નિદા સાથે રમતો હતો. સ્કૂલમાંથી આવતાં જ હું સીધો નિદાના ઘરે જતો રહેતો અને ત્યાં જ નિદા સાથે રમતા રમતા સૂઈ જતો. મારી ફોઇ મને ખૂબ જ વહાલ કરતી હતી. એમને દીકરાની ખૂબ જ ઇચ્છા હતી.

મારા પિતાજીએ સાત વરસનો સમય લંડનમાં એકલો વીતાવ્યો. પછી કોણ જાણે એમના મનમાં શું આવ્યું કે એમણે મને અને મમ્મીને પણ લંડન બોલાવી લીધા.

લંડન પહોંચ્યા પછી મને નિદા બેહદ યાદ આવતી રહી. સાત દિવસ પછી મેં એને પત્ર લખ્યો.

હું જે વરસે લંડન આવ્યો એ વરસે મારી ફોઇના માથે આભ તૂટી પડ્યું. એટેક આવતાં મારા ફુઆનું અવસાન થયું. ફોઇ અને નિદા એકલા અટુલા રહી ગયા.

મારી ફોઈ ગજબની હિંમતવાળી સ્ત્રી હતી. એમણે પોતાના ગમને ભૂલી જઇને પોતાની દીકરી અને પોતાના પતિનો ધંધો સંભાળી લીધો.

સમય વીતવા લાગ્યો. મેં જુવાનીના ઉંબરા પર પગ મૂક્યો. નિદાના પત્રો હજુ પણ આવતા હતા. ફોઈની તબિયત હવે સારી નહોતી રહેતી.

સંજોગોવશાત બે મહિનાની રજા મળતાં હું માતા-પિતાની રજા લઇને ફોઇ અને નિદા પાસે આવી પહોંચ્યો. મને જોઈને ફોઇ અને નિદા તો ખુશીથી ઝુમી ઊઠ્યા.

હું ફોઇના ઘરે જ રહેવા લાગ્યો. નિદાનું આકર્ષક વ્યક્તિત્વ અને એની ખૂબસૂરતી મને એની તરફ ખેંચતી ગઈ. ફક્ત એક જ અઠવાડિયામાં નિદા મારા દિલોદિમાગમાં છવાઈ ગઈ. સાંજે નિદા સાથે બહાર ફરવા જવા લાગ્યો.

મેં મારી મમ્મીને પત્રમાં એ વાત લખી દીધી કે હું નિદાને હંમેશ માટે મારી બનાવવા માગું છું. મમ્મીએ મારી ઇચ્છાને ખુશીથી વધાવી લીધી અને ફોઇને પત્ર લખીને નિદાને મારા માટે માંગી પણ લીધી. ફોઈએ પણ તરત મંજૂરીની મહોર મારી દીધી.

મારી અને નિદાની સગાઈ થઈ ગઈ.

થોડાક સમય પછી મારા અને નિદાના લગ્ન થઈ ગયા. લગ્નમાં મારા માતા-પિતા બંને શામેલ હતા.

નિદા તમામ મિલ્કતની એકલી વારસદાર હતી. ફોઈએ પોતાની ફેક્ટરીના બધા જ કામકાજની જવાબદારી મને સોંપી દીધી. હવે મારી તમામ દુનિયા નિદા જ હતી. હું આખો દિવસ ફેક્ટરીમાં વિતાવ્યા પછી જ્યારે સાંજે ઘરે પહોંચતો ત્યારે નિદા મારી વાટ જોઈને જ બેઠેલી દેખાતી.

ફેક્ટરીનો બધો જ હિસાબ કિતાબ મારા હાથમાં હતો. મેં ફોઇને હિસાબ આપવાની કોશિશ કરી, ત્યારે એમણે મને ઠપકો આપ્યો. એ અવારનવાર કહેતી, 'બેટા ઝાહિદ! આ બધું તારું અને નિદાનું જ તો છે. હું તો હવે ફેક્ટરીનું કામકાજ કરતા કરતા થાકી ગઈ છું. તારા માથે આ બધી જવાબદારી નાખીને મારા દિલને ખૂબ જ શાંતિ મળી છે. હવે તું મારુ સુખ-ચેન છીનવાની વાત ન કરતો. હા, તું મારી દીકરીને ખુશ રાખવામાં જરાય કસર બાકી ન રાખતો.'

'નિદા મારી જિંદગી છે અને હું મારી જિંદગીને સારામાં સારી બનાવવા માગું છું.' મારો જવાબ સાંભળીને ફોઈ ખુશખુશાલ થઈ જતી.

મારે ત્યાં પહેલી દીકરી કરિશ્માએ આ દુનિયામાં આંખો ખોલી ત્યારે અમારી ખુશીઓમાં વધારો થયો. એનો ચમકતો ચહેરો મારી ચારેય તરફ રોશની ફેલાવી દેતો હતો.

પછી દિવસ વરસોમાં બદલ્યા. ત્યારે મારા આંગણામાં એક પછી એક ચાર ફૂલ ખીલી ગયા. મારા ચોથા બાળકના જન્મ વખતે મને ખબર મળી હતી કે મારી માની તબિયત બહુ જ ખરાબ છે. આ સાંભળતાં જ હું લંડન જતો રહ્યો. નિદાનું મારી સાથે આવવું ખૂબ જ મુશ્કેલ હતું. એ મારાથી જુદા થતી વખતે બહુ જ બેચેન હતી.

લંડન પહોંચીને હું લગભગ રોજ નિદા અને બાળકો સાથે ટેલિફોન પર વાત કરતો હતો. માની હાલત બહુ જ નાજુક હતી. મારા પહોંચ્યા પછી એ માંડ એક અઠવાડિયું જીવતી રહી. માના અવસાન વખતે હું પહેલીવાર રડ્યો હતો. નિદાએ એ દિવસે મને લંડન ફોન કર્યો ત્યારે એ પણ ફોન પર ખૂબ જ રડી અને મને દિલાસો આપતી રહી.

પિતાજી માની જુદાઈ સહન ન કરી શક્યા. ત્રણ જ દિવસ પછી એમને ઍટેક આવ્યો અને એ એટલી ચૂપકીદીથી મારાથી સદાય માટે જુદા થયા કે હું હેબતાઈ ગયો. નિદાને પિતાજીના અવસાનની ખબર મળી ત્યારે એ બાળકોને ફોઈ પાસે મૂકીને લંડન આવી પહોંચી.

હું એને અચાનક મારી સામે જોઈને હેરાન રહી ગયો. એની સૂજી ગયેલી આંખો જોઈને મને લાગ્યું કે એ આખા રસ્તે રડતી રહી હશે. એને નજીક આવેલી જોઈને મને થોડીક રાહત થઈ. થોડાક દિવસ પછી હું નિદા સાથે પાછો આવી ગયો. નિદા અને ફોઈની મહોબ્બતે થોડાક જ સમયમાં મારા જખમ ભરી દીધા.

એ દરમિયાન મારો સેક્રેટરી અકસ્માતમાં પડી ગયો. એ નોકરી છોડીને જતો રહ્યો. નવા સેક્રેટરી માટે મેં છાપામાં જાહેરખબર આપી. ઇન્ટરવ્યૂ માટે આવેલા ઉમેદવારોમાં બે યુવતીઓ પણ હતી, જેમાં એકનું નામ મીનાઝ હતું. એના જેવો ખૂબસૂરત ચહેરો અને બોલતી આંખો મેં પહેલા ક્યારેય જોયા નહોતા. મેં એને મારી સેક્રેટરી તરીકે રાખી લીધી. એને રાખ્યા પછી હું બહુ જ ખુશ હતો. એ મારા દિલોદિમાગ પર છવાઈ ગઈ હતી.

હું એના જ વિચારોમાં ખોવાયેલો કોણ જાણે ક્યારે ઘરે પહોંચી ગયો. દરવાજો નિદાએ જ ખોલ્યો. નાનું બાળક નફીસ એની ગોદમાં હતું. નિદાના મુસ્કુરાતા ચહેરા પર નજર પડતા જ જાણે હું ખોટા વિચારોથી મુક્ત થઈ ગયો. ત્યારે મેં મને પોતાને ખૂબ જ ધિક્કાર્યો.

સાંજ વીતી અને રાત આવી ત્યારે **મારા રૂમની બારીમાંથી મને તારાઓથી ટમટમતું આસમાન દેખાયું. મીનાઝ મારી કલ્પનાઓમાં ઊતરી આવી. મેં નિદા સાથે એની સરખામણી કરી ત્યારે એ બંનેમાં જમીન-આસમાનનો ફરક દેખાયો.** મીનાઝ વીસ-બાવીસ વર્ષની દૂબળી પાતળી ખૂબસૂરત યુવતી હતી. જ્યારે નિદા ચાર બાળકોની મા હોવાની સાથોસાથ બહુ જ સીધીસાદી હતી. મને દરેક રીતે મીનાઝ ચડિયાતી લાગી.

રાતે હું પથારીમાં સૂતો ત્યારે નિદા અમીન, કરિશ્મા અને રાજુને વાર્તા સંભળાવી રહી હતી. હું બેચેની અનુભવી રહ્યો હતો. નિદાની વાર્તા લાંબી થતી ગઈ અને કોણ જાણે મને ક્યારે ઊંઘ આવી ગઈ. સવારે ઊઠ્યો તો નિદા રસોડામાં હતી. હું તૈયાર થઈને ચૂપચાપ નાસ્તાના ટેબલ પર જઈ બેઠો.

'ઝાહિદ! આજે બને તો જરા વહેલા આવી જજો. કરિશ્મા માટે કપડાં ખરીદવાના છે.' નિદાએ મારી સામે જોયા વિના કહ્યું.

'નિદા, આ બધી શું મુસીબત છે?' હું ગુસ્સાથી બરાડી ઊઠ્યો. 'બાળકો અને બાળકોના કામ... આપણી પાસે વાતચીત કરવાનો બીજો કોઈ વિષય નથી રહ્યો?'

નિદાએ ચોંકીને મારી સામે જોયું અને પરેશાન થતા બોલી, 'ઝાહિદ, હું ચાર બાળકની મા છું અને તમે એમના પિતા છો. એમના કામ આપણે નહીં તો બીજું કોણ કરશે?'

હું નિદાને જવાબ આપ્યા વગર ત્યાંથી ઑફિસે જવા માટે નીકળી ગયો.

નિદા હવે મારા દિલમાંથી ઊતરવા લાગી હતી. એની જગ્યાએ મીનાઝ છવાઈ ગઈ હતી. હું નિદાથી દૂર થવા લાગ્યો. મને હવે એનું દરેક વર્તન અને આદત ખરાબ લાગતા હતા. મારો વધારે પડતો સમય મીનાઝ સાથે જ વીતવા લાગ્યો હતો.

એક દિવસ મીનાઝે મને અઠવાડિયા માટે ક્યાંક હિલ

સ્ટેશન ફરવા જવાની વાત કરી. મેં તરત એની વાત સ્વીકારી લીધી. પરંતુ એક અઠવાડિયા માટે નિદા સાથે કયું બહાનું કાઢીને મીનાઝ સાથે જાઉં, એ સમજમાં આવતું નહોતું.

હું ઘરે પહોંચ્યો ત્યારે નિદા બાળકોને ભણાવી રહી હતી. એ તરત મારી પાસે આવીને બેસી ગઈ. ઘણીવાર સુધી મારી સાથે વાતો કરતી રહી, પણ મારું મગજ તો બીજે ઠેકાણે હતું. એ ચા લેવા માટે જતી રહી. એ દરમિયાન મેં વિચારી લીધું કે મીનાઝ સાથે જવા માટે શું બહાનું કાઢવું છે. એ દરમિયાન બાળકો વચ્ચે તકરાર થઈ ગઈ. નિદા ચાનો કપ મારી પાસે મૂકીને બાળકોને સમજાવવા માટે જતી રહી.

હું ચૂપચાપ બેઠો રહ્યો. જ્યારે નિદા પાછી આવીને મારી પાસે બેસી ગઈ ત્યારે મેં ચાનો કપ ઉપાડ્યો. જેમાંની ચા હવે સાવ ઠંડી થઈ ગઈ હતી. મારી અંદરનો બધો જ બળાપો મારા હોઠે આવી ગયો. મેં ચાનો કપ ટેબલ પર પછાડ્યો અને ધૂંધવાઈ ઊઠતા બોલ્યો, 'આ તે ચા બનાવી છે? તને હવે ચા બનાવતા જ નથી આવડતી.'

નિદા આશ્ચર્યથી આંખો ફાડતા મારી સામે જોઈ રહી. 'ઝાહિદ! આ તમને શું થઈ ગયું છે? તમે કંઈક વિચિત્ર જેવી વાતો કરવા લાગ્યા છો. તમને મારા હાથની ચા ન ભાવી? તમે તો મારા હાથની ચાના વખાણ કરતા થાકતા નહોતા. આજે પણ આ ચા મેં જ બનાવી છે.'

'હા, એટલે જ એ સારી નથી બની. તને બાળકો સિવાય બીજી કોઈ વસ્તુનું ભાન નથી રહેતું. ન તારું કે ન મારું!' હું એટલું બોલતાં મારા રૂમમાં જતો રહ્યો. જ્યાં મને એવું લાગ્યું કે મેં નિદા સાથે ખૂબ જ ખરાબ ભાષામાં વાત કરી છે. મારું વર્તન એવું હતું કે બાળકો પણ ચોંકીને અમારી તરફ ટગર ટગર જોઈ રહ્યા હતા.

સવારે નોકરને કહીને હું અઠવાડિયા માટે નીકળી ગયો.

એ હિલ સ્ટેશનમાં મીનાઝ સાથે એક અઠવાડિયું ખૂબ જ ખુશીઓ સાથે વીત્યું.

જ્યારે ઘરે પાછો પહોંચ્યો ત્યારે રાત પડી ચૂકી હતી. બહાર લોનમાં ન બાળકો હતા ન નિદા. હું કંઈક મુંઝાયેલી હાલતે ડ્રોઈંગરૂમની અંદર પહોંચ્યો ત્યારે હસવાનો અવાજ સાંભળીને હું ત્યાં જ ઊભો રહી ગયો. નિદા પણ સતત હસી રહી હતી. મને દુઃખ થયું કે મારી ગેરહાજરીમાં એ જરા પણ પરેશાન નહોતી.

હું અંદર પહોંચ્યો ત્યારે ત્યાંનું દૃશ્ય મારી આંખોમાં અંગારા વરસાવી ગયું. **એક ખૂબસૂરત યુવાન નિદાના ગળામાં હીરાનો હાર પહેરાવી રહ્યો હતો અને નિદાનું હાસ્ય અને એની આંખોમાં ડોકાતી મહોબ્બત એને ખુશીઓથી નચાવી રહી હતી.** પાસે જ બાળકો અને ફોઈ બેઠા હતા અને એ મુસ્કુરાઈ રહ્યા હતા.

આ દૃશ્યએ મને ગુસ્સાથી આંધળો કરી દીધો. મેં ગુસ્સાથી કહ્યું, 'મને અફસોસ છે નિદા કે હું ખોટા સમયે આવી ગયો છું.'

મારો અવાજ સાંભળતા જ બધા ચોંકી ઊઠ્યા. મેં ફરી મારો ગુસ્સો ઉછાળ્યો, 'નિદા! હું તને એટલી સસ્તી નહોતો સમજતો કે તું એક હીરાના હારને સારું તારી વફાદારી વેચી દઈશ.'

'ઝાહિદ! ભાન છે તમને તમે શું બોલો છો?' નિદા બરાડી ઊઠી.

'ભાનમાં તો હવે આવ્યો છું નિદા! અને હવે ભાનમાં જ રહેવા માગું છું. હું તારા જેવી બદચલન ઓરતને એક પળ પણ સહન નહીં કરી શકું.' આ કદાચ મીનાઝનો જાદુ હતો, જે મારા હોઠો પર ઝેર બનીને બહાર આવી રહ્યો હતો.

'ઝાહિદ! હવે આગળ એક શબ્દ પણ ન બોલતો. ચૂપ થઈ જા.' ફોઈ તરફડી ઊઠતાં ખુરશી પરથી ઊભા થઈ ગયા.

'હા, હવે હું એક શબ્દ નહીં બલકે, ત્રણ શબ્દ બોલીશ – 'તલાક.... તલાક... તલાક.... મેં તારા ચાહવાવાળાની હાજરીમાં તને તલાક આપી દીધા છે. હવે તું મારાથી છૂટી છે.'

નિદા મારી પૂરી વાત સાંભળ્યા વગર બેહોશ થઈ ગઈ. એ જ સમયે ફોઈએ આગળ વધીને મારા ગાલ પર એક જોરદાર તમાચો મારી દીધો અને ધ્રુજારીભર્યા અવાજમાં બોલ્યા, 'ઝાહિદ! તું આવો નીચ માણસ બની શકીશ, એ હું સપનામાં પણ વિચારી નહોતી શકતી. **તેં નિદા જેવી ઓરત પર શક કર્યો, જે એક એક પળ તારા માટે, અને તારા બાળકો માટે અર્પણ કરી ચૂકી છે.'** એ પછી એમણે એ યુવાન તરફ ઈશારો કર્યો જે હવે નિદા પાસે ઝુકીને એને હોશમાં લાવવાની કોશિશ કરી રહ્યો હતો. એની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા. ફોઈ આગળ બોલ્યા, 'આ કેઝાર છે... મારો દીકરો! મારા ખોળે લીધેલી ઓલાદ...! જેને મેં મારું ધાવણ ધવડાવ્યું છે... મારું પોતાનું ધાવણ... નિદાનો ભાઈ છે આ...! ઝાહિદ...! તું શું બોલી ગયો એનું તને ભાન છે?'

મને લાગ્યું, જાણે મારા કાનમાં કોઈએ ધગધગતું સીસું રેડી દીધું હોય. મને યાદ આવ્યું કે નિદા મને અગાઉ બતાવી ચૂકી હતી કે ફોઈએ એક છોકરાને ખોળે લઈને એને ઉછેર્યો હતો અને એને મેટ્રિક કરાવ્યા પછી ભણવા માટે જર્મની મોકલી દીધો હતો.

મને મારી ભૂલનું ભાન થયું. હું સીધો બેહોશ પડેલી નિદા તરફ લપક્યો. પરંતુ ફોઈ નિદા અને મારી વચ્ચે ઊભા

થઈ જતાં બોલ્યા, **'ના ઝાહિદ! હવે તું નિદાને તલાક આપી ચૂક્યો છે. ખબરદાર! હવે તું એની નજીક પણ ગયો છે તો!'**

હું જાણે ભાનમાં આવી ગયો. પરંતુ તોફાન તો પસાર થઈ ચૂક્યું હતું. મારું બધું જ લૂંટાઈ ગયું હતું. હું થાકેલા પગલાએ ઘરની બહાર નીકળી ગયો. મારી પાછળ ફોઈના ડૂસકાં અને નિદાનું દુઃખભર્યું રૂદન ગૂંજી રહ્યા હતા. હું ઘરની બહાર આવ્યો તો મને આખી દુનિયા ઉજ્જડ અને વેરાન જેવી લાગી. મારી કાર બહાર ઊભી હતી, પણ એ કાર પર હવે મારો કોઈ હક્ક નહોતો. હું મારી બેવકૂફીને કારણે દરેક વસ્તુથી અળગો બની ગયો હતો. મારા માસૂમ બાળકો, વફાદાર અને મહોબ્બત કરવાવાળી નેક પત્ની, બધા જ મારાથી વિખૂટા પડી ગયા હતા.

હું મીનાઝના બનાવટીપણાથી મુક્ત થઈ ચૂક્યો હતો. એનો મેકઅપથી લપેડા કરેલો ચહેરો, ચુસ્ત કપડાં અને નવી નવી ફરમાઈશો મને યાદ આવી ત્યારે મને મારા દિલમાં એના માટેની કડવાશ ભરાઈ ગઈ.

હું મારા એક દોસ્ત વસીમ પાસે જતો રહ્યો. મેં એને બધી વાત કરી. કેટલાય દિવસ સુધી હું ત્યાં જ બંધ ઓરડામાં પડ્યો રહ્યો. મારી ભૂખ-તરસ ખલાસ થઈ ગઈ હતી.

એક સાંજે વસીમ આવ્યો ત્યારે એણે કહ્યું કે મીનાઝ મારી હાલત સાંભળીને દુઃખી જરૂર થઈ, પણ એણે મને મળવાની જરાય ઈચ્છા ન દેખાડી. હવે મારી પાસે ન તો દોલત હતી કે ન તો સમાજમાં ઊંચું સ્થાન.

એ દિવસ ને આજની ઘડી. કોઈ રાત એવી નથી વીતી કે જ્યારે મને નિદા અને બાળકો યાદ ન આવ્યા હોય. મારાથી જુદા થયા પછી નિદાની શું હાલત થઈ હશે એ વિચારૂં છું તો શરીરમાં ધ્રુજારી છૂટી નીકળે છે. **પોતાનાઓથી જુદા પડવાનું દુઃખ બહુ જ દુઃખદાયક હોય છે.** મારી આંખોમાં જાણે કાંટા ઊગી આવ્યા છે. હું નિદાને જોવા માગું છું, એને મળવા માગું છું, પરંતુ મારી જીભે બોલેલા શબ્દોનું ઝેર ખુદ મારા વજુદને ખલાસ કરી ગયું. આ ઘા તો ખુદ મેં જ કરેલો છે, એ અજબ જખમ છે. એનો કોઈ ઈલાજ નથી.

---

## દોસ્તી

(અનુસંધાન : પાના નં. – ૧૭ ઉપરથી ચાલુ)

આ ઉપકાર કેવી રીતે ચૂકવીશ?' ત્યારે રાજેશે વચ્ચેથી જ અટકાવતા કીધું કે, 'આપણી દોસ્તી વચ્ચે ઉપકાર શબ્દ ક્યારે પણ ના લાવીશ. દોસ્તીના કોઈ મૂલ્ય નથી હોતા. હું અહીં વૈભવી જીવન જીવીને ખુશીથી રહું અને મારો દોસ્ત આટલો દુઃખી હોય તો ધિક્કાર છે મને આવી દોસ્તી ઉપર, ધિક્કાર છે મને મારી આવી જિંદગી ઉપર... **દોસ્ત તો એને કહેવાય કે જે એકબીજાના સુખે સુખી અને એકબીજાના દુઃખે દુઃખી હોય.** દોસ્ત તો એ હોય જે તમારી જિંદગીને સંવારે, શણગારે અને જાહોજલાલી આપે. મેં તારા ઉપર કોઈ ઉપકાર કર્યો નથી. તું ખુશી-આનંદમાં રહીશ તો મને પણ ખુશી આનંદ મળશે. હવે તો મારી ખુશી ડબલ થઈ ગઈ છે. મારો દોસ્ત અને તેનો પરિવાર એક સંપન્ન જિંદગી જીવી રહ્યા હશે અને તેનો સંતોષ જ મને દિલમાં સુખ, શાંતિ અને આનંદ આપશે.' રાજીવ આ બધું જ સાંભળી રહ્યો અને પછી બોલ્યો, 'હવે હું જે કરીશ તે મારી ફરજ હશે.' આમ કહીને તેણે ફોન મૂકી દીધો.

રાજીવે પોતાનું આખું ઘર પાકું સમારકામ કરાવીને રંગરોગાન કરાવીને નવું બનાવી દીધું. બધા ઓરડા સજાવી દીધા. પછી એક સારો દિવસ જોઈને સપરિવાર રાજેશના માતા-પિતાના આંગણે જઈને ઊભો રહ્યો અને કહ્યું, 'હું તમને મારા ઘેર લઈ જવા આવ્યો છું. હવે તમારે અમારી સાથે જ રહેવાનું છે અને એના માટે તમારી ના સાંભળવા હું જરાપણ તૈયાર નથી.' રાજીવના આગ્રહની સામે રાજેશના માતા-પિતાએ નમતું જોખવું જ પડ્યું. રાજીવ રાજેશના માતા-પિતાને પોતાના ઘેર લઈ આવ્યો અને ખૂબ માનપાનથી રાખ્યા. તેની પત્ની અને બાળકો પણ તેમનો પડ્યો બોલ ઝીલવા તૈયાર રહેતા. રાજેશના માતા-પિતાને તો જાણે ગામમાં પોતાનો પરિવાર પાછો મળી ગયો. બંને દોસ્તોએ પોતપોતાની ફરજ બજાવીને દોસ્તીના નામને ઉજાળ્યું. રાજેશના માતા-પિતાએ પોતાના દીકરાને સઘળી હકીકત જણાવી ત્યારે રાજેશની આંખોમાંથી પણ અશ્રુઓની ધારા વહેવા લાગી. હવે તેને તેના માતા-પિતાની કોઈ ચિંતા રહી ન હતી.


આ વખતની દિવાળી રાજીવ અને તેના પરિવારની જિંદગીમાં ઝળહળતા દીવા લઈને આવી હતી અને રાજેશના માતા-પિતાની જિંદગીના પાછલા પડાવમાં રોશનીની કિરણ બનીને આવી હતી. મૈત્રીનો સૂર્ય રાત્રે પણ ઝગારા મારતો હોય છે. પછી રાત આપોઆપ દિવસ બની જાય છે.

***'મિત્રો અને મેડિસિન આપણા જીવનમાં લગભગ સરખો જ ભાગ ભજવતા હોય છે કારણકે બંને આપણા દુઃખ દર્દને હળવા કરવાનું કામ કરે છે પણ ફરક માત્ર એટલો છે કે મિત્રોની એક્સપાયરી ડેટ નથી હોતી...'***

*૭, દર્શન એપાર્ટમેન્ટ, કૈલાસ સોસાયટી,*
*મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી, અમદાવાદ-૭. મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩*

જીવન સાથી

# ભા... સાથે ભા —ની પસંદગી
## ભાભાની વાર્તા



બલવીરસિંહ જાડેજા

લંડનના લોર્ડ્સ ક્રિકેટના મેદાનમાં, ભારત - સાઉથ આફ્રિકાની વન ડે મેચમાં ભારતીય ટીમનો ઉત્સાહ વધારનારા, ભારતીયોમાં યુવાન ભાવિન પટેલ અને સિનિયર સિટીઝન મહેન્દ્રભાઈ ત્રિવેદી યોગાનુયોગ, આસપાસમાં જ બેસીને, ભારતની ટીમને પ્રોત્સાહિત કરી રહ્યા હતા. છેલ્લે જ્યારે ભારતીય ટીમની જીત થઈ ત્યારે ઢોલ નગારાના તાલ સાથે ભારતીય તિરંગો, લહેરાવતા સૌ નાચતા હતા. મહેન્દ્રભાઈએ તો, સૌથી અલગ, સામાન્ય લાડુ કે પેંડાને બદલે ખાસ ઘરે બનાવેલી દેશી ઘી ની સુખડીના ચાર-પાંચ મોટા પેકેટ લાવેલા. ઉત્સાહથી નાચતા, ભાવિનના મોંમાં એકને બદલે બે સુખડીના ચોસલા મૂકીને કહ્યું, 'સૌથી વધુ મીઠાઈ ખાવાનો હક્કદાર તું છો ભાઈ, તેં ભારતીય ટીમને સૌથી વધુ 'ચીયર અપ' કરેલ છે.'

સુખડી ખાઈને ભાવવિભોર થઈ ગયેલો ભાવિન બોલી ઉઠ્યો, 'અંકલ, સુખડી ખવડાવીને મને તમે મારા વતન વિજાપુરના જૈન તીર્થ મહુડીની સુખડીની યાદ તાજી કરાવી દીધી.'

'હા, અને મહુડીની સુખડી, જેમ ત્યાં જ ખાવી પડે અને ઘરે ન લઈ જવાય તેમ આ સુખડી પણ બધાને અહીં જ ખવડાવીને ખતમ કરવાની છે. માટે લે, બીજા ત્રણ ચાર ચોસલા ખા.' કહીને મહેન્દ્રભાઈએ આગ્રહ કર્યો.

'તું વિજાપુર બાજુનો છે? મારા સસરાનું ગામ પણ વિજાપુર તાલુકાનું છે.'

'અરે વાહ! બહુ સરસ! આપ લંડનમાં જ રહો છો કે બહારથી આવ્યા છો?'

'હું તો અહીં લંડનના વિમ્બલડનમાં જ રહું છું. સિવિલ એન્જિનિયર, ઈન્ડિયાથી બન્યા પછી, વધુ ભણીને પહેલા જોબ કરી, પછી રીઅલ એસ્ટેટના ધંધામાં, મકાનોની લે-વેચ તેમજ રીપેરિંગ - રીનોવેશન, ટીમ મારફત કરાવું છું. હવે બિઝનેસ દીકરાઓ સંભાળે છે. ઘર અને ઓફિસ સાથે જ છે. ગોડાઉન બીજે ઠેકાણે રાખ્યું છે. આમ તો મૂળ અમે સૌરાષ્ટ્રના, પણ વરસો પહેલા દાદા કેન્યા ગયેલા. પછી ભારત આવી સિવિલ એન્જિનિયર બનીને અહીં આવ્યા. યુવાનીમાં, રણજી કક્ષાનું ક્રિકેટ રમતો, એટલે શોખ' કહીને બોલકણા મહેન્દ્રભાઈએ વગર પૂછે પોતાની વિગત કહી દીધી.

'અરે મેં તો મારી વારતા કરી દીધી. તારા વિશે તો પૂછ્યું જ નહીં! તું શું કરે છે ભાઈ? શું નામ તારું એ તો કહે?'

'અંકલ, હું ભાવિન પટેલ. વિજાપુર પાસે પીલવાઈનો. હું પણ ઈન્ડિયામાં ગ્રેજ્યુએશન કરી, ગ્લાસગોમાં એમ.બી.એ. કરી છેલ્લા પાંચેક વર્ષથી લંડનમાં, સેલ્સબરી ચેઈન સ્ટોરમાં, માર્કેટિંગ એક્ઝિક્યુટિવ છું. હું પણ સ્કૂલ-કૉલેજમાં ક્રિકેટ રમતો, પણ પછી ભણવામાં રમવાનું છૂટી ગયું. પણ શોખ તો હજુ એવો જ છે.'

'અરે સરસ! પણ તું ક્યાં બેસે છે ભાઈ?' પૂછીને મહેન્દ્રભાઈના મનમાં ભારતથી આવેલી પોતાની નાની સાળીને, મેળ પડે તો, આ યુવાન મારફત ક્યાંક સેલ્સબરીના એકાદ સ્ટોરમાં ગોઠવી દેવાની ગણતરી, રમતી હતી.

અમારી ઑફિસ તો સેન્ટ્રલ લંડનમાં જ છે. પણ હું ત્રણથી ચાર દિવસ, પૂરા લંડનમાં આવેલ અમારી બ્રાન્ચિઝમાં ફરતો હોઉં છું. બાય ધ વે, આપની ઑફિસનું એડ્રેસ આપશો? કદાચ મારે ટૂંક સમયમાં જ આપનો સંપર્ક સાધવો પડે. મારે નવું હાઉસ ખરીદવાની ગણતરી છે. આપનો નંબર આપો તો ફોન કરીને અનુકૂળતાએ મળવા આવી શકું.'

'ચોક્કસ.' મહેન્દ્રભાઈને તો, મોં ખોલતા જ જાણે પતાસું મળી ગયું. 'પણ એક કામ કરને, આવતા વીક એન્ડમાં, શનિ કે રવિ, તને અનુકૂળતા હોય તે રીતે સમય લઇને, કુટુંબ સાથે લંચ લેવા મારી સાથે આવને, તો નિરાંતે બેસીને આપણે તારી જરૂરિયાત કે એરિયાની પસંદગી બજેટ વગેરે વિશે વાત કરી શકીએ.' કહીને મહેન્દ્રભાઈએ પોતાનું કાર્ડ આપ્યું અને પોતાના બે સ્વાર્થ માટે પાસો ફેંક્યો. એક તો સાળી માટે જોબ અને ભવિષ્યના રીઅલ એસ્ટેટના ગ્રાહક માટે.

'જરૂર અંકલ, પણ એક શરત! આજના જેવી સ્વાદિષ્ટ સુખડી લંચ સાથે ખવડાવવી પડશે. તો ચોક્કસ આવીશ.' કહીને હસતા હસતા વાત સ્વિકારી.

'જરૂર. આ સુખડી મારી નાની સાળી, જે હમણાં જ ઈન્ડિયાથી આવી છે તેણે જ બનાવી છે. બહુ સરસ રસોઇ બનાવે છે. મારી પત્ની અને સાળીને પણ વતન તરફના કુટુંબને મળવાનો આનંદ થશે.' કહીને સૌએ મળવાનું નક્કી કરી

ભારતના વિજયને વધાવતા છૂટા પડ્યા.

નક્કી કર્યા મુજબ, રવિવારે સવારે, મહેન્દ્રભાઈ ત્રિવેદી પરિવાર સાથે મહેમાનોની રાહ જોઈ રહ્યા હતા. ભાવિન પટેલે ઇન્ડિયાથી આવેલા પોતાની મમ્મી સાથે પહોંચીને બેલ વગાડી. મહેન્દ્રભાઈએ પોતાની સાળી ભારતીને જ દરવાજો ખોલવા કહ્યું. જેવો દરવાજો ખૂલ્યો કે, ભાવિન અને ભારતી એકબીજાને જોતાં જ અવાક્ થઈને, આશ્ચર્યથી ઊભા રહી ગયા. પછી ભાવિન અચાનક બોલી પડ્યો, 'ભ...ભ...... ભાભા... તું?'

'હાઆ... હું ભાભા, પણ તું....ભાભા?'

'હા' બોલીને ભારતી અને ભાવિન બંને આશ્ચર્ય અને ખુશીથી હસી પડ્યા.

કોઈને સમજ નહોતી પડતી કે આ બંને સમવયસ્ક એકબીજાને કઈ રીતે ઓળખે છે ને બોલાવે છે.

'આવ આવ ભાવિન...' કહીને મહેન્દ્રભાઈએ શાંતિનો ભંગ કરી મહેમાનોને આવકાર્યા.

'આ છે મારા મમ્મી.' કહીને ભાવિને માતાની ઓળખાણ કરાવી. 'તારું ફેમિલી?' મહેન્દ્રભાઈએ પ્રશ્ન કર્યો. 'હું ને મારા મમ્મી બે જ જણા જ છીએ.' કહીને ભાવિને પ્રશ્નનો અડધો જવાબ આપ્યો.

'આવો બહેન.' કહીને મહેન્દ્રભાઈના પત્ની સુરેખાએ, ભાવિનના મમ્મી જાનકીબહેનને આવકાર આપી બેસવા કહ્યું. ત્યાં જ મહેન્દ્રભાઈએ આશ્ચર્ય સાથે પૂછ્યું, 'તું ને ભારતી એકબીજાને કઈ રીતે ઓળખો છો ભાવિન? અને આ ભાભા-ભાભાનું શું રહસ્ય છે ભાઈ?'

**'ભાભા એટલે ભાવિન ભાઈલાલભાઈ પટેલ અને ભાભા એટલે ભારતી ભાનુપ્રસાદ પંડ્યા.** ભાભાપ અને ભાભાપં. પણ પછી થઈને રહ્યું ફક્ત ભાભા. અમે બંને પીલવાઈની પ્રાથમિક શાળામાં હતા ત્યારે અમારા એક વર્ગશિક્ષક આ રીતે હાજરી પૂરતા. **અમારા અને પિતાના નામના પહેલા બે અક્ષરના જોડકા બનાવી બોલતા,** જેમકે ભાભા એટલે ભાવિન ભાઈલાલભાઈ કે ભારતી ભાનુપ્રસાદ. અંત્ર એટલે અંકિત ત્ર્યંબકલાલ, ઉર એટલે ઉસ્માન રહેમતઅલી, આશા એટલે આકાશ શામજીભાઈ વગેરે વગેરે. મારી અને ભારતીની એ વખતની ઓળખાણ છે. જાનકીબહેન અને સુરેખાબહેન પણ સૌની સાથે અચરજથી જોઈને મરકી રહ્યા હતા.

ભાવિને વાત આગળ વધારી. 'હું ને ભારતી યોગાનુયોગ પ્રાથમિક શાળાથી કૉલેજ સુધી પણ સાથે ભણ્યા. એક જ તાલુકાના અને બાળપણથી સાથે અને પરિચિત એટલે અમારી સારી મૈત્રી. પણ ગ્રેજ્યુએશન કર્યા પછી છૂટા પડી ગયા. પછી આજે અચાનક મળ્યા.' ભારતી પણ હસતી હસતી ભાવિનની વાતને સમર્થન આપતી સૌને જ્યુસના ગ્લાસ આપી રહી હતી. મહેન્દ્રભાઈ તો હવે સાળીને ભાવિન દ્વારા ક્યાંક સેટ કરવી સાવ આસાન થશે એું વિચારી રહ્યા હતા.

જ્યુસ પીતા પીતા સુરેખાબહેને ભાવિનના મમ્મી જાનકીબહેનને હળવેથી પૂછ્યું, 'ભાવિનનું કુટુંબ ક્યાં છે? અહીં નથી? કે... એના લગ્ન નથી કર્યા, હજુ સુધી?' 'લાંબી વાત છે...' કહીને જાનકીબહેને પ્રશ્ન ટાળવાની કોશિશ કરી. ત્યાંજ ભાવિનની બાજુમાં પોતાનો જ્યુસનો ગ્લાસ લઈને બેસતા ભારતીએ પૂછ્યું, 'ભાભા તું હજુ એકલો જ છે? ક્યાં છે તારું ફેમિલી?' ત્યાં જ જાનકીબહેને વાતનો દોર હાથમાં લેતા કહ્યું, 'ભાવિનના લગ્ન તો એ ગ્રેજ્યુએટ થયા પછી તુરંત જ કર્યા હતા. પણ એને અહીં ગ્લાસગોમાં એમ.બી.એ. કરવા આવવાનું થયું. પછી એની પત્ની રમીલાને એકાદ વરસ પછી, હું ને ભાવિનના પપ્પા લઈને અહીં આવેલા પણ અહીં યુ.કે.ની ઠંડી એની પત્ની રમીલાથી સહન ન થઈ શકી, ને એ માંદી રહેવા લાગી. પછી એને ઇન્ડિયા પાછી લઈ ગયા ત્યારે ભાવિનનું છેલ્લું વરસ હતું. એ પછી તેને 'કેમ્પસ પ્લેસમેન્ટ'માં જ જોબની ઑફર મળી. રમીલા, ભાવિન ઇન્ડિયા પાછો આવીને ત્યાં સેટ થાય તેમ ઇચ્છતી હતી. ભાવિનને આવેલી તક, જતી કરવા દેવાની ઇચ્છા નહોતી. એટલે એણે ના પાડી. રમીલાના પરિવારે છૂટાછેડા માંગી લીધા જે અમે કોઈ જાતની બાંધછોડ વિના, આપી દીધા. ભાવિનના પપ્પાને ભાવિનનો લગ્નભંગ થયો એનો ખૂબ જ આઘાત લાગ્યો અને એના વિષાદ અને ચિંતામાં જ જતા રહ્યા. ભાવિનથી નાનો અતુલ, ભણવામાં ખાસ હોંશિયાર નહોતો એટલે એની ઇચ્છા મુજબ અમારી ખેતી સંભાળે છે. દીકરી પણ ત્યાં જ નજીકમાં એના સંસારમાં સુખી છે. મારે એક જ ચિંતા છે કે ભાવિન માટે યોગ્ય પાત્ર મળે એટલે હું જવાબદારીમાંથી મુક્ત થાઉં.' કહીને જાનકીબહેન લાગણીવશ થઈ ગયા.

'હશે બહેન, સમય સમયનું કામ કરે જ છે. ભાવિન આટલા હોનહાર છે તો એને યોગ્ય પાત્ર, મળી જ રહેશે.' કહીને સુરેખાબહેને સાંત્વન આપ્યું.

'હવે ભાવિન અને બહેનને ક્યાં સુધી ભૂખ્યા રાખશો?' મહેન્દ્રભાઈએ વાતાવરણ હળવું કરવા ટકોર કરી. 'અને હા, ભારતીએ બનાવેલી ક્રિસ્પી સુખડી ભાવિનને પીરસવાનું ભૂલતા નહીં. સુખડી ખવડાવવાની શરતે જ ભાવિને આપણું જમવાનું આમંત્રણ સ્વીકાર્યું છે.' સાંભળીને સૌ હસી પડ્યા.

જમીને બાકીના સૌ વાતે વળગ્યા ત્યારે મહેન્દ્રભાઈ અને ભાવિન, બાજુમાં આવેલી મહેન્દ્રભાઈની ઑફિસમાં ભાવિનના નવા ખરીદવાના ઘર માટે ચર્ચા કરતા, રૂપરેખા તૈયાર કરતા હતા. એ વિષય પૂરો થતા જ મહેન્દ્રભાઈએ ભારતી માટે, સેન્સબરી ડિપાર્ટમેન્ટલ સ્ટોરની કોઈ પણ શાખામાં કોઈ યોગ્ય જગ્યા હોય તો કે ખાલી પડે ત્યારે, ભાવિનને ભલામણ કરી. એકાએક ભાવિને પૂછ્યું, 'અંકલ, ભારતી કેમ એકલી છે?

એણે લગ્ન નથી કર્યા?'

'વાત એમ છે કે ભારતીના લગ્ન મારા સસરાએ એમના એક જૂના મિત્રના ભાઈના દીકરા સાથે કરેલા. છોકરો દેખાવડો અને ગ્રેજ્યુએટ થઈ નોકરી તો કરતો હતો પણ એક જ મહિનામાં લગ્ન પછી ભારતી પાછી આવી.' 'કેમ?'

'શું વાત કરું તને ભાવિન! બિચારીના કમનસીબ કે છોકરો પુરુષમાં નહોતો પણ સાથે સાથે માનસિક રીતે બીમાર હતો. રાત પડે પોતાની ઍબ છુપાવવા, ભારતી સાથે મારપીટ અને અમાનવીય વ્યવહાર કરવા લાગ્યો હતો. તેથી ભારતીએ છૂટાછેડા માંગી લીધા. પછી ભારતીને લગ્ન માટે ખૂબ સમજાવી પણ તૈયાર નથી થતી. ઇન્ડિયાથી એને અમે વાતાવરણ બદલવા અહીં વિઝા મેળવીને બોલાવી છે. હવે યોગાનુયોગ તું એનો જૂનો મિત્ર મળી ગયો છો તો મિત્ર તરીકે સમજાવી જો લગ્ન કરવા, કદાચ તારી વાત માને તો!'

'ભલે અંકલ, હું સમજાવીશ. પણ એ પહેલા હું ફોન કરું ત્યારે એને ઈન્ટરવ્યૂ માટે બધા સર્ટિફિકેટ સાથે એપ્લિકેશન લઈને મોકલજો.'

'ચોક્કસ.'

મહેન્દ્રભાઈને ભાવિન ઉપર વિશ્વાસ હતો કે, ભારતીને ક્યાંક જરૂર ગોઠવી દેશે. પછીની વાત પછી...

અને એક દિવસ ભાવિને, ભારતીને ઈન્ટરવ્યૂ માટે બોલાવીને સેન્સબરીના એક સ્ટોરમાં 'એક્ઝિક્યુટિવ મટિરિઅલ હેન્ડલિંગ' પોસ્ટ માટે ઈન્ટરવ્યૂ અપાવ્યો.

'ભાભા, તારો ઈન્ટરવ્યૂ તો સારો ગયો છે અને તારા અભ્યાસ અને અનુભવ મુજબ, એકથી વધુ જગ્યાઓ ખાલી પડી છે એટલે તારું સિલેક્શન થઈ જ જશે એવું લાગે છે. બોલ, હવે જો, તને જોબ મળી જાય તો મિત્ર તરીકે મને શું આપીશ?' હસતા હસતા એક રેસ્ટોરન્ટમાં કોફી ટેબલ પર બેઠેલા ભાવિને ભારતીને પૂછ્યું.

'તું માંગે તે! બોલ શું માગીશ?'

'હં... મને વિચારવા દે. કોફી પી ને વિચારીને જવાબ આપું.' કોફી પૂરી થઈ એટલે ભારતીએ પૂછ્યું, 'વિચારી લીધું તેં?' 'હા.' 'તો માંગ શું જોઈએ છે તને?'

'સાંભળ, તું અત્યારે ભાભા છો અને ભાભા રહેવા માંગે છે કે ભા સાથે બીજો અક્ષર જોડવા ઇચ્છા છે?'

પ્રથમ તો ભારતી કાંઈ સમજી ન શકી પણ વિચારતા જ એને ભાવિનના શબ્દનો અર્થ સમજાયો.

'જો ભાભા ઇચ્છે તો ભાભા રહેવાની ઈચ્છા છે કાયમ માટે. બાકી હવે ભા સાથે બીજો અક્ષર જોડવાની ઇચ્છા નથી.' અને બંને હસીને ભાભા રહેવા સંમત થયા.

બંને પ્રથમ ભાવિનના ઘરે પહોંચ્યા ત્યારે ભાવિને કહ્યું, 'મમ્મી, લે હું ભાભા, તારા માટે ભાભા, લઈ આવ્યો છું., ભાભા, ચાલ મમ્મીને પગે લાગીએ.' બંને જાનકીબહેનને પગે લાગ્યા ત્યારે જાનકીબહેન સમજી જતાં બંનેને આશીર્વાદ આપી મોં મીઠું કરાવી સૌ મહેન્દ્રભાઈના ઘરે જવા નીકળ્યા.

સુરેખાબહેને બારણું ખોલ્યું ત્યારે ભારતી એકલી જ ઘરમાં દાખલ થઈ. ભાવિન અને જાનકીબહેનને ઘરની બહાર જ ઊભા રાખેલા, જે સુરેખાબહેનને દેખાયા નહીં. 'શું થયું ભારતી તારા ઈન્ટરવ્યૂનું? ક્યારે જવાબ મળશે?'

'અરે દીદી, સિલેક્શન થઈ જ ગયું.'

'હેં?'

'હા, જુઓને સિલેક્શન કરનારને પણ હું સાથે લાવી છું.' કહી ભારતીએ ભાવિ પતિ અને ભાવિ સાસુને બોલાવ્યા. પહેલા અસંમજસમાં ઉભેલા સુરેખાબહેનને ભારતી અને ભાવિન સાથે પગે લાગ્યા ત્યારે જ એમને ખ્યાલ આવ્યો. આશીર્વાદ આપીને તરત જ એમણે પતિ મહેન્દ્રભાઈને સેલફોન લગાવ્યો.

**'અરે જલ્દી આવો ભાભાનું ભાભા સાથે સિલેક્શન થઈ ગયું.'**

મહેન્દ્રભાઈએ આવીને જોયું અને ભા અને ભા એમને પગે લાગ્યા ત્યારે સૌપ્રથમ એમણે બંનેના મોંમાં એક સાથે સુખડીના ચોસલા ખવડાવી ભાભાને અભિનંદન આપી ભેટી પડ્યા.

*૧૨, ઘરઆંગણ ફ્લેટ્સ, પ્રોફેસર્સ કોલોની સામે,*
*વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત* પુસ્તક લાઇબ્રેરી**

**સતત વાંચન જ્ઞાનને વધુ મજબૂત કરે છે...**

★ સમાજ સંચાલિત પુસ્તક લાઈબ્રેરીમાં તજજ્ઞ લેખકશ્રીઓના વિવિધ પ્રકારના ગુજરાતી, હિંદી તથા અંગ્રેજી ભાષાના માધ્યમવાળા લગભગ ૩૦૦૦ પુસ્તકો વાચકવર્ગ માટે ઉપલબ્ધ છે. ★ જેમાં બાળકો અને યુવાવર્ગ માટે રસપ્રદ અને ઉપયોગી પુસ્તકો સામેલ છે. ★ પુસ્તકોના લિસ્ટની નકલ વાચકવર્ગને મળી શકશે. ★ લાઈબ્રેરીનો સમય : સવારના ૧૧.૦૦થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી. ★ વાચકવર્ગને લાઈબ્રેરીના સભ્ય થવા અનુરોધ છે. ★ સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.

# વિવિધ માહિતી

## ઝડપી પ્રાણી : ચિત્તો

- ચિત્તો કલાકના લગભગ ૧૧૫ કિ.મી.ની ઝડપથી દોડે છે અને આ ઝડપ ગણતરીની સેકંડમાં જ મેળવી લે છે.
- ચિત્તાના શરીર પર કાળા રંગના ટપકાં હોય છે. પ્રત્યેક ટપકું દોઢથી બે ઇંચ વ્યાસનું હોય છે. તેના ચહેરા પર આંખથી મોં સુધી કાળી રેખાઓ તેની વિશેષ ઓળખ છે.
- ચિત્તા મોટેથી ગર્જના કરી શકતા નથી. બિલાડીનું મ્યાંઉ કે થોડી સેકંડના ઘૂરકિયા જ કરી શકે છે.
- ચિત્તાની નજર શક્તિશાળી હોય છે.
- ચિત્તાની મુખ્ય પાંચ જાત છે : એશિયન, નોર્થ આફ્રિકન, સાઉથ આફ્રિકન, સુદાની અને ટાન્ઝાનિયન ચિત્તા.
- ચિત્તાની સુંઘવાની શક્તિ ગજબની છે. તે જમીન સુંઘીને રસ્તો શોધી શકે છે.
- દોડતી વખતે ચિત્તાના શરીરની ગરમીમાં ૫૦ ટકાનો વધારો થાય છે. તે લાંબો સમય ઝડપથી દોડી શકતા નથી.
- ચિત્તા ડરપોક છે. તે અન્ય શિકારી પ્રાણી સાથે લડતા નથી.

## ટચ સ્ક્રીન ટેકનોલોજી

આધુનિક કમ્પ્યુટર, મોબાઇલ, લેપટોપ, એ.ટી.એમ.ના ડિસ્પ્લે વગેરેના સ્ક્રીનમાં ટચ સ્ક્રીન ટેકનોલોજી જાણીતી છે. માઉસની જરૂર નહીં, આંગળી મૂકી એટલે ક્લિક થાય. ટચ સ્ક્રીન ટેકનોલોજી ત્રણ પ્રકારની હોય છે. અલ્ટ્રાસોનિક તરંગોવાળી અને વીજભારનો ઉપયોગ કરતી બે અન્ય ટેકનોલોજી. જો કે ત્રણેની કાર્યરચના લગભગ સમાન છે.

ટચ સ્ક્રીનની શોધ સેમ્યુઅલ હર્સ્ટ નામના વિજ્ઞાનીએ કરેલી. તેના કાચ હેઠળ અલ્ટ્રાસોનિક વેજ્ઞ વહેતા હોય છે. આંગળીનો સ્પર્શ થાય તેટલા ભાગમાં આ વેજ્ઞ બંધ થઈ જાય છે અને તે પ્રમાણે કમ્પ્યુટર સંકેત મેળવીને આગળ વધે છે. વીજભારવાળા સ્ક્રીનમાં કાચના બે પડ હોય છે. બંને પડ વચ્ચે વીજભાર વહેતો હોય. આંગળીનો સ્પર્શ થાય ત્યાં વીજભારમાં વિક્ષેપ પડે અને ત્યાં 'ક્લિક' થઈ જાય. કમ્પ્યુટરનું કન્ટ્રોલર આ વિક્ષેપને ઓળખીને તે પ્રમાણે આગળ વધે છે.

## ફેફસાંનું મુખ્ય કામ લોહીને શુધ્ધ કરવાનું

લોહી માનવ શરીરમાં ફરીને વિવિધ અંગોમાં શક્તિ પહોંચાડે છે અને સાથે સાથે કેટલીક અશુધ્ધિઓનું શોષણ કરે છે. શરીરમાં ફરીને અશુધ્ધ થયેલું લોહી ફેફસામાં આવે છે. માણસની છાતીમાં ફેફસા નામના કોથળી જેવા બે અવયવો છે. તે નાક સાથે શ્વાસનળીથી જોડાયેલા છે. ફેફસાનું મુખ્ય કામ લોહીને શુધ્ધ કરવાનું છે. તે કેવી રીતે આ કામ કરે છે તે જાણવા જેવું છે. આપણે નાક દ્વારા શ્વાસમાં લઈએ છીએ તે હવા ફેફસામાં જાય છે. શ્વાસનળી ફેફસામાં અનેક શાખાઓમાં વહેંચાઈ ગયેલી હોય છે. છેવટે ખૂબ જ સૂક્ષ્મ નળી બને છે. ફેફસામાં અશુધ્ધ લોહી લઈને આવતી નળીઓ પણ વહેંચાઈને સૂક્ષ્મ બને છે. આમ રક્તવાહિની અને હવાની નળીઓ જાળુ બનાવે છે. રક્તવાહિનીના છેડે ગોળાકાર કોષો આવેલા છે. દ્રાક્ષના ઝુમખા જેવા આ કોષો હવાની નળીમાંથી ઓક્સિજન લઈને લોહીમાં ભેળવે છે. સાથે સાથે લોહીમાંનો કાર્બન ડાયોક્સાઇડ હવાની નળીમાં ધકેલે છે. ફેફસામાં આવા કરોડો કોષો હોય છે જે નરી આંખે દેખાય પણ નહીં. ફેફસાં સતત કામ કરીને શરીરના લોહીને શુધ્ધ રાખે છે.

## ટાઇટેનિક જહાજ

- ટાઇટેનિકની લંબાઇ ૮૮૨ ફૂટ અને ઊંચાઈ ૧૭૫ ફૂટ હતી. તેનું વજન ૪૬,૩૨૮ ટન હતું.
- ટાઇટેનિકમાં ચાર સિલિન્ડરવાળા બે સ્ટીમ એન્જિન હતા.
- ટાઇટેનિક ૪૬૦૦૦ હોર્સ પાવરથી ચાલતી. તે વધુમાં વધુ કલાકના ૪૩ કિ.મી.ની ઝડપે ચાલતી. તેમાં એક દિવસમાં ૮૨૫ ટન કોલસો વપરાતો.
- ટાઇટેનિકની વ્હીસલ ૨૦ કિ.મી. દૂર સુધી સંભળાતી.
- ટાઇટેનિક તેની પ્રથમ સફરમાં જ ડૂબી ગઈ ત્યારે તેમાં ૨૨૨૪ પ્રવાસીઓ હતા. તેમાંથી ૧૫૧૪ના મૃત્યુ થયેલા અને ૭૧૦ લોકો બચેલા.
- ટાઇટેનિકમાં બચાવ થયેલામાં બે કૂતરા પણ હતા.
- ટાઇટેનિકમાં ૧૩ નવપરીણિત યુગલ હતા.
- હિમશિલા સાથે અથડાયા પછી બે કલાક ૪૦ મિનિટે ટાઇટેનિક ડૂબવા લાગેલી.

*બુધ્ધિને વિવેક મળે ત્યારે અને શક્તિને સંયમ મળે ત્યારે એ આશીર્વાદરૂપ બને.*

## સ્ટેચ્યુ ઓફ યુનિટી

સરદાર પટેલ પ્રતિમા (સ્ટેચ્યુ ઓફ યુનિટી)નું તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ રાષ્ટ્રાર્પણ થયા બાદ પ્રથમ વર્ષમાં જ પ્રવાસીઓનો સતત ધસારો જોવા મળેલ છે.

- તા. ૧ નવેમ્બર, ૨૦૧૮થી તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ સુધી એક વર્ષના સમયગાળામાં કુલ ૨૭,૧૭,૪૬૮ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ છે.
- તા. ૧૦-૧૧-૨૦૧૯ સુધીમાં કુલ ૨૯,૩૨,૨૨૦ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ છે. આ પૈકી ૨,૯૧,૬૪૦ એટલે કે લગભગ ૧૦ ટકા પ્રવાસીઓએ તો ફક્ત ચાલુ સાલે દિવાળીના તહેવારોમાં જ મુલાકાત લીધેલ છે.
- ગઈ સાલની દિવાળીની રજાઓમાં સરેરાશ પ્રતિદિન ૧૪,૯૧૮ પ્રવાસીઓની સામે ચાલુ સાલે દિવાળીની રજાઓમાં સરેરાશ પ્રતિદિન ૨૨,૪૩૪ પ્રવાસીઓ નોંધાયા.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીની આસપાસ અનેરા પ્રવાસન આકર્ષણો ઉમેરાતા પ્રવાસીઓની સંખ્યામાં ૫૦.૪% વધારો થયો છે.
- એકંદરે સરેરાશ પ્રવાસીઓની સંખ્યા ૯૦૬૩ પ્રતિ દિન નોંધાયેલ છે. જે પૈકી સામાન્ય દિવસોમાં સરેરાશ પ્રવાસીઓની સંખ્યા ૭૦૩૦ પ્રતિ દિન તથા વીકએન્ડ એટલે કે શનિ અને રવિવારે સરેરાશ પ્રવાસીઓની સંખ્યા ૧૩૦૭૧ થાય છે.
- અત્યાર સુધીમાં કુલ આવક વધીને રૂા. ૮૦.૬૫ કરોડ થઈ છે.
- તાજેતરમાં કેવડિયા ખાતે તા. ૧-૯-૨૦૧૯થી રીવર રાફટિંગ તેમજ ૨૫-૧૦-૨૦૧૯થી સાઇકલિંગ જેવી પ્રવૃત્તિઓ વિકસાવવામાં આવેલ છે.

## નાયબ સેક્શન ઑફિસર વર્ગ-૩ નું સિલેક્શન કેવી રીતે થાય છે?

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક ૨૦, વર્ષ ૨૦૧૯-૨૦ અંતર્ગત ૧૫૪ ડી.વાય.એસ.ઓ.ની ભરતી પરીક્ષાનું આયોજન કરવામાં આવેલું. આ ભરતી પરીક્ષામાં ભાગ લેવાની શૈક્ષણિક લાયકાત કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાનો અભ્યાસ છે. વય મર્યાદા ૨૦ વર્ષ પૂર્ણ કરેલ હોવી જોઈએ અને ૩૫ વર્ષ પૂર્ણ થયેલ ન હોવા જોઈએ! જોકે વય મર્યાદામાં બિનઅનામત મહિલા માટે ૫ વર્ષની છૂટ (= ૪૦ વર્ષ), જ્યારે અનુસૂચિત જાતિ કે જનજાતિના મહિલા ઉમેદવાર માટે ૧૦ વર્ષની છૂટ (= ૪૫ વર્ષ) આપવામાં આવે છે. આ ઉપરાંત પૂર્વ સૈનિક ઉમેદવારો, વિકલાંગો વગેરે માટે પણ અનેક છૂટછાટો આપવામાં આવેલ છે. આ ભરતી પ્રક્રિયામાં રસ ધરાવતા ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરવાની થાય છે.

- **પસંદગીની પ્રક્રિયા :**

આ પરીક્ષામાં પસંદગીની પ્રક્રિયા બે તબક્કામાં યોજાય છે. પ્રાથમિક કસોટી જે એમ.સી.ક્યુ. પ્રકારની હોય છે તેમાં ૨૦૦ ગુણનું પ્રશ્નપત્ર હોય છે જેના માટે ૨ કલાકનો સમય હોય છે. કુલ બેઠકોના ૬ ગણા ઉમેદવારોએ મુખ્ય કસોટી માટે પસંદ કરવામાં આવે છે. જે લેખિત પ્રકારની કસોટી હોય છે જેમાં ગુજરાતી ભાષા, અંગ્રેજી ભાષા, સામાન્ય અભ્યાસ ૧ અને સામાન્ય અભ્યાસ ૨ એમ ૪ પ્રશ્નપત્રો હોય છે. ગુજરાતી અને અંગ્રેજી ભાષાના પ્રશ્નપત્રોનું સ્તર ઇંટર મિડીયેટ કક્ષાનું હોય છે. પ્રત્યેક પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનું હોય છે. આમ ૪૦૦ ગુણના મેરિટમાંથી શ્રેષ્ઠ દેખાવ કરનાર ઉમેદવારોને પસંદ કરવામાં આવે છે. વધુ માહિતી માટે જી.પી.એસ.સી.ની વેબસાઈટ રિફર કરવી.

- **ડી.વાય.એસ.ઓ. કેડર પરિચય :**

ડી.વાય.એસ.ઓ. એટલે કે ડેપ્યુટી સેક્શન ઑફિસર વર્ગ-૩ ના કર્મચારી ગણવામાં આવે છે. ગાંધીનગરમાં આવેલ ગુજરાત સરકારના સચિવાલયમાં તમામ મંત્રાલયો આવેલ છે. પ્રત્યેક મંત્રાલયમાં વિવિધ વિભાગો કાર્યરત છે. આ વિભાગોને વિંગ – પાંખમાં વહેંચવામાં આવેલ છે. તેની નીચે પ્રભાગો ડિવિઝન આવેલ છે. તેને વિવિધ બ્રાંચ - શાખામાં વહેંચવામાં આવે છે. આ પ્રત્યેક શાખામાં વિવિધ સેક્શન આવે છે. જેના વડાને સેક્શન ઓફિસર તરીકે ઓળખવામાં આવે છે. ડી.વાય.એસ.ઓ. તેમની અંતર્ગત કાર્ય કરે છે. આ પોસ્ટના અનેક આકર્ષણો છે. સૌથી મોટો લાભ બદલીનો છે. આ પોસ્ટ સચિવાલયની હોવાથી ગાંધીનગરની બહાર બદલી થઈ શકતી નથી. આમ કૌટુંબિક જીવન સારી રીતે સેટ કરી શકાય છે. બીજો લાભ જલદી બઢતીનો છે. સેક્શન ઑફિસર અને ત્યારબાદ ડેપ્યુટી સેક્રેટરી અને જોઇન્ટ સેક્રેટરી પણ બની શકાય છે. આ ઉપરાંત સચિવાલયની જોબ હોવાથી તમામ સરકારી અધિકારીઓ અને કચેરીઓ માનની નજરે જુએ છે – રેપ્યુટેશન ખૂબ છે.

*– હીરેન દવે*

*પૈસાની અમીરી વધતી જાય ત્યારે*
*દિલની ગરીબી ન વધતી જાય તેનું સતત ધ્યાન રાખવું.*

# ડિસ્ટન્ટ લર્નિંગ માટે કોર્સ અને યુનિવર્સિટી

આજના યુગમાં જ્યાં સમય વ્યવસ્થાપન એક નિર્ણાયક પરિબળ છે, ત્યાં કામમાંથી વિરામ લઈને ભણતર ચાલુ રાખવું મુશ્કેલ બની શકે છે. આવી પરિસ્થિતિમાં ડિસ્ટન્ટ લર્નિંગનું મહત્ત્વ ખૂબ જ વધી જાય છે. ડિસ્ટન્ટ લર્નિંગ દ્વારા જોબની સાથે ગ્રેજ્યુએટ પણ થઈ શકાય છે.

અહીં, આપણે ડિસ્ટન્ટ લર્નિંગ માટેના કેટલાક અભ્યાસક્રમ અને સંસ્થા પસંદ કરતી વખતે ધ્યાનમાં રાખવાના કેટલાક મુદ્દાઓની ચર્ચા કરશું જેની મદદથી ડિસ્ટન્ટ લર્નિંગના અનુભવ ખૂબ જ હકારાત્મક થઈ શકે છે.

**૧. અભ્યાસ સામગ્રીની ગુણવત્તા :**

અભ્યાસ સામગ્રીની ઉપલબ્ધતા અને ગુણવત્તા એ ડિસ્ટન્ટ લર્નિંગમાં સૌથી વધુ ધ્યાન પર લેવા જેવી બાબત છે કારણકે તેના દ્વારા જ પસંદ કરેલ પ્રોગ્રામ અને કોર્સ અંગેનું જ્ઞાન મળશે. ઘણી ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટ સમયાંતરે સંપૂર્ણ અભ્યાસક્રમનું સંશોધન કરીને તેમાં આવશ્યક ફેરફાર કરે છે. જેથી બદલાતા અભ્યાસક્રમ અનુસાર ટેક્સ્ટ બુક્સની ઉપલબ્ધતા ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા પૂરી પાડવામાં આવે છે કે નહીં તે બાબત પણ ધ્યાનમાં લેવી પડે છે.

**૨. ઝડપી પ્રતિક્રિયા :**

ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટની વિદ્યાર્થીના પ્રશ્નોના નિરાકરણ અંગેની ઝડપી પ્રક્રિયા પણ ધ્યાન પર લેવી પડે છે. સામાન્ય રીતે ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટ અભ્યાસ કેન્દ્રો ચલાવે છે જેથી સામાન્ય રીતે પ્રતિભાવની ગુણવત્તા વધુ સારી રહે છે. કોઈપણ ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટ પસંદ કરતી વખતે એડમિશન પ્રક્રિયા, ક્વેરી હેન્ડલિંગ અને અસરકારક પરામર્શની સરળતા વગેરેને પણ ધ્યાન પર લેવા હિતાવહ છે. જો કોઈ ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટ તમારા ઇ-મેઇલને જવાબ આપવા માટે ઘણા દિવસો લે છે, તો તેઓનું પ્રતિક્રિયા વ્યવસ્થાપન ખૂબ જ નબળું છે. જેથી આવા પ્રકારના ઇન્સ્ટિટ્યૂટમાં એડમિશન લેવું જોઈએ નહીં.

**૩. પરીક્ષા પદ્ધતિ :**

ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટની પસંદગી કરતી વખતે જે તે યુનિવર્સિટીની પરીક્ષા પદ્ધતિનો અભ્યાસ કરવો જોઈએ અને ત્યારબાદ જ અભ્યાસક્રમ અને યુનિવર્સિટી પસંદ કરવી હિતાવહ છે. પરીક્ષા પદ્ધતિ, સમયપત્રક, ઓનલાઇન પરીક્ષાની શક્યતાઓ વગેરેનો સર્વે કરવો આવશ્યક છે. જેથી પરીક્ષામાં સારું પ્રદર્શન કરીને વધુ માર્ક્સ મેળવી શકાય.

**૪. ઓનલાઇન સપોર્ટ :**

ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટની પસંદગી કરતી વખતે જે તે યુનિવર્સિટીની ઓનલાઇન સપોર્ટ સિસ્ટમની ઉપલબ્ધતા વિશે પણ જાણકારી મેળવવી હિતાવહ છે. ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટ પાસે ઓનલાઇન લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ હોવી જોઈએ, જેનો ઉપયોગ કરવો સરળ, ઇન્ટરેક્ટિવ હોવો જોઈએ અને લાઈવ ચેટ્સ, ક્વેરી મેનેજમેન્ટની સુવિધા હોવી જરૂરી છે. જો ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટ પાસે ઓનલાઇન અસાઇનમેન્ટ સબમિશન સિસ્યમ અને ઓનલાઇન માર્કિંગ સુવિધા ઉપલબ્ધ હોય, તો તે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે.

**૫. સ્ટુડન્ટ સપોર્ટ :**

વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ થાય તેના માટે સ્ટુડન્ટ સપોર્ટ સિસ્ટમ હોવી આવશ્યક છે. જેથી ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટની પસંદગી કરતી વખતે કોર્સ મટિરિઅલ, અસાઇનમેન્ટ અને પ્રોજેક્ટ વર્ક સબમિશન, પ્લેસમેન્ટ સપોર્ટ, ઓડિયો વિઝ્યુઅલ લર્નિંગ એઇડ્સ અને ઇ-લર્નિંગ સુવિધાઓ ઉપલબ્ધ છે કે નહીં તેનો ખ્યાલ રાખવો પડે છે. સફળ ડિસ્ટન્ટ લર્નિંગ સિસ્ટમના સફળતાયુક્ત અનુભવ માટે આવી બધી સુવિધાઓ હોવી ખૂબ જ આવશ્યક છે.

**૬. અભ્યાસ કેન્દ્રોની ઉપલબ્ધતા :**

ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટની પસંદગી કરતી વખતે તેની એડમિશન સિસ્ટમથી પરીચિત થવું પણ અનિવાર્ય છે અને તેની સાથે સાથે નજીકમાં અભ્યાસ કેન્દ્રોની ઉપલબ્ધતા વિશેની શોધ કરવી જોઈએ. જે-તે અભ્યાસ કેન્દ્રોમાં આવશ્યક કુશળતા અને અનુભવ ધરાવતા ફેકલ્ટી શિક્ષકો છે કે નહીં તેની તપાસ કરવી જોઈએ. કેટલાક અભ્યાસ કેન્દ્રોમાં વધારે પડતા વિદ્યાર્થીઓ હોય છે. તેથી વિદ્યાર્થીઓના ગુણોત્તરને કેન્દ્રમાં રાખીને અભ્યાસ કેન્દ્રોને શોધવા જોઈએ.

**૭. લેબ / લાઇબ્રેરી સપોર્ટ :**

ખાસ કરીને જ્યારે અભ્યાસક્રમના ભાગમાં પ્રાયોગિક વલણનું પ્રમાણ વધારે હોય ત્યારે લેબ / લાઈબ્રેરી સપોર્ટની આવશ્યક્તા ખૂબ જ વધી જાય છે. વિજ્ઞાન, એન્જિનિયરીંગ અને ફેશન ડિઝાઇન વગેરે જેવા અભ્યાસક્રમો વખતે આ સુવિધાઓનું મહત્ત્વ ખૂબ જ રહે છે. જો ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટ પાસે આ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ ના હોય તો અભ્યાસક્રમ સંપૂર્ણપણે થિયરી આધારિત થઈ જાય છે અને નિષ્ફળતાનો સામનો કરવો પડે છે.

**૮. ફેકલ્ટીની ગુણવત્તા :**

ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ લેવાના સમયે ઉપલબ્ધ શૈક્ષણિક સ્ટાફ વિશે માહિતી મેળવવી અનિવાર્ય બને

છે. જેના માટે ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટના અભ્યાસ કેન્દ્રોની મુલાકાત લેવાની થાય છે.

તદુપરાંત, ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટના બ્રોશર્સમાંથી ફેકલ્ટીની લાયકાત વિશે માહિતી મેળવી શકાય છે તેમજ ત્યાંના વિદ્યાર્થીઓ પાસેથી પણ શૈક્ષણિક સ્ટાફની માહિતી મેળવી શકાય છે.

**૯. માન્યતા :**

ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટની પસંદગી કરતી વખતે તેની માન્યતા વિશે ખરાઈ કરવી હિતાવહ છે. ખાસ કરીને વ્યવસાયિક અભ્યાસક્રમમાં મંજૂરી વિશે તપાસ કરવી પડે છે.

ઉદાહરણ તરીકે, એમ.બી.એ. અભ્યાસક્રમને એ.આઈ.સી.ટી.ઈ.ની મંજૂરી લેવાની રહે છે. બી.એડ. માટે એન.સી.ટી.ઈ.ની મંજૂરીની આવશ્યક્તા રહે છે.

આવા પ્રકારની માન્યતાઓના લીધે ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટ પાસે સંબંધિત અભ્યાસક્રમને ચલાવવા માટે આવશ્યક સુવિધાઓ અને કુશળતાઓ છે કે નહીં તેની ખાત્રી કરી શકાય છે.

**૧૦. ફી અંગેનું માળખું :**

ડિસ્ટન્ટ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટની પસંદગી વખતે ફી અંગેના માળખા વિશે અભ્યાસ કરવું આવશ્યક બને છે. જેના માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સંપર્ક કરીને ફીની સાપેક્ષમાં અપાતી વિવિધ સુવિધાઓ જેમકે અભ્યાસ સામગ્રીની ગુણવત્તા, સ્ટુડન્ટ સપોર્ટની ગુણવત્તા, પરીક્ષા લેવાની ક્ષમતા અને સમય પર પરિણામો પહોંચાડવા માટેની ક્ષમતા વિશે તપાસ કરી શકાય છે.

*– શબ્બીર અહેમદ ખત્રી*

# નિવૃત્તિ નજીક હોય ત્યારે ક્યાં રોકાણ કરશો?

નિવૃત્તિ ગમે તેવી પરિસ્થિતિમાં પોતાની સાથે પડકારો લઈને જ આવે છે, પરંતુ અર્થતંત્ર મંદ પડી રહ્યું હોય ત્યારે જો નિવૃત્તિ આવે તો તેના પડકારોને પહોંચી વળવું થોડું વધુ મુશ્કેલ બને છે. ઇક્વિટીમાં રસ ધરાવતા લોકો માટે પણ આ ચિંતાનો વિષય છે. નાણાં પ્રધાને તાજેતરમાં કોર્પોરેટ ટેક્સમાં મોટો ઘટાડો જાહેર કર્યો એ પછી શેરબજાર ૨,૨૦૦ પોઇન્ટ વધ્યું એ રાહતના સમાચાર હતા. પણ ગયા એક વર્ષમાં બેન્ચમાર્ક ઇન્ડેક્સ માત્ર ૨.૪ ટકા વધ્યો છે અને અર્થતંત્ર ફરીથી ધમધમતું બને એ તો હજીયે દૂરની વાત છે.

સામાન્ય રીતે નિવૃત્તિ નજીક આવે ત્યારે ઇક્વિટીમાં રોકાણ ધીમે ધીમે ઘટાડવું એવી સલાહ પર્સનલ ફાઈનાન્સ એડવાઈઝરો આપતા હોય છે. પણ સારી ગુણવત્તાના થોડા શેર કે ફંડ પોર્ટફોલિયોમાં હોય તો પોર્ટફોલિયો ચમકદાર બને છે. 'પોર્ટફોલિયોનો મોટો ભાગ સ્થિર આવકના સાધનોમાં હોવો જોઈએ, પણ ઇક્વિટીની સાવ અવગણના કરવી નહીં.' એમ એમ.કે. વેલ્થ મેનેજમેન્ટના રીસર્ચ હેડ જોસેફ થોમસ કહે છે.

'નિવૃત્તિ ભંડોળના રોકાણ વિશે અતિ સાવચેત બની જવાની ભૂલ મોટાભાગના લોકો નિવૃત્તિ સમયે કરે છે. નિવૃત્તિ પછી બીજી કોઈ આવક ન હોવાથી લોકોની જોખમ લેવાની વૃત્તિ ઘટી જાય છે એ સાચું, પણ એકદમ સલામત રહો તો તમારું ભંડોળ ભવિષ્યમાં કેટલો સમય ચાલે છે એને અસર થશે. રોકાણકારોએ ઇક્વિટી અને અન્ય રોકાણો વચ્ચે સંતુલન જાળવવું જોઈએ.' એમ હમ ફૌજી ઇનિશિયેટિવના સી.ઈ.ઓ. સંજીવ ગોવિલ માને છે.

● **પૂરતી પ્રવાહિતા રાખો :**

'મંદીના સમયે તમે નિવૃત્ત થતા હો તો ગભરાવાનું કારણ નથી. માત્ર એક કામ કરજો : થોડા વખત માટેની તમારી રોકડ નાણાંની જરૂરિયાતની જોગવાઈ કરી રાખજો. આવતા થોડા મહિના કે વર્ષમાં તમારે કેટલાં રોકડ નાણાં જોઈશે એ જાણીને રોકાણ કરવું ઉત્તમ છે. આમ કરવાથી રોકડની જરૂર પડે ત્યારે તે આસાનીથી મળી રહેશે. કટોકટી માટે નાણાં ઉપલબ્ધ થઈ રહે એ રીતે રોકાણ કરવું. જરૂર જણાય તો સિસ્ટમેટિક વિથડ્રોઅલ પ્લાનનો ઉપયોગ કરો' એમ જર્મિનેટ વેલ્થ સોલ્યુશન્સના સ્થાપક અને મેનેજિંગ પાર્ટનર સંતોષ જોસેફ જણાવે છે.

● **કટોકટી માટે ભંડોળ જાળવો :**

તબીબી કે નાણાંકીય કટોકટી માટે હંમેશાં તૈયાર રહેવું જોઈએ. કટોકટી ભંડોળ અલગ રાખવાના કામને અગ્રતા આપવી જોઈએ. 'આદર્શ રીતે જોઈએ તો નિવૃત્તિ ભંડોળની ૨૦ ટકા રકમ કટોકટી માટે અલગ રાખવી જોઈએ. નિવૃત્ત વ્યક્તિઓ માટે પૂરતી રોકડ રકમ હાથ પર રાખવી બહુ જરૂરી છે. મંદીના સમયે અસ્ક્યામતોનો ભાવ બહુ ઘટી જાય અથવા રિયલ એસ્ટેટની માફક તે તત્કાળ વેચી ન શકાય એવું બની શકે,' એમ જોસેફ માને છે.

કટોકટીના ભંડોળની બીજી રીતે પણ ગણતરી માંડી શકાય. તમારો મહિનાનો ખર્ચ ગણો અને છથી આઠ મહિના માટેની રકમ અલગ ભંડોળમાં રાખો. જે તમે ધારો ત્યારે વાપરી શકો. આ રકમ તમે શોર્ટ ટર્મ બેંક ફિક્સ ડિપોઝીટ કે લિક્વિડ મ્યુચ્યુઅલ ફંડમાં રોકી શકો.

● **ક્યાં કેટલી મૂડી ફાળવવી એ નક્કી કરો :**

નિવૃત્તિ પછી તમારે કેટલી રકમ કયા રોકાણને ફાળવવી

એ તમારી નાણાંકીય સ્થિતિ પર આધાર રાખે છે. 'માણસ પાસે પેન્શનની આવક હોય, કન્સલ્ટન્સી ફીની કમાણી હોય, ભાડાની આવક હોય કે મોટું ભંડોળ હોય – આ બધા સંજોગોને મૂડીની ફાળવણી નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવા જોઈએ. સારા પોર્ટફોલિયો માટે રોકડ નાણાં, નિશ્ચિત આવકનાં સાધનો અને ઈક્વિટીનું મિશ્રણ રાખવામાં શાણપણ છે,' એમ જોસેફ કહે છે. ગોવિલ કહે છે કે દરેક વ્યક્તિની જરૂરિયાત અલગ હોઈ શકે તેમ છતાં શરૂઆત તરીકે આ પ્રમાણે એસેટ ઍલોકેશન કરી શકાય.

★ ડેટ ઈક્વિટીનું પ્રમાણ ૭૦:૩૦. જેથી રોકાણમાંથી નિયમિત માસિક આવક આવતી રહે.

★ પાંચ વર્ષ પછીના નાણાંકીય ધ્યેય માટે ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ.

★ પાંચ વર્ષ પહેલા આવતા નાણાંકીય ધ્યેય માટે રોકાણનો મોટો હિસ્સો ડેબ્ટ મ્યુચ્યુઅલ ફંડ, બેંક એફ.ડી., કંપની એફ.ડી.માં.

● **પોર્ટફોલિયોમાં વૈવિધ્ય લાવો**

નિવૃત્તિની વય નજીક આવતી જાય એમ તમારે રોકાણને ડેટનાં સાધનો તરફ ખસેડવું જોઈએ. 'જે પોર્ટફોલિયોમાં ઈક્વિટી મુખ્ય હોય એને નિવૃત્તિનાં એક-બે વર્ષ અગાઉ ઓછો કરીને એવો બનાવવો જોઈએ જેમાં ઓછું જોખમ, વધુ સ્થિરતા અને પ્રવાહિતા રહે. આદર્શ રીતે ઈક્વિટીનું પ્રમાણ ઘટાડવું જોઈએ અને ફિક્સ્ડ ઈન્કમ, ડાયનેમિક ઈક્વિટી ફંડ અને ઓટો એસેટ ઍલોકેશન ફંડનું મિશ્રણ રાખવું જોઈએ. કેશ, સોનું, ફિક્સ્ડ ઈન્કમ અને ઈક્વિટી જેવી અસ્ક્યામતોમાં વિમાર્ગીકરણ કરવાથી અસ્ક્યામતોના ભાવમાં થતી વધઘટની અસર ઓછી કરી શકાશે,' એમ જોસેફ કહે છે. પરંતુ રોકાણના સાધન તરીકે રિઅલ એસ્ટેટથી દૂર રહેવું કેમ કે તેમાં પ્રવાહિતાનો અભાવ છે.

બજારમાં નબળાઈ હોય ત્યારે એસ.આઈ.પી. બંધ કરી દેવું એનાથી મોટી ભૂલ બીજી કોઈ ન હોય. ધ્યેય આધારિત આયોજન અને શિસ્તબદ્ધ એસ.આઈ.પી. સફળ થશે જ. પછી બજારનો માહોલ ગમે તેવો હોય. પરવડે તો અગાઉનું જ એસ.આઈ.પી. ચાલુ રાખો એમ ગોવિલ કહે છે. થોમસનું કહેવું છે કે નબળું બજાર પણ રોકાણની તક આપે છે. આ સમયે તમે એવું આયોજન અને રોકાણ કરી શકો જે ભવિષ્યમાં તમને મોટું વળતર આપે. 'બજારમાં આવતા તેજીમંદીના ચક્રને લીધે આર્થિક પ્રવૃત્તિઓમાં ભરતીઓટ આવે છે. આ સમયગાળાને અવસરમાં ફેરવી નાખવો જોઈએ. જેથી અત્યારે કરેલું રોકાણ જ્યારે આર્થિક પ્રવૃત્તિઓનો વેગ વધે અને બજારનો મુડ બદલાય ત્યારે લાભ આપી જાય.' ■

## ઇન્કમટેક્સ રિફંડ માટે....

આવકવેરાનું તમારું રિટર્ન ફાઈલ કરી લીધું હશે અને હવે કદાચ તમે રિફંડની રાહ જોતા હશો. પણ રિફંડ મળે એ પહેલાં તમારે કેટલીક વાતોનું ધ્યાન રાખવું પડે.

કરદાતાએ જરૂરથી વધુ ટેક્સ ભર્યો હોય તો એ રિફંડનો હક્કદાર બને છે. વ્યક્તિને કોઈ રકમની ચૂકવણી કરાય ત્યારે જે ટેક્સ કપાયો હોય – ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ – તે વધુ પડતો હોઈ શકે અથવા તો કરદાતાએ પોતે સેલ્ફ એસેસમેન્ટમાં જે ટેક્સ ભર્યો હોય એ જરૂરથી વધારે હોઈ શકે. રિફંડ વિવિધ સંજોગોમાં લાગુ પડે – ધારવા કરતા કરપાત્ર આવક ઓછી હોય, અગાઉ ન ધારી હોય એવી વધારાની કરકપાત મળે વગેરે.

કરદાતાને તેનું રિફંડ આપોઆપ મળી જાય એ માટે આવકવેરા વિભાગે તેના સેન્ટ્રલ પ્રોસેસિંગ સેન્ટર દ્વારા વિવિધ પગલા લઈને આખી વ્યવસ્થાને ઓટો મોડ પર મૂકી છે. પ્રક્રિયાને વ્યવસ્થિત કરવામાં આવી રહી છે અને કરદાતાને રિફંડ કોઈ જાતની મુશ્કેલી વગર મળી જાય એ માટે તેમાં સુધારા ચાલે છે. તેમ છતાં અમુક સંજોગોમાં કરદાતાઓને રિફંડ મળવામાં તકલીફ પડી શકે.

વધુ પડતો ટેક્સ ભર્યો હોય તો તેના રિફંડ માટે કેટલાક સાદા પગલા લેવા જોઈએ. એ વિશે થોડી વિગતવાર વાત જોઈએ.

પહેલું પગલું છે આકારણી વર્ષ માટે આવકવેરાનું રિટર્ન ભરવું અને તરત તેને ઇલેક્ટ્રોનિક રીતે ચકાસી લેવું. એક વાર ટેક્સ રિટર્ન ભરાઈ જાય અને કરદાતા તેને ચકાસી લે પછી આવકવેરા ખાતું તેનું પ્રોસેસિંગ કરશે અને રિટર્ન સ્વીકાર્ય હોય તો કરદાતાને એનો સંદેશ મળશે. સાથે રિફંડની માહિતી પણ મળશે.

● **રિફંડની સ્થિતિ પર ધ્યાન આપો :**

રિટર્ન ભરાઈ જાય અને આવકવેરા ખાતું તેનો સ્વીકાર કરે તેમજ રિફંડની માહિતી આપે એ પછી રિફંડ મળવામાં વિલંબ થાય કે વાજબી સમયમાં એ ન મળે તો તેની સ્થિતિ ચકાસવાના વિકલ્પો જુઓ.

● **કરદાતા આ વેબસાઈટ પર જઈ શકે**

http://tin.tin.nsdl.com/oltas / refundstatuslogin.html

જે આકારણી વર્ષનું રિફંડ બાકી હોય તે અને પાન નંબર ભરીને સબમિટ કરો એટલે રિફંડ કયા તબક્કે છે એની માહિતી

મળશે.

૨. કરદાતા આવકવેરા ખાતાની વેબસાઈટ પર પોતાના ખાતામાં જઈ શકે. ત્યાં જઇને My Accounts > Refund/ Demand Status પર ક્લિક કરવું અને જરૂરી માહિતી ભરીને રીફંડની માહિતી મેળવવી.

રિફંડના દરજ્જાની માહિતી મેળવવા માટે અમુક વાતો યાદ રાખવી.

**૧. આવકવેરાની બાકી રહેતી માંગ :** આવકવેરા ખાતું જ્યારે તમારું રિટર્ન તપાસે ત્યારે અગાઉનાં વર્ષોના બાકી રહેતા તમારા ટેક્સની વિગતો અચૂક જોશે. તમારા પાન નંબર સામે જો કોઈ ટેક્સની માંગ દેખાય તો એ પૂરી કરવા માટે તમને સંદેશો મળશે. જો કરદાતા એ માંગ પૂરી કરવા કોઈ પગલા ન લે તો એ બાકી રહેતી રકમ તમારા રિફંડમાંથી કાપી લેવામાં આવશે. કરદાતાએ અગાઉના વર્ષોમાં લેણી રહેતી કોઈ રકમ ભરવાની બાકી નથી એ ચકાસી લેવું જોઈએ અને જો હોય તો આવકવેરાની નોટિસ પહેલાં જ એ ભરી દેવી જોઈએ. જેથી રિફંડમાં સમય ન વેડફાય. આવકવેરાની વેબસાઈટ પર દર વર્ષે આ બધી માહિતી અપાય છે.

**૨. બેંકના ખાતાનું પ્રિ-વેલીડેશન કરાવો :** રિફંડની પ્રક્રિયામાં એક ફેરફાર કરવામાં આવ્યો છે. કરદાતાએ પોતાનું બેંક ખાતું આવકવેરાની સાઈટ પર પ્રિ-વેલીડેટ કરાવવું પડે છે. જેથી રિફંડની રકમ સીધી તેના બેંક ખાતામાં જમા થઇ શકે. એટલે રિટર્ન ભરતા પહેલાં કે સી.પી.સી. તેની પ્રક્રિયા શરૂ કરે તે પહેલાં કરદાતાએ બેંક ખાતાનું પ્રિ-વેલીડેશન કરાવી લેવું જોઈએ. આવકવેરા ખાતામાં તમારા બેંક ખાતાની જે વિગતો છે એ તપાસી શકો. 'Prevalidate Your Bank Account' અને 'Profile settings'માં જાઓ. જો વેલીડેટ ન થઈ હોય તો તરત જરૂરી પગલા લો. કરદાતાએ એકાઉન્ટ નંબર, એકાઉન્ટનો પ્રકાર અને આઈ.એફ.એસ.સી. કોડ ભરવાનો રહે. સાથે જ એ વાતનો પણ ખ્યાલ રાખવો કે બેન્કિંગ રેકર્ડમાં જે ઇ-મેઇલ આઈ.ડી. અને મોબાઈલ નંબર છે તે બરાબર છે. જો તમે બેંકની વિગતોમાં ફેરફાર કરવા માંગતા હો તો ઇ-ફાઇલિંગ પોર્ટલમાં જાવ. આઈ.ટી.આર. એકનોલેજમેન્ટ નંબર હાથવગો રાખવો. 'Filed ITR' બટન હેઠળ એ મળશે. ઇ-ફાઇલિંગ પોર્ટલમાં સર્વિસ રિક્વેસ્ટમાં જઇને નવી બેંક વિગતો ભરવી. પણ આઈ.ટી.આર. સ્ટેટસમાં 'પ્રોસેસ્ડ' બતાવાયું હોય તો એનો અર્થ એવો કે રિફંડની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આવા કેસમાં 'rectification request'માં જઇને રિટર્નમાં જરૂરી ફેરફાર કરવા. આવકવેરા ખાતું એની પહોંચ એસ.એમ.એસ. અથવા ઇ-મેઇલ દ્વારા મોકલશે.

**૩. જ્યુરીસડિક્શનલ ઓફિસર :** ક્યારેક એવું બને કે તમે જે ટેક્સ રિટર્ન ફાઈલ કર્યું હોય તે એવા ટેક્સ ઓફિસર પાસે તપાસ માટે આવે જે તમારા પાન નંબર પર અંકુશ ધરાવતા હોય. બેંગ્લુરુ સ્થિત સી.પી.સી. આ રીતે રિટર્નની વહેંચણી કરે છે. જે ઓફિસર પાસે તમારું રિટર્ન આવે તેણે તમે રિટર્નમાં આપેલી માહિતી ચકાસવાની રહે. આવા કિસ્સામાં ટેક્સ ઓફિસરને મળવું વધારે સારું. જેથી રિફંડની પ્રક્રિયામાં ઝડપ આવે. તમે રિટર્નમાં જે માહિતી આપી છે તેના પુરાવા હાથવગા રાખવા બહુ મહત્ત્વનું છે જેથી ઓફિસર જે પ્રશ્નો પૂછે તેના પ્રતિભાવમાં તમે યોગ્ય પગલા લઈ શકશો.

**૪. ફરિયાદની અપીલ ફાઇલ કરવી :** એક વધુ વિકલ્પ છે આવકવેરાની વેબસાઇટ પર ગ્રિવન્સ પિટિશન દાખલ કરવાનો. આ રીતે સી.પી.સી. કે જ્યુરીસડિક્શનલ અધિકારી પાસે રિફંડ મામલામાં ઝડપી નિકાલ આવી શકે.

ક્યારેક કરદાતાઓ સામે ટેકનિકલ મુદ્દાઓ આવે છે અને આવા કિસ્સાઓમાં મુદ્દાને સી.પી.સી. સમક્ષ રજૂ કરવા પડે. જેથી યોગ્ય પગલા લઈ શકાય. દાખલા તરીકે કોઈ ભારતીય વિદેશી નાગરિક બની ગયો હોય અને તેણે ભારતમાં પૈસા મોકલ્યા હોય અને પોતાનું બેંક ખાતું પ્રિ-વેલીડેટ કરાવ્યું હોય તો એ ખાતામાં રિફંડની રકમ મેળવવા માટે એને ઓનલાઇન રિફંડ રી-ઈસ્યુ વિનંતી ફાઈલ કરવી પડે. આધાર ઓ.ટી.પી. અથવા ડિજિટલ સિગ્નેચર થકી આ કામ કરવાનું રહે. વિદેશી નાગરિક આમ કરી ન શકે કેમકે તેની પાસે આધાર કાર્ડ કે ભારતીય મોબાઈલ નંબર હોય નહીં. આવી સમસ્યાઓના નિકાલ માટે આવકવેરા ખાતાએ યોગ્ય નિકાલ પૂરો પાડવો જોઈએ.

કરદાતા સમયસર રિટર્ન ફાઈલ કરે અને જરૂરી પગલા લે તો રિફંડની પ્રક્રિયા સમયસર પૂરી થઈ શકે.

- **રિફંડ ન મળે તો શું કરવું?**

જો તમને રિફંડ ન મળે તો કેવા પગલા લેવા એ જોઈએ.

'Service Request'માં જાઓ જે 'My Account'માં મળશે. પછી 'New Request' માં જઇને 'Refund Reissue' પસંદ કરો.

આટલું કરો અને તમારું રિફંડ જલ્દી તમારા બેંક ખાતામાં આવી જાય એની રાહ જુઓ. ■

*સુવાસ વિનાનું પુષ્પ અને*
*ઉદારતા વિનાની સંપત્તિ બંને બેસ્વાદરૂપ છે.*

# અન્ય સંસ્થા સમાચાર

## બહુઆયામી વ્યક્તિત્વને ગૌરવ પ્રદાન

## કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા ડૉ. કાંતિ ગોર તથા પ્રભાશંકર ફડકેને એવોર્ડ પ્રદાન થયા

### ડૉ. કાંતિ ગોર

અધ્યયન - અધ્યાપન, વાંચન - લેખન, વક્તૃત્વ - અભિનય, વ્યાયામ - આયુર્વેદ, જ્યોતિષ - કોમ્પ્યુટર જેવા વિવિધ વિષયોમાં કૌશલ્ય ધરાવતા ડૉ. કાંતિ ગોર બહુ આયામી વ્યક્તિત્વ ધરાવે છે. પડકારનો સામનો કરવો એમની પ્રકૃતિમાં અને પ્રવૃત્તિમાં છે. કોઈ પણ અજાણ્યા વિષયમાં વિદ્યાર્થી - જિજ્ઞાસુ બની પ્રવેશવું અને શિક્ષક બની બહાર આવવું તેમનો શોખ છે.

આવી જિજ્ઞાસાવૃત્તિથી જ કાંતિભાઈ કચ્છી સાહિત્ય તરફ વળ્યા અને પછી તો જુલિયસની વિખ્યાત ઉક્તિ 'હું આવ્યો, મેં જોયું, મેં જીત્યું'ને ચરિતાર્થ કરતા હોય તેમ થોડા સમયમાં કચ્છી સાહિત્યના સર્જનથી સંમાર્જન પર્યંતની અનેકવિધ પ્રવૃત્તિઓમાં ઝંપલાવી, પ્રગતિ કરી રહ્યા છે.

આમ તો કચ્છી કાંતિભાઈની ધાવણની ભાષા હોઈ કચ્છી સાહિત્યથી અજાણ નહોતા. અરે! નવયુવાન વયે વતન મસ્કાની ભૂમિ ઉપર દુલેરાય કારાણી લિખિતિ કચ્છી નાટક **'જામ અબડો'**ના મુખ્ય પાત્રમાં કાબિલેદાદ અભિનય આપી રૌપ્ય ચંદ્રક પ્રાપ્ત કરેલો. પરંતુ અધ્યાપન અર્થે કચ્છ બહાર જવાનું થતાં કચ્છ - કચ્છી સાહિત્ય જગતથી થોડા સમય માટે વેગળા થઇ જવાયું. પરંતુ કચ્છમાં આવતાવેંત કચ્છમિત્ર, કુંજલજી કુણકાર વગેરેમાં તેમની કચ્છી કલમ દોડવા લાગી. આકાશવાણી કેન્દ્ર ઉપરથી તેમના નાટકોનું પ્રસારણ થવા લાગ્યું. વોઇસ ટેસ્ટમાં સફળતા પ્રાપ્ત કરી આકાશવાણીના માન્ય કલાકાર બન્યા. આ નાટ્ય રૂપકોમાં તેમનો અવાજ પણ પડઘાવા લાગ્યો. ખાસ તો આધુનિક કચ્છી નાટ્ય સર્જનમાં રહેલો ખાલીપો તેમના લેખનથી પુરાવા લાગ્યો. **કાંતિભાઈ લેખનની સાથે રંગમંચના પણ અનુભવી કલાકાર અને દિગ્દર્શક હોઈ એમનું નાટ્યસર્જન મંચનક્ષમ બન્યું છે.**

'મનજો મંચ' તેમના પ્રથમ નાટ્ય સંગ્રહમાં આઠ સામાજિક એકાંકીઓ સમાવિષ્ટ છે. સરળ લોકભોગ્ય શૈલી, લાઘવતાભર્યા ચોટદાર સંવાદો આ એકાંકીઓનું જમાપાસું છે. તેમાં 'સંબંધ' એકાંકી મૂળે ગુજરાતીમાં લખાયેલું. જેને પ્રસાર ભારતીનું રાષ્ટ્રીય કક્ષાનું પારિતોષિક મળેલું. આ એકાંકી સંગ્રહને શ્રીમતી તારામતી વિશનજી ગાલા (મુંબઈ) પારિતોષિક પ્રાપ્ત થયેલું છે. તો 'કચ્છી ભાષાજો કૌવત' કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત સેમિનારો નિમિત્તે લખાયેલા અભ્યાસપૂર્ણ લેખો છે. કચ્છી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિને ઉજાગર કરવાનું એક મહત્ત્વનું કાર્ય આ પુસ્તકથી સિધ્ધ થયું છે. કચ્છમિત્રની પરાગપૂર્તિમાં 'અક્ષરની ઉપાસના' કટારમાં પ્રકાશિત લેખોમાંથી ચૂંટાયેલા લેખોનો સંગ્રહ એટલે 'ટીપેમેં મેરામણ.' કાંતિભાઈએ કચ્છીના પ્રાચીન - અર્વાચીન કવિઓની કાવ્ય કંડિકાઓનો ગુજરાતી ભાષામાં આસ્વાદ કરાવી કચ્છી કવિતાના સત્ત્વનો ગુજરાતને પરિચય કરાવવાનું અનુસરણીય કાર્ય કર્યું છે. 'આરીસેજી આરપાર'માં કાંતિ ગોર 'કારણ'ની નિજી સંવેદનાઓ અને અનુભૂતિઓની કવિતા સ્વરૂપે અભિવ્યક્તિ છે.

'હકલ કરે હીંયારી' વર્તમાન સામાજિક સમસ્યાઓનું હળવી શૈલીમાં આલેખન કરતું પ્રકાશનના આરે ઊભેલું દ્વિઅંકી નાટક છે. જેનું મંચનકાર્ય પણ સ્વયં કાંતિભાઈએ સફળતાપૂર્વક સિદ્ધ કરેલું છે. કચ્છનો સર્વાંગી ઇતિહાસ (ભાગ : ૧-૨)ના પરામર્શન સમિતિના અધ્યક્ષનો કાર્યબોજ તેમની કચ્છપ્રીતિનું ઉદાહરણ છે. કચ્છી સાહિત્યના વિવિધ સ્વરૂપો વિશે કચ્છના લેખકો દ્વારા હિંદીમાં લખાયેલા લેખોના પુસ્તક 'કચ્છી ભાષા : સાહિત્ય એવં વિકાસ'ના સંપાદનકાર્યમાં તેમણે મહત્ત્વનું યોગદાન આપ્યું છે. કચ્છી સાહિત્ય અકાદમીના મુખપત્ર 'ચિંગાર'નું ૨૦૧૦થી સંપાદનકાર્ય, ક.સા. અકાદમીની પરામર્શન સમિતિનું સભ્યપદ, કચ્છી સાહિત્ય અકાદમી કે વી.આર.ટી.આઈ. (માંડવી) જેવી સંસ્થાઓના ઉપક્રમે સમય સમય પર યોજાતા સેમિનારોના સંયોજક ઉપરાંત વક્તાની ભૂમિકામાં સક્રિય ભાગીદારી કાંતિભાઈની કચ્છી સાહિત્યની સાતત્યપૂર્ણ સેવાના પરિચાયક છે.

**કચ્છીની સમાંતરે ગુજરાતી તેમજ સંસ્કૃત ભાષાનું તેમનું લેખન ચાલ્યા કર્યું છે.** તેમના સંસ્કૃત નાટ્ય સંગ્રહ 'સાગર'માં બે વિષયોની કથાવસ્તુ તો કચ્છી લોકકથાઓ : વ્રજવાણીનો ઢોલી, હોથલ પદમણી પર આધારિત છે! જે આકાશવાણી ઉપરથી પ્રસારિત થઈ વિદ્વદજનોની પ્રશંસા પામ્યા છે. તેમનું ગુજરાતી ભાષામાં થયેલું સર્જન વિપુલ છે. વિહંગાવલોકન કરી લઈએ. 'રૂપ એક, રંગ અનેક' તથા 'વ્યક્ત અભિવ્યક્ત' એકોક્તિ સંગ્રહ છે. 'અભિવ્યક્તિનો ઉત્સવ' નાટ્યસંગ્રહ છે. 'ગગન નિર્વાણ ગિરાનું' તથા 'અખંડ દીવાના અજવાળા' સંસ્કૃતિ - સંસ્કાર - શિક્ષણ આદિ વિષયક લેખોના સંચય છે. મહાભારતના વિષયવસ્તુ પર આધારિત 'લક્ષ્યવેધ' (નવલકથા) તથા 'સત્યનો શંખનાદ' ચિંતનપૂત સર્જનો છે. આ સિવાય શિક્ષણ વિષયક સાહિત્ય તો ખરું જ. કચ્છમિત્રમાં પ્રગટ

થતી 'સત્યનું પ્રતિબિંબ' કટારમાં તેમના વિશાળ વાંચન અને અનુભવનું પ્રતિબિંબ આપણને જોવા મળે છે. ગુજરાતના વિવિધ સામયિકોમાં તેમની કૃતિઓ પ્રગટ થતી રહી છે.

કાંતિભાઈ મૂળે શિક્ષણના જીવ. સ્વાવલંબન અર્થે સંઘર્ષ કરતા રહી ત્રણેક ખાનગી પ્રાથમિક શાળાઓમાં શિક્ષક તરીકે જોડાયા. દરમિયાન જરૂરી લાયકાત પ્રાપ્ત કરી, ત્રણેક હાઈસ્કૂલોમાં પણ સેવા આપી. એમ.એડ., પીએચ.ડી. થઈ સુરેન્દ્રનગર તેમજ મુંદ્રાની શિક્ષણ તાલીમ સંસ્થાઓમાં જોડાયા. ગુજરાત પાઠ્યપુસ્તક મંડળને પણ તેમના અનુભવનો લાભ મળ્યો છે. શૈક્ષણિક લાયકાત, શિક્ષણ જગતનો બહોળો અનુભવ અને કઠોર પરિશ્રમ તેમને કચ્છ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિપદ સુધી લઈ આવ્યા.

★

## ઉમદા સર્જક - કુશળ વિવેચક પ્રભાશંકરભાઈ ફડકે

કચ્છી, ગુજરાતી, હિંદી, સંસ્કૃત, અંગ્રેજી, મરાઠી, બંગાળી વગેરે ભાષાઓના ઊંડા અભ્યાસી પ્રભાશંકરભાઈ એક બહુશ્રુત વિદ્વાન છે. કરાંચીમાં બાળપણ, મુંબઈમાં શિક્ષણ, કરસનદાસ માણેક તેમના પિતાજીના સ્નેહીજન. વળી કનૈયાલાલ મુનશી સ્થાપિત ભવન્સ (મુંબઈ)માં વિદ્યાભ્યાસને કારણે ત્યાં યોજાતા વિવિધ કાર્યક્રમોમાં મોટા ગજાના સાહિત્યકારો, કલાકારો તેમજ રાજદ્વારી પુરુષોનાં દર્શન - શ્રવણનો લાભ પામ્યા. કવચિત રૂબરૂ મળવાનું પણ થતું હતું. આમ શિક્ષણ અને સાહિત્યના સંસ્કારો વિદ્યાર્થીકાળથી જ રોપાયા.

પ્રભાશંકરભાઈ કંડલા ખાતે જી.ઈ.બી.માં જોડાયા. રત્નપારખુ માવજીભાઈએ પ્રભાશંકરભાઈને કચ્છ કલાક સામયિકમાં 'અવલોકનની એરણે' વિભાગ સોંપ્યો. ૧૯૭૬થી ૧૯૮૫ દરમિયાન પ્રભાશંકરભાઈએ આ કાર્યને મનગમતું કરવાની સાથે જન-ગમતું પણ કર્યું. અનેક નવોદિત કવિઓના માર્ગદર્શક બન્યા. **૧૯૯૬થી દસેક વર્ષ માધવ જોશી 'અશ્ક'ના 'કુંજલજી કુણકાર'માં પણ કચ્છી કાવ્યોની વિવેચનાઓ કરતા અમદાવાદથી પ્રસિદ્ધ થતાં 'કચ્છશ્રુતિ'માં** કચ્છી કવિતાનું કૌવતમાં કચ્છના વર્તમાન કવિઓની કવિતાઓનું આસ્વાદન કરાવ્યું, જે પાછળથી પુસ્તકાકારે પણ પ્રસિદ્ધ થયું.

કચ્છમિત્ર, શબ્દસૃષ્ટિ, ફાર્બસ સભા, ત્રિમાસિક કુંજલજી કુણકાર, ચિંગાર વગેરે સામયિકોમાં ગુજરાતી - કચ્છીમાં લેખો પ્રગટ થયા. તેમના અભ્યાસલેખોને સમાવિષ્ટ કરતું 'શબ્દના સથવારે' પુસ્તક ૨૦૦૬માં પ્રકાશિત થયું. ૨૦૦૮માં કવિ તેજની સમગ્ર કવિતાઓ બૃહદ સંચય ગ્રંથ 'તેજવાણી' એમણે સંપાદિત કર્યા. ૨૦૧૨માં કચ્છી ભાષાને મરાઠી જ્ઞાનેશ્વરીનો કચ્છી અનુવાદ આપણને સાંપડ્યો. કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત 'જ્ઞાનેશ્વરી ગીતા'નો કચ્છી અનુવાદ તેમના સાહિત્યપ્રેમ અને કઠોર પરિશ્રમનો પણ પરિચાયક બની રહ્યો છે.

ગુજરાત વિદ્યુત બોર્ડમાં ૩૭ વર્ષે વહીવટી અધિક્ષક પદેથી નિવૃત્ત થયેલા આ કલમના ઉપાસકની સેવાનો લાભ કચ્છી સાહિત્ય અકાદમીના બંધારણના ઘડતરમાં મળેલો છે. કચ્છી સાહિત્ય ક્ષેત્રમાં આજીવન પ્રદાન બદલ ૨૦૦૩નું શ્રીમતી તારામતી વિશનજી ગાલા પારિતોષિક (મુંબઈ) તેમને પ્રાપ્ત થયેલું. **૧૯૯૭માં દુલેરાય કારાણી ચંદ્રક પણ મળી ચૂક્યો છે.** ઉમદા સર્જક, કુશળ વિવેચક પ્રભાશંકરભાઈ ફડકેને કચ્છી સાહિત્ય અકાદમી (ગાંધીનગર)નો વર્ષ ૨૦૧૭ માટેનો સાહિત્ય ગૌરવ પુરસ્કાર તાજેતરમાં તેમને અર્પણ થયો. જેનો સૌ કચ્છી સાહિત્ય પ્રેમીઓને આનંદ છે.

જીવનયાત્રાના પ્રથમ પડાવે શિક્ષણ દ્વારા સાહિત્યનું અને આ બીજા પડાવે સાહિત્ય દ્વારા લોક શિક્ષણનું ઉમદા કાર્ય કરનાર ડૉ. કાંતિ ગોર 'કારણ'ને કચ્છી સાહિત્ય અકાદમી (ગાંધીનગર) દ્વારા વર્ષ ૨૦૧૮ના 'ગૌરવ પુરસ્કાર'થી તાજેતરમાં નવાજવામાં આવ્યા. તે સાથે કચ્છી ભાષા સાહિત્ય સાગરના માલમ પ્રભાશંકર ફડકેને પણ વર્ષ ૨૦૧૭નો ગૌરવ પુરસ્કાર અર્પણ થયો.

*– રવિ પેથાણી 'તિમિર'*

## કચ્છમાં ભુજપુરના આંગણે કરુણા સ્પર્શ મહોત્સવની ઉજવણી થઈ

ભુજપુર જૈન મૂર્તિપૂજક સંઘ સંચાલિત ભુજપુર પાંગળાપોળ ખાતે આચાર્ય ભગવંત કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ સંયમના પ્રસંગે અખિલ ભારતીય (વિધિપક્ષ) જૈન શ્વેતાંબર સંઘના દાન અંતર્ગત તૈયાર કરાયેલા બે નવા અદ્યતન પશુ આવાસાલયમ્ ખુલ્લા મુકાતાં પશુ રક્ષાના કાર્યો માટે દાનવીર દાતાઓ દ્વારા દાનની સરવાણી વહાવવામાં આવી હતી. તા. ૨૨ અને ૨૩ નવેમ્બર, ૨૦૧૯ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. જેમાં ચિંતામણિ પાર્શ્વનાથ દાદાની ૧૭૮મી ધ્વજાનો પ્રસંગ તેમજ ગુરુદેવશ્રીના ૫૧મા સુવર્ણ સંયમનો સત્સંગ અને પશુ આવાસાલયમ્ના ઉદ્ઘાટનનો કાર્યક્રમ ખૂબ ભવ્યતાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રી, કચ્છ સંસદ સભ્ય, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, વિવિધ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના વર્તમાન અને પૂર્વ હોદ્દેદારશ્રીઓ, અગ્રણીઓ, ગ્રામ તથા તાલુકા પંચાયતના હોદ્દેદારો વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન મહારાજ સાહેબે જળસંપદા, સ્વચ્છતા તથા પર્યાવરણની જાળવણીનો સંદેશ આપી તેનું રક્ષણ કરવાની સૌની ફરજ છે તેવું જણાવીને ગાય ભારતીય સંસ્કૃતિની

કરોડરજજુ છે, તેમ વધુમાં કહ્યું હતું. કાર્યક્રમના અતિથિ વિશેષ પદેથી રાજયમંત્રી શ્રી વાસણભાઈ આહીરે જણાવ્યું હતું કે, દેશના વિવિધ ભાગોમાં વસતા જૈન સમાજે કચ્છીયતને હંમેશાં ઉજાગર કરી છે. ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ પશુ આવાસાલયમ્ ખુલ્લું મૂકવાના કાર્યને બિરદાવ્યું હતું. આ અવસરે સંસ્થા વતી વડીલ નેણશીભાઈ લખમશી શાહને અહિંસા રત્ન ઍવોર્ડ અર્પણ કરાયો હતો. આ પ્રસંગે આમંત્રણને માન આપીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ પ્રતાપભાઈ દંડ તથા ટ્રસ્ટી અશોકભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક સંસ્થા તથા સંચાલકો દ્વારા તેઓશ્રીઓનું ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું.

## શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ આનંદધામ ટ્રસ્ટ, ઘસોઇ - મંદસૌર (મ.પ્ર.)

### સ્વસ્તિક – નંદાવર્તના પાંચ હજારથી અધિક મૌલિક આકાર - સુશોભન તૈયાર કરવાનો સફળ પ્રયોગ...

### ડૉ. સંયમ રસાશ્રીએ રેખાંકન કલામાં અદ્‌ભુત કાર્ય કરીને એક નવા ઇતિહાસનું સર્જન કર્યું

સ્વસ્તિક - નંદાવર્તના સૌથી પહેલીવાર નવા નવા આકાર, પ્રકાર તથા સુશોભન દ્વારા શ્રી પાર્શ્વચંદ્રસૂરિ ગચ્છનાં જૈન સાધ્વી જ્ઞાનભારતી ડૉ. ભવ્યાનંદશ્રીનાં શિષ્યા જ્ઞાનજયોતિ ડૉ. સંયમરસાશ્રીએ રેખાંકન કલામાં એક નવો ઇતિહાસ રચ્યો છે. સાધ્વીજીએ પોતાની સુઝબુઝથી નંદાવર્તનાં પાંચ હજારથી પણ વધુ મૌલિક આકાર - સુશોભન તૈયાર કરીને એક બહુ પ્રશંસનીય પ્રયાસ કર્યો છે.

એમના નામે “ભવ્ય નંદાવર્ત” પુસ્તકની બે આવૃત્તિઓ છપાઈ ગઈ છે, જે બહુ લોકપ્રિય થઈ છે.

જો કે નંદાવર્તના આકાર, પ્રકાર અને સુશોભનનો આયામ અસીમ છે પરંતુ પહેલીવાર અને કોઈ આલંબન વગર પોતાના મનથી મૌલિક આકાર - પ્રકાર બનાવવા તે સાધ્વીશ્રીનાં કલા પ્રેમનું પ્રદર્શન છે. નંદાવર્તનાં નિયમનું પાલન કરવા સાથે અર્થાત્ નંદાવર્તના કેન્દ્રની સાથે જોડાયેલી રેખાઓને એના અંત સુધી અખંડ રાખી તેનાં વિભિન્ન આકારો બનાવવા એ જ નંદાવર્તની સાચી કલા છે. જેમાં સાધ્વી ડૉ. સંયમરસાશ્રી સફળ રહ્યા છે. તેમણે નંદાવર્તનો જે કોઈ પણ આકાર કે સુશોભન રચ્યું છે તેમાં કેન્દ્રથી જોડાયેલી ચારે રેખાઓ ક્યાંય તૂટેલી નથી. આ એમની, સમાજને એક અનુઠી (અનુઠું = અપૂર્વ) દેન છે. જે ગૌરવનો વિષય છે, એમ જૈન શ્વેતાંબર મંદિર – આનંદધામની એક યાદીમાં જણાવાયું હતું.

*રજૂઆત : ભાવના પ્રદીપ સંઘવી - મેંગ્લોર*

## કચ્છની પાણી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા ગુજરાત હાઈકોર્ટની તાકીદ

ગત જૂન માસમાં કચ્છ અછતની કારમી અસર તળે હતું ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રીએ કચ્છ જિલ્લાની પાણીની સમસ્યા ઉકેલવા ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરી હતી. જે અંગે હાઈકોર્ટે કચ્છની પાણી સમસ્યાનો કાયમી નિરાકરણ લાવવા ગુજરાત સરકારને તાજેતરમાં આદેશ કર્યો છે. જેમાં માસ્ટર પ્લાનનો અમલ, નવા બોર બનાવવા, ડૅમોને પાણીથી ભરવા, બાકી રહેલા પ્રોજેક્ટને ઝડપી પૂરો કરવો, નર્મદાના પાણી પુરવઠામાં વધારો કરવા સહિતના શ્રેણીબધ્ધ પગલાં લેવા તંત્રને વડી અદાલતે સુચના આપી છે.

## ભુજમાં ‘દુલેરાય કારાણી – સમગ્ર સાહિત્ય’ વિષયે સેમિનારનું આયોજન થયું

કચ્છના મેઘાણી દુલેરાય કારાણીએ કચ્છની સંસ્કૃતિ, કલા અને સાહિત્ય ક્ષેત્રે કરેલું કાર્ય અજરામર છે. તેમણે વિશ્વને કચ્છની કલા, સંસ્કૃતિ અને સાહિત્યનો પરિચય કરાવ્યો છે. તાજેતરમાં ભુજ ખાતે રોટરી હોલમાં વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા તેના વિવેકગ્રામ પ્રકાશન રજત જયંતી વર્ષની ઉજવણી નિમિત્તે યોજાયેલા દુલેરાય કારાણીના સાહિત્યના આચમન કરતા સેમિનારમાં જાણીતા લોકકલાવિદ્ પદ્મશ્રી જોરાવરસિંહ જાદવે પોતાની લાગણી આ રીતે વ્યક્ત કરી હતી.

આખા દિવસનાં ત્રણ સ્તરના યોજાયેલા કાર્યક્રમના પ્રથમ ચરણમાં દુલેરાય કારાણીના સમગ્ર સર્જન પરના સેમિનારમાં વિવિધ વક્તાઓએ પોતાના શોધપત્ર રજૂ કર્યા હતા. જયારે સાંજના અંતિમ ચરણમાં કારાણીના કાવ્યો આધારિત સંગીતમય કાર્યક્રમની રજૂઆત કરાઈ હતી.

સેમિનારને દીપ પ્રાગટ્ય દ્વારા ખુલ્લો મૂકતાં કચ્છમિત્રના તંત્રી દીપકભાઈ માંકડે કચ્છી સાહિત્ય તથા લોકકલા ક્ષેત્રે દુલેરાય કારાણીને અદ્‌ભુત વ્યક્તિ લેખાવી હતી. સેમિનારમાં કારાણીના કચ્છી કાવ્યો પર રવિ પેથાણી ‘તિમિર’એ તથા લોકસાહિત્ય પર હરેશ ધોળકિયાએ વક્તવ્ય આપ્યું હતું. આ સત્રનું અધ્યક્ષ સ્થાન ડૉ. દર્શના ધોળકિયાએ સંભાળ્યું હતું. સમગ્ર સેમિનારનું સંચાલન ડૉ. કાંતિભાઇ ગોર ‘કારણ’એ સંભાળ્યું હતું. આ કાર્યક્રમમાં સાહિત્ય જગતના મહાનુભાવો, સમાજ અગ્રમીઓ સાથે દુલેરાય કારાણીના પુત્ર બાલમોહન કારાણી, પુત્રી રંજનબેન આચાર્ય, તેમના અન્ય પરિવારજનો સહિત મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓ હાજર રહ્યા હતા.

ગેમ્સ ગેલેરી

## જ્ઞાન સાથે ગમ્મત

# અમિતાભ બચ્ચનની ૭૭ વર્ષની મહાસફર



ભાવના એ. ઝવેરી

અમિતાભ બચ્ચનજીને આ ગેમ દ્વારા ૭૭મા વર્ષની શુભકામના સાથે હેપ્પી બર્થ-ડે. અમિતજીના ચાહક વર્ગો માટે સ્પેશિયલ મહાસફર ગેમ.

***સમય :*** ૨૫ મિનિટ.

આ ગેમ નાના-મોટા બધાને ગમે એટલે ફંકશનમાં પણ રમાડી શકશો. હોસ્ટ સમયની અનુકૂળતા પ્રમાણે પ્રશ્નોનું લિસ્ટ બનાવે. આપેલા પ્રશ્નોનું લિસ્ટ અને તેની નીચે જવાબ લખવાની જગ્યા રાખી તે પેપરની ઝેરોક્ષ, રમનારની સંખ્યા પ્રમાણે કરાવી લો. બધાને પેન, પેપર આપો. સ્ટાર્ટ કહો. ટાઇમ લિમિટ બાદ જવાબ ચેક કરવા. અરસપરસ પેપર બદલી નાખો. હોસ્ટ ક્રમવાર જવાબ બોલશે. તે રીતે સાચું - ખોટું કરતા જાવ. જેના સૌથી વધારે સાચા જવાબ હોય તેના પેપર હોસ્ટ ચેક કરે. બાદમાં અનુક્રમે પાંચ કે સાત વિનર જાહેર કરો.

વિજેતાને ઇનામમાં અમિતાભના જૂના - નવા ગીતની સી.ડી., મુવીની કેસેટ, પોસ્ટર ગિફ્ટમાં આપી શકાય.

સમય હોય તો અમિતાભના ડાયલોગ, એક્શન, ગીતની કડી ગાવાની કહો.

## પ્રશ્નો

૧. અમિતાભ બચ્ચનની બર્થ ડેટ.

૨. અમિતાભની પ્રથમ ફિલ્મ.

૩. અમિતાભ કયા પિક્ચરમાં ભગવાનના રોલમાં હતા?

૪. અમિતાભ-જયા બચ્ચનની સાથે ભૂમિકાની પ્રથમ ફિલ્મ.

૫. અમિતાભની ભૂત પર આધારિત ફિલ્મ.

૬. અમિતાભે ગીતમાં સ્ત્રીની ભૂમિકા કરેલી હોય તે મુવીનું નામ.

૭. અમિતાભે ત્રિપલ રોલ કરેલી મુવીનું નામ.

૮. અમિતાભની પોલિટિક્સ પર આધારિત મુવીના નામ.

૯. અમિતાભની ટીચરના રોલ પરની મુવીના નામ.

૧૦. અમિતાભે ડબલ રોલમાં કિરદાર કરેલ મુવીના નામ.

૧૧. અમિતાભે ઇન્સ્પેક્ટરનો રોલ કરેલ હોય તેવી મુવીના નામ.

૧૨. અમિતાભને ૨૦૦૦ની સાલમાં કયો ઍવોર્ડ મળ્યો?

૧૩. અમિતાભે મુવીમાં ડૉક્ટરનો રોલ કરેલો હોય તેવી મુવીના નામ.

૧૪. અમિતાભજીને ૧૯૮૪ની સાલમાં કયો ઍવોર્ડ મળ્યો?

૧૫. મુવીમાં અમિતાભનું નામ વિજય હોય તેવી મુવીના નામ.

૧૬. અમિતાભનું મીણનું સ્ટેચ્યુ ક્યાં છે?

૧૭. કઇ સાલમાં દાદા ફાળકે ઍવોર્ડ જાહેર થયો?

૧૮. ઝંઝીર મુવીનો ફેમસ ડાયલોગ કયો છે?

૧૯. અમિતાભનો ટી.વી.ના ફેમસ શો નું નામ.

૨૦. ૧૯૭૦માં ઝંઝીર, દીવાર મુવી માટેનો કયો ઍવોર્ડ મળ્યો?

૨૧. 'મૈં આજ ભી ફેંકે હુએ પૈસે નહીં ઉઠાતા' — કઇ મુવીનો ડાયલોગ છે?

૨૨. અમિતાભજી-જયાજીએ સાથે કરેલી ૩ મુવીના નામ આપો.

૨૩. અમિતાભની ફ્રેન્ડશિપ પર આધારિત મુવીના નામ આપો.

૨૪. ૨૦૦૧માં અમિતાભને કયો ઍવોર્ડ મળ્યો?

૨૫. 'મૈં ઔર મેરી તન્હાઇ અક્સર યે બાતેં કરતે હૈં...' — કઇ મુવીનો ડાયલોગ છે?

૨૬. 'કાલીયા' મુવીનો પ્રખ્યાત ડાયલોગ કયો છે?

૨૭. અમિતાભના પ્રશંસકોએ તેનું મંદિર ક્યાં બનાવ્યું છે?

૨૮. ૨૦૧૫માં અમિતાભજીને કયો ઍવોર્ડ મળેલો?

૨૯. અમિતાભજીએ કઈ મુવીના ગીતમાં પોતાનો અવાજ પ્રથમ વખત આપ્યો છે? ગીતના શબ્દો કયા છે?

૩૦. અમિતાભે કઈ મુવીમાં અભિષેકના દીકરાનો રોલ કર્યો છે?

૩૧. અમિતાભ-અભિષેકની સાથે હોય તેવી મુવીના નામ.

૩૨. 'મુકદર કા સિકંદર' ફિલ્મના ગીતની એક કડી.

૩૩. લાવારિસનો અમિતાભજીનો ડાયલોગ.

૩૪. અમિતાભ બચ્ચનની આવનારી ફિલ્મોના નામ લખો.

૩૫. અમિતાભજીએ મુવીમાં ફોન પર કયું ગીત ગાયું છે?

*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

## હસ્તકલા ક્ષેત્રે કચ્છની ચાર મહિલાઓને એવોર્ડ જાહેર : રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત કરાશે

વિકાસની હરણફાળ સાથે કચ્છની સંસ્કૃતિ દેશ-વિદેશમાં કાઠું કાઢી રહી છે. ખાસ કરીને હસ્તકલા ક્ષેત્રે ડંકો વગાડી કચ્છીઓ વિશ્વમાં નામના મેળવી રહ્યા છે.

ફરી એકવાર કચ્છી કલાના ચાર કારીગર અને તે પણ ચારેચાર મહિલાઓએ પરંપરાગત બાંધણી થકી દેશમાં સરહદી એવા આ જિલ્લાની ઝોળીમાં રાષ્ટ્રીય ઍવોર્ડ અર્પણ કર્યા છે.

સરકારના વસ્ત્ર મંત્રાલયના વિકાસ આયુક્ત (હસ્તશિલ્પ) દ્વારા સમગ્ર દેશ માટે આયોજિત સ્પર્ધામાં ૨૦૧૭ના વર્ષ માટે ૧૦ અને નેશનલ ૨૫ ઍવોર્ડ જાહેર થયા હતા. જેમાં ગુજરાત રાજ્યમાં કચ્છે ચાર ઍવોર્ડ મેળવી ડંકો વગાડ્યો હતો. આ ચાર ઍવોર્ડ મેળવનારાઓમાં નૂરબાનુબેન મહમદ ખત્રીને શિલ્પગુરુનું બહુમાન પ્રાપ્ત થયું હતું. જ્યારે નસરીનબેન ફયાઝ હુસેન ખત્રીને નેશનલ ઍવોર્ડ, બિલ્કીસબાનુ અલીમામદ ખત્રી તથા ખેરૂનિશા અબ્દુલ અઝીઝ ખત્રીને નેશનલ મેરિટ ઍવોર્ડનું સન્માન પ્રાપ્ત થયું હતું. સરકાર દ્વારા હસ્તકલાના કારીગરોને પ્રોત્સાહન મળે તે માટે દર વર્ષે હેન્ડિક્રાફ્ટ તથા હેન્ડલુમની સ્પર્ધા યોજવામાં આવે છે.

શિલ્પગુરુ ઍવોર્ડ સાથે બે લાખનું રોકડ પુરસ્કાર, શિલ્ડ તથા પ્રમાણપત્રથી સન્માન કરાય છે. નેશનલ ઍવોર્ડ પ્રાપ્ત કરનાર કારીગર બહેનોને ૭૫,૦૦૦ રોકડ સાથે શિલ્ડ તેમજ પ્રમાણપત્ર અપાશે.

## "હેલ્લારો" – ટૂંક નિરીક્ષણ

આ લખનારને આમ તો હળવા લેખ લખવા ગમે પરંતુ હાલમાં જ કલાત્મક અને સર્વાંગસુંદર ગુજરાતી પિક્ચર 'હેલ્લારો' જોયા પછી તેના વિશે લખ્યા વગર રહી શકાય નહીં.

કચ્છના રાપર તાલુકાના વ્રજવાણી ગામની વર્ષો પહેલાની સત્ય ઘટના આધારિત કથા હોઈ પિક્ચર જોવાનો રોમાંચ થાય! વ્રજવાણી એ ભુજથી ૧૬૨ કિ.મી.ના અંતરે છે અને ભુજ - અમદાવાદ નેશનલ હાઈવે પર આવેલ સામખિયાળીથી (વાયા રાપર) ૯૩ કિ.મી.ના અંતરે છે.

૨૦૧૧ના સેન્સસ પ્રમાણે ગામની વસ્તી ૧૫૩૧ની છે.

એક ઢોલી પાછળ સતી થયેલ ગામની ૧૪૦ મહિલાઓના સ્મરણાર્થે બંધાયેલ સતી મંદિર - વ્રજવાણી ધામ. જેમાં સાંભળ્યા પ્રમાણે સતીઓના નામ પણ લખાયેલા છે. વળી ગામના પાદરે કેટલીક સતીઓના પાળિયા પણ છે.

પિક્ચરના દરેક પાસા જેવા કે કથા, દિગ્દર્શન, ગીત-સંગીત, ડાયલોગ્સ અને કલાકારોના અભિનય – એમ દરેક રીતે શ્રેષ્ઠ ગુજરાતી પિક્ચર બન્યું છે. તે બદલ શ્રી અભિષેક શાહ, શ્રી સૌમ્ય જોશી અને કલાકારો સહિત સમગ્ર ટીમ અભિનંદનના અધિકારી છે.

'હેલ્લારો' મૂવી એક વખત અચૂક જોવા જેવી છે અને તેમ કરીને પોતાને તો આનંદ મળશે જ પરંતુ સાથે સાથે આવા સરસ પિક્ચર બનાવનારાને પણ પ્રોત્સાહન મળશે.

પિક્ચરનો અંત કદાચ સત્ય ઘટનાથી જુદો હોઈ શકે છે પરંતુ તે યોગ્ય છે કારણકે આવું સુંદર પિક્ચર જોયા પછી પ્રેક્ષક ટ્રેજિક અંત જોઈને વિષાદમય ચહેરે સિનેમાગૃહ છોડે તેના કરતાં આનંદિત ચહેરે બહાર આવે તે વધારે ઈચ્છનીય ગણાય.

બાકી, જો અમિતાભ બચ્ચન આ પિક્ચર જુએ, તો નક્કી કહે : 'હેલ્લારો નહીં દેખા તો કુછ નહીં દેખા!'

*ચિત્રસેન શાહ - ગાંધીનગર*
*(નિવૃત્ત કાર્યપાલક ઇજનેર, જી.ઈ.બી.)*

## હળવું હાસ્ય

**મન** : બ્રેક વગરની મોટર.
**પૈસા** : વેર કરાવનાર નારદજી.
**પરીક્ષા** : ઉપલા વર્ગમાં જવાનો પુલ.
**દાઢી** : ખાતર વગરનો પાક.
**સાબુ** : મેલનો દુશ્મન.
**રાત્રી** : ચોરનો નોકરી પર જવાનો સમય.
**દિલ** : પાનખરમાં ખીલતું ફૂલ.
**દવાખાનું** : કડવા પાણીની યોજના.
**છીંક** : નાકમાં ઉત્પન્ન થતું વાવાઝોડું.
**બીડી** : સ્વર્ગની સીડી.
**બગાસું** : ઊંઘનો ટપાલી.
**પી.ટી.સી.** : પરણવાનું તાત્કાલિક સર્ટિફિકેટ.
**ચિંતા** : વજન ઘટાડવાની દવા.
**વિચાર** : મગજમાં બનેલ વાયુ.
**ફાળો** : પારકા પૈસે ઉજવણી.
**લગ્ન** : જિંદગીની જેલ.
**કોલેજ** : પ્રેમ કરવાનો બગીચો.
**ઇમાનદારી** : ભૂખે મરવાનું વૃક્ષ.
**સીગારેટ** : કળીયુગનો મુખવાસ.
**થિયેટર** : પ્રેમીઓની પ્રયોગશાળા.
**પત્ની** : પતિને જાગૃત રાખનાર ઘંટડી.
**વરરાજા** : કુંવારા મંડળમાંથી રાજીનામું આપનાર.

*ગુલાબચંદ ડી. સાવલા - અમદાવાદ*
*મો. ૯૧૩૭૬૯૩૦૬૯*

કચ્છી કાફી

## વિટા જો વિજોગ

*(રાગ : દીશનાય બુઢંનજો માન)*

**કિંમત : એક આનો**

*(નોંધ : સંદર્ભ માટે જુઓ 'મંગલ મંદિર' સપ્ટેમ્બર-૨૦૧૯ ૧૦૦ વર્ષ અગાઉ લખાયેલ કૃતિ.)*

વીટા માયા–સે મસ્તાન
મનસે રખે ગણુ સેતાન
મોહ લગાયો મનડે કે
તદે પાંજો થયો અપમાન. વીટા... ૧

સમાન જંધર લદા ખણો
તદે ગટે પાંજો સન્માન
શનિવાર તાં પુર પેઓ
તેજો પાંકે ન રેઓ ભાન. વીટા... ૨

પેસીંજરેં કે પટ પઇ
તડે કચ્છીએ કે ચડેઓ તાન
પગવાટ સે પંધ કરેઓ
આંજો સચ્ચો રે સન્માન. વીટા... ૩

બહિષ્કાર જો બેડો ફરકે
કચ્છી તન ધન કરી કુરબાન
સંપ પામે પૂરો દશાજે
એડો રખો અભિમાન. વીટા... ૪

મડઇ મેં બહિષ્કાર મઢાણું
યુસફ થયો કપ્તાન
ગામે શહેરે પના પુગા
એડો ચડેઓ સેતાન. વીટા... ૫

મુલતાની એ તાં મોહ છદેઆ
પાંજી કચ્છીએં સે પીછાન
વમન હાણે કેર જમે
તેંજો સાક્ષી આય ભગવાન. વીટા... ૬

બાલ બચ્ચે કે લહુ લગીયું
તદે જોર ચડેઓ તુફાન
સભાએમેં તાં સુબા ભરાજે
રતુ ભાચ્છા કુછે મસ્તાન. વીટા... ૭

*– રતુ ભાચ્છા*

***પ્રેષક : લીલાધર લખમશી વિસરીઆ - મુંબઈ***

## ટીસ ઊઠતી રહે છે

જનમેદનીની વચાળે કે વિચારોના દેમાર વચ્ચે,
કો' પળે અચાનક કો' અગમ્ય એક ટીસ ઊઠે છે;
એ ટીસને લીધે ન કોઈ દેહ કેરું દર્દ ઉમટે છે,
એ ટીસને લીધે ખિન્નતા કંઇ દિલને જ સ્પર્શે છે.

સુખ, સમૃધ્ધિ, સત્તા ને સંપત્તિ – બધું જ પાસે છે,
પરિવાર, બાળકો, બંગલો, બગી – સર્વ એ હાંસલ છે;
જ્ઞાન, અનુભવ અને આવડત સઘળું કર્યું અંકે છે,
તોય ક્યારેક કો' ક્ષણે અચાનક એક ટીસ ઊઠે છે.

તે ક્ષણે બધું જ મિથ્યા ને સર્વ બકવાસ લાગે છે,
તે પળે આ સંસાર સઘળો જાણે અસાર લાગે છે;
જે કર્યા કર્મો કે કર્યું અંકે એ સર્વ વ્યર્થ લાગે છે,
ક્યાંક કંઈક બાકી અને જીવન બસ ખાલી લાગે છે.

શાહમૃગી વલણની જેમ ટાળવા હતાશ એ પળને,
મહેફિલો અને પરિષદોએ પ્રયાસ રહ્યો ડૂબવાનો છે;
ને મિલન - મુલાકાતોનો ક્રમ એને રહ્યો ભૂલવાનો છે,
રેતની બનાવી દીવાલ સાગરમોજ રોકવાનો છે.

એને ટાળવાને મેં દિલના દ્વાર બંધ કરી દીધા છે,
એને ખાળવાને મેં ઘોંઘાટે કાન મારા ભરી દીધા છે;
એને રોકવાને મેં વિચારોએ મનને ગ્રસી લીધા છે,
તોય કૌતુક કેવું 'આરસી' એ ટીસ ફરીને ઊઠે છે.

*'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩*

## કચ્છી હાઈકુ

મૉકો મિલે ત્
ચઇ જ ડ્યો, મનમેં
ન રખો ગાલ.

ઇ જાધ અચે
ત રુજા મ, ધુઆઉં
કરીજા જિજી.

સુઞે વયાણ
મેં ગોઇયેં જો ધણ
જાન વિજી ડે.

મા-પે કે ભૂલોં
કીં? જનમ ડીંયે ને
વડા કરીયેં.

રણ ત રૂડો
કચ્છજો, નેરે જેડા
ઈનજા રૂપ.

*અરુણા અરુણ ઠક્કર 'માધવી'*
*મંગલ સ્મૃતિ, ઘાટિયા ફળિયા, રિંગ રોડ, ભુજ, કચ્છ.*
*મો. ૯૮૭૯૫૩૯૧૭૮*

## NanoNine® શબ્દ રમત-૧૫૮

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ■ | ૬ | ■ | ૭ |
| ૮ | | | ■ | ૯ | | | ■ | ૧૦ | ૧૧ | ૧૨ | |
| | ■ | ૧૩ | ૧૪ | | ■ | | ■ | | ■ | ૧૫ | |
| ■ | ૧૬ | ■ | ૧૭ | | ■ | ૧૮ | ૧૯ | | ■ | | ■ |
| ■ | ૨૦ | ૨૧ | | ■ | ૨૨ | ■ | ૨૩ | | ૨૪ | | ■ |
| ૨૫ | | | ■ | ૨૬ | | ૨૭ | | ■ | | ■ | ૨૮ |
| ૨૯ | | ■ | ૩૦ | ■ | ■ | | ■ | ૩૧ | ■ | ૩૨ | |
| | ■ | ૩૩ | | ૩૪ | | ■ | ૩૫ | | ૩૬ | | ■ |
| ■ | ૩૭ | | ■ | | ■ | ૩૮ | | ■ | ૩૯ | | |
| ૪૦ | ■ | ૪૧ | ૪૨ | | ૪૩ | ૪૪ | | ■ | ૪૫ | ■ | ■ |
| | ■ | ૪૫એ | | ■ | ૪૬ | | ■ | ૪૭ | ૪૮ | | ■ |
| ■ | ૪૯ | | | ■ | | ■ | ૫૦ | | ■ | ૫૧ | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૧૨-૨૦૧૯ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. એક ટંક ખાવાનું વ્રત (૪)
૪. ખેતરમાં વપરાતો પદાર્થ, ચોરી, ચાકરી, બરદાશ (૩)
૫. દહીં દૂધ પરની પોપડી, ધરાયેલું, તૃપ્ત, મસ્ત (૨)
૮. ચીવટ, સંભાળ, ખંત (૩)
૯. સોનું, ધન, ધતૂરો (૩)
૧૦. એક મહાન મોગલ બાદશાહ (૪)
૧૧. કબ્ર, ઘોર (૩)
૧૩. પાણીના અધિષ્ઠાતા દેવ (૩)
૧૫. નમૂનો, ડુપ્લીકેટ (ઈં) (૨)
૧૭. અપરાધ, ગુનો, દોષ (૨)
૧૮. રાજાનો વજીર - પ્રધાન (૩)
૧૯. વર્ણ, શરીરનો બાંધો (૨)
૨૦. ગામડાનો મુખિયો (૩)
૨૧. લાકડાનું પીઢું (૨)
૨૩. કમનસીબ, અભાગિયું (૪)
૨૫. પાણી ભરવાની ડોલ (૩)
૨૬. તિરસ્કાર, અનાદર (૪)
૨૯. પરમેશ્વર, _____ને બના દી જોડી (૨)
૩૨. માતાની બહેન (૨)
૩૩. સંસ્કાર, વારસો, વિરાસત, અમદાવાદને _____ સિટી જાહેર કરવામાં આવેલ છે (અં.) (૪)
૩૫. આગેવાન, નાયક, લીડર (૪)
૩૭. કાંટાથી કરેલી આડ, મહોલ્લો, લતો (૨)
૩૮. પગલા પરથી ચોરની ભાળ મેળવનાર, ચોકિયાત (૨)
૩૯. શહેર, પૂર (૩)
૪૧. કૈલાસ પર્વત પાસેનું સરોવર (૬)
૪૪. વરરાજા, પતિ, વરદાન (૨)
૪૫એ. પડ, થર (૨)
૪૬. એક અંગ્રેજી તોલ (૨)
૪૭. દાણાદાર ખાંડ (૩)
૪૮. જીભથી માલૂમ પડતો સ્વાદ, પારો, પ્રવાહી (૨)
૪૯. યાદગીરી માટે બાંધેલ ઈમારત (૩)
૫૦. નિશા, રાત્રિ (૨)
૫૧. સેવક (૨)

### ઊભી ચાવીઓ

૧. એકલક્ષી, તલ્લીન (૩)
૨. વખત, સમય (૨)
૩. જીવવાળું, જીવતું (૩)
૪. શહજાદા વગેરેને અપાતું મુસ્લિમ ઉપનામ, શાહરૂખ _____, આમીર _____, સલમાન _____ (૨)
૫. તરત તૂટી જાય એવું (૪)
૬. પાણી જવાનો રસ્તો, ધોરિયો, ખાળ, ગટર (૨)
૭. ઉષ્ણતા, ઉશ્કેરાટ, ઝઘડો (૩)
૯. બાંધેલો લોટ (૩)
૧૦. અનામત, સંભાળ માટે સોંપેલી વસ્તુ, થાપણ (૪)
૧૨. મહા ભાગ્યશાળી (૪)
૧૪. શરીર પરના કુમળા અને ઝીણા વાળ (૩)
૧૬. હેતુ, અર્થ, _____ નિકલ ગયે તો પહચાનતે નહીં (૪)
૧૯. યાતાયાતનું સાધન (૩)
૨૦. ઉત્કટ ઇચ્છા, તલપ (૩)
૨૧. પથ્થરની ફરસ બંધી (૨)
૨૨. દારૂગોળો ફેંકવાનું સાધન (૨)
૨૪. કપાળ, લલાટ, ઘઉં પાકે છે તે પ્રદેશ (૨)
૨૫. દરવાજો, દ્વાર (૩)
૨૭. ફૂલઝાડ ઉછેરનાર, માલી (૨)
૨૮. ચંદ્ર (૨)
૩૦. પાણી, નીર, જળ (૨)
૩૧. તેજ, પ્રકાશ, સુંદરતા, વહાણ, માલગાડીમાં માલ લઈ જવાનું ભાડું (૨)
૩૨. રસ્તો, માર્ગ, ઉપાય (૩)
૩૩. વડો - મુખ્ય શિક્ષક (૫)
૩૪. રેકેટ અને બોલથી રમાતી એક રમત (૩)
૩૫. કાયદા પ્રમાણે કાચી ઉંમરનું (૩)
૩૬. દાન આપનાર, દાતા (૪)
૩૮. હવા, વાયરો, સમીર (૩)
૪૦. પંખી (૨)
૪૧. મહેતાજી, શિક્ષક (૩)
૪૨. સ્વર્ગનું વિરૂધ્ધ (૩)
૪૩. હાથે થાપીને બનાવેલી જાડી રોટલી (૩)
૪૪. જંગલ, અરણ્ય (૨)
૪૫. પરાક્રમી, ભાઈ (૨)
૪૭. મૃત્યુ, મરણ (૨)

## NanoNine® શબ્દ રમત-૧૫૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખી | સા | ખ | ર્ચ | | દ | મ | દા | ટી | | ગ | મ |
| ચો | | ર | | ચાં | | દિ | | પું | ડ | રી | ક |
| ખી | જ | ડો | | ચ | બ | રા | ક | | ગ | બ | ર |
| ચ | ણ | | સ | | ર્થ | | ત | ક | લી | | |
| | સ | રં | જા | મ | | જ | લ | સો | | ર | દ |
| ચ | | ગા | ગ | ર | | લ | | ટી | કા | કા | ર |
| ક | પ | ટી | | જી | વ | ત | ર | | ગ | બી | |
| ચા | લી | | દા | વો | | રં | | પા | ડો | | બિ |
| ર | ત | લા | મ | | અં | ગ | ડા | ઇ | | | ન |
| | | પ | | ખો | જ | | | | | આ | હ |
| બે | શ | ર | મ | | ના | રા | ય | ણી | | દ | રી |
| લ | | વા | ન | ર | | જ | શ | | બ | ર | ફ |

*માસ ઓક્ટોબર-૨૦૧૯ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૫૬ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૩. દમયંતી દંડ – અમદાવાદ
૪. ડૉ. અતુલ ઘરોડ – અમદાવાદ
૫. વર્ષા પારેખ – અમદાવાદ
૬. ચંદ્રા શાહ – અમદાવાદ
૭. સ્મિતા શાહ – અમદાવાદ
૮. રંજન શાહ – અમદાવાદ
૯. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૦. ચંદુભાઈ કુબડિયા – અમદાવાદ
૧૧. કુલીન મહેશ્વરી – અમદાવાદ
૧૨. ઝરણા પારેખ – અમદાવાદ
૧૩. લક્ષ્મીબેન ખત્રી – અમદાવાદ
૧૪. રાજકુમારી શાહ – અમદાવાદ
૧૫. દક્ષાબેન રામાવત – અમદાવાદ
૧૬. ભારતી પટેલ – અમદાવાદ
૧૭. નરેન્દ્ર કોઠારી – અમદાવાદ
૧૮. શિખા શાહ – અમદાવાદ
૧૯. હંસાબેન ચાવડા – વિરમગામ
૨૦. પ્રભા શેઠિયા – વલસાડ
૨૧. હસમુખ દેઢિયા – અડાલજ
૨૨. હીરજી વોરા – મુંબઈ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી સરનામું પૂરેપૂરું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

૧. કુલીન મહેશ્વરી – અમદાવાદ
૨. દક્ષાબેન રામાવત – અમદાવાદ
૩. ભારતી પટેલ – અમદાવાદ

## વૃધ્ધત્વ : ગૌરવ અને ગરિમા

**(અનુસંધાન : પાના નં. – ૨૧ ઉપરથી ચાલુ)**

છે. આ માટે છેવાડા સુધી અસરકારક સિનિયર સિટીઝન વેલફેર સોસાયટીઝનો વ્યાપ વધે તે જરૂરી છે. સરકારી કક્ષાએ પણ જરૂરતમંદ વૃધ્ધોની જીવનશૈલીમાં ગુણાત્મક સુધારો આવે તે માટે વિવિધ કાયદા કાનૂનો અને કાર્યક્રમો ઘોષિત થઇ અમલમાં મૂકવામાં આવેલા છે, પરંતુ કદાચ અમલીકરણના સ્તરે સંવેદનશીલતાના અભાવે એનો અપેક્ષિત લાભ જ્યાં જેટલો પહોંચવો જોઈએ તે પહોંચતો જોવા મળતો નથી.

**વૃધ્ધો પણ સમાજનાં અભિન્ન અને અવિભાજ્ય અંગ જ છે. એ નિરૂપયોગી કે નકામા નથી જ. એમની પાસે અનુભવ, કોઠાસુઝ, પરિપક્વતા, કૌશલ્ય જેવા ગુણોનો ખજાનો છે.** નકામા, નિરૂપયોગી અને રદબાત્તલ ગણી એમને સાઈડલાઈન કરવાને બદલે એમનાં કૌશલ્યને સમાજ અને સરકારમાં ઉચિત સ્થાન આપી એમને રાષ્ટ્રના ઉત્થાન અને ઉત્કર્ષમાં સહભાગી બનાવાય એ સમયનો તકાજો છે.

*બી-૩૦૨, સુરભિ એપાર્ટમેન્ટ, પોલીસ સ્ટેડિયમ સામે, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. મો. ૯૨૬૫૮૨૭૦૦૮*

## માતા-પિતા

જાહેરમાં પ્રેમ કરે તે **મા** અને
ખાનગીમાં પ્રેમ કરે તે **પિતા.**
આંખથી રડે તે **મા** અને અંતરથી રડે તે **પિતા**
લાગણીઓથી નવડાવનાર **મા**
તો માંગણીઓ પૂરી કરનાર **પિતા**.
ઘરનું ગૌરવ વધારે તે **માતા**
અને અસ્તિત્વ વધારે તે **પિતા**.
નાના સંકટોમાં **માતા** યાદ આવે છે
અને મોટા સંકટો આવે ત્યારે યાદ આવે છે **પિતા**
સંઘર્ષ **પિતા** પાસે શીખો, સંસ્કાર **મા** પાસે શીખો.
બાકી બધું દુનિયા તમને શિખવાડી દેશે.
ઈશ્વર તો સુખ અને દુઃખ બંને આપે છે
જ્યારે **માતા-પિતા** તો સુખ અને સુખ જ આપે છે.
મરવા માટે ઘણા રસ્તા હોય છે,
પરંતુ જન્મ લેવા માટે એક જ રસ્તો તે **મા**.

*સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*

## NanoNine® Sudoku

**ઓક્ટોબર-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૧૪ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. સરલા શાહ – અમદાવાદ
૨. જ્યોત્સના શાહ – અમદાવાદ
૩. અવંતી દંડ – અમદાવાદ
૪. ડૉ. અતુલ ધરોડ – અમદાવાદ
૫. જય ગોગરી – અમદાવાદ
૬. સ્મિતા શાહ – અમદાવાદ
૭. ચંદ્રા શાહ – અમદાવાદ
૮. ઉષ્મા શાહ – અમદાવાદ
૯. ચંદુભાઈ કુબડિયા – અમદાવાદ
૧૦. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૧. અલ્કા વોરા – અમદાવાદ
૧૨. મંજુલા પરમાર – અમદાવાદ
૧૩. ઝરણા પારેખ – અમદાવાદ
૧૪. હીરલ પટેલ – અમદાવાદ
૧૫. પ્રભા શેઠિયા – વલસાડ
૧૬. હેમલતા દેઢિયા – અડાલજ
૧૭. હંસાબેન ચાવડા – વિરમગામ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી પૂરેપૂરું સરનામું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

**વિજેતાઓ :**

(૧) જય ગોગરી – અમદાવાદ
(૨) મંજુલા પરમાર – અમદાવાદ
(૩) હીરલ પટેલ – અમદાવાદ

## NanoNine® Sudoku

*રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)*

*સુડોકુ ક્રમાંક-૧૧૧૬ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૨-૨૦૧૯સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ફેબ્રુઆરી-૨૦૨૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૧૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | | | | 4 | 2 |
| 6 | 2 | | 5 | | | 8 | | |
| 8 | | | 3 | 7 | | 5 | | |
| | | 7 | 9 | 6 | | | 5 | 4 |
| | 3 | 2 | | | | 6 | 8 | |
| 5 | 6 | | | 8 | 4 | 3 | | |
| | | 6 | | 3 | 7 | | | 8 |
| | | 3 | | | 5 | | 9 | 6 |
| 2 | 1 | | | | | | | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | 8 | | 9 | 6 | 5 |
| | | 1 | 3 | 6 | | | | |
| 8 | | 6 | | | | | 2 | 1 |
| 1 | 6 | | 9 | | | | 4 | |
| 3 | | | 2 | | 6 | | | 7 |
| | 4 | | | | 5 | | 3 | 2 |
| 9 | 3 | | | | | 8 | | 6 |
| | | | | 3 | 8 | 4 | | |
| 6 | 5 | 8 | | 9 | 1 | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 5 | | 8 | | | 2 | |
| 3 | | | | | 2 | | | 4 |
| | 2 | 8 | 6 | 3 | | | 9 | |
| 2 | | 9 | | | 3 | | | 6 |
| | | 3 | 7 | | 9 | 2 | | |
| 8 | | | 2 | | | 1 | | 9 |
| | 8 | | | 5 | 6 | 7 | 1 | |
| 5 | | | 1 | | | | | 8 |
| | 7 | | | 9 | | 6 | | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | | | | 7 | | | 9 |
| 8 | | | 4 | 6 | | 7 | | |
| 7 | | 4 | | 2 | | | 3 | |
| 3 | 4 | | 1 | | | | 2 | |
| | | | 2 | 9 | 6 | | | |
| | 6 | | | | 3 | | 1 | 5 |
| | 9 | | | 1 | | 5 | | 3 |
| | | 3 | | 7 | 9 | | | 8 |
| 5 | | | 6 | | | | | 4 |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૧૫**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 9 | 4 | 5 | 3 | 2 | 7 | 8 | 1 |
| 2 | 5 | 1 | 6 | 7 | 8 | 3 | 9 | 4 |
| 7 | 8 | 3 | 9 | 4 | 1 | 6 | 5 | 2 |
| 1 | 7 | 5 | 8 | 6 | 3 | 2 | 4 | 9 |
| 9 | 6 | 8 | 4 | 2 | 5 | 1 | 7 | 3 |
| 3 | 4 | 2 | 7 | 1 | 9 | 8 | 6 | 5 |
| 4 | 1 | 9 | 3 | 8 | 6 | 5 | 2 | 7 |
| 8 | 3 | 7 | 2 | 5 | 4 | 9 | 1 | 6 |
| 5 | 2 | 6 | 1 | 9 | 7 | 4 | 3 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 4 | 2 | 8 | 9 | 1 | 3 | 7 | 5 |
| 5 | 3 | 7 | 2 | 6 | 4 | 1 | 8 | 9 |
| 1 | 8 | 9 | 5 | 3 | 7 | 4 | 2 | 6 |
| 2 | 6 | 5 | 9 | 1 | 3 | 8 | 4 | 7 |
| 8 | 7 | 1 | 4 | 5 | 6 | 2 | 9 | 3 |
| 3 | 9 | 4 | 7 | 2 | 8 | 6 | 5 | 1 |
| 4 | 1 | 8 | 3 | 7 | 9 | 5 | 6 | 2 |
| 7 | 5 | 3 | 6 | 4 | 2 | 9 | 1 | 8 |
| 9 | 2 | 6 | 1 | 8 | 5 | 7 | 3 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 2 | 6 | 3 | 9 | 7 | 1 | 5 | 8 |
| 5 | 3 | 1 | 4 | 6 | 8 | 2 | 7 | 9 |
| 7 | 9 | 8 | 2 | 5 | 1 | 6 | 4 | 3 |
| 9 | 1 | 7 | 8 | 2 | 5 | 4 | 3 | 6 |
| 3 | 6 | 4 | 1 | 7 | 9 | 5 | 8 | 2 |
| 8 | 5 | 2 | 6 | 4 | 3 | 7 | 9 | 1 |
| 6 | 8 | 5 | 7 | 3 | 2 | 9 | 1 | 4 |
| 1 | 4 | 9 | 5 | 8 | 6 | 3 | 2 | 7 |
| 2 | 7 | 3 | 9 | 1 | 4 | 8 | 6 | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 6 | 1 | 5 | 4 | 7 | 2 | 3 | 9 |
| 5 | 2 | 7 | 9 | 8 | 3 | 4 | 6 | 1 |
| 9 | 4 | 3 | 1 | 2 | 6 | 5 | 7 | 8 |
| 2 | 5 | 6 | 3 | 1 | 8 | 9 | 4 | 7 |
| 7 | 3 | 4 | 2 | 5 | 9 | 8 | 1 | 6 |
| 1 | 8 | 9 | 7 | 6 | 4 | 3 | 5 | 2 |
| 6 | 9 | 2 | 4 | 3 | 1 | 7 | 8 | 5 |
| 4 | 7 | 8 | 6 | 9 | 5 | 1 | 2 | 3 |
| 3 | 1 | 5 | 8 | 7 | 2 | 6 | 9 | 4 |



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : કાલ રાતજો બ વગે પાંજે નીચે જે ફ્લેટ મેં રમાકાકી ને રમણકાકા રેંતા અનીંજે વચમેં વડેસારે બોલાચાલી થઈ વી ને મણિંજી નંધર ખરાબ થઈ વી... તે જરા તપાસ ત કઈજ ક રાતજો બ વગે ઝઘડો કરેજી કુલા જરૂર પઈ વી?

બચુડો : (આજુબાજુમેં તપાસ કરે ને ચેં) રમણકાકા મોબાઈલ ચાર્જિંગ કરેલા લગાયને સુમે વ્યા વા. તડેં બ વગે મોબાઈલમેં લાઈટ જો ચમકારો નેરેને રમાકાકી ઊભા થ્યા ને મોબાઈલ ખણેને નેર્યાં ને વંચાણું 'બ્યુટીફુલ'. ને પોય તા રમાકાકી જો મગજ છટક્યો ને રમણકાકાકે ધાંધોડે વદા ને વડેસારે રાડું પાડીને ઝઘડો ક્યાં ક પંજા વરે પેણે થ્યા ને હાણે આંકે બ્યુટીફૂલ ચોંધલ કેર નવરી પઈ આય? તડે રમણકાકા ઉઠ્યા ને કાકીજે મથે ચશ્મા ચોડે ને ચ્યાં ચશ્મે વગર કીં ડસાજે નતો ને ફોગટ રાડારાડ કઈયેતી. અખીયું ખોડે ને વાંચ અનમે 'બ્યુટીફુલ' નાંય લખાયેલો પણ 'બેટરી ફુલ' ઈ લખાયેલો આવ્યો આય... પોય રમાકાકી માઠ કરે ને સુમે ર્યા. ઈ બાબત વી...

## ખિલજા મ ભલા

પત્ની : આપણા આટલા દિવસોના અબોલા પૂરા કરીએ અને આપણે સમાધાન કરીએ.

પતિ : પણ મારે એમાં શું કરવાનું?

પત્ની : બહુ વિચારવાની જરૂર નથી, સાવ સહેલું કામ છે.

પતિ : પણ એ તો કહે, મારે કરવાનું શું?

પત્ની : બીજું કાંઈ નહીં... તમારે માફી માગી લેવાની અને હું માફ કરી દઈશ.

પતિ : વાહ! આમાં પણ તારી ટંગડી ઊંચી જ રાખવાની.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલ પર્વ, સિનિયર અને જુનિયરમાં શું તફાવત છે?

પર્વ : આ તો સાવ સહેલું છે સાહેબ.

શિક્ષક : સમજાવ જોઈએ.

પર્વ : જે પ્રાણી સંગ્રહાલય પાસે એટલે કે જુ પાસે રહે તે 'જુ-નિયર' અને દરિયા પાસે એટલે કે 'સી' પાસે રહે તે 'સિ-નિયર'.

☺ ☺ ☺ ☺ ☺

યુવક : મારે લગ્ન નથી કરવા. મને મહિલાઓની બહુ બીક લાગે છે.

પિતાજી : બેટા, લગ્ન કરી લે. પછી તને એક જ મહિલાની બીક લાગશે અને બાકીની બધી સારી લાગશે.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : જાણો છો મારા બાપુજી ગાતા હતા ત્યારે ઉડતા પક્ષીઓ પણ નીચે પડી જતા હતા.

પતિ : શું તારા પિતાજી મોઢામાં કારતુસ ભરીને ગાતા હતા?

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : નારીનો અર્થ શું થાય છે?

પતિ : નારીનો અર્થ છે... શક્તિ.

પત્ની : તો પછી પુરુષનો અર્થ શું થાય છે?

પતિ : સહન શક્તિ!!

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : તમે આટલા વહેલા કેમ ઘેર આવી ગયા?

પતિ : આજે મારા બોસે કહ્યું, 'Go to hell...' એટલે મેં વિચાર્યું ચાલ, ઘેર જ જવા દે, બીજે ક્યાં જાઉં?

☺ ☺ ☺ ☺ ☺

મનીષ : વહાલી, તું મને ખૂબ પ્રેમ કરે છે?

રીટા : હા વહાલા.

મનીષ : હું મરી જઈશ તો તું ખૂબ રડીશ?

રીટા : હા ખૂબ જ...

મનીષ : તો રડી બતાવ...

રીટા : પણ પહેલા તું મરી બતાવ.

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : હું જન્મ્યો મુંબઈમાં અને ભણ્યો અમદાવાદમાં.

મોન્ટુ : તો... તો... તારે નિશાળે આવવા જવામાં કેટલી બધી વાર લાગતી હશે નહીં...?

☺ ☺ ☺ ☺ ☺

એક યાત્રી: આ ગાડીઓ વારંવાર આટલી બધી મોડી આવે છે તો ટાઈમ ટેબલ બનાવવાનો શું અર્થ?

બીજો યાત્રી: તમે તો ગાડીઓ સમયસર આવશે તો એમ કહેશો આ વેઈટિંગ રૂમ શું કામના? સાચું કહું છું, તમને પહોંચી શકાય એમ નથી!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **હસ્તકલાનો સર્વોચ્ચ એવોર્ડ ભુજોડીના કસબીને :** ભુજોડી ગામના વણકર હમીર વિશ્રામ સીજુની સુતરાઉ કાપડની કલાત્મક શાલ માટે રાષ્ટ્રીય કક્ષાના હસ્તકલાના સંત કબીર ઍવોર્ડસ ૨૦૧૭ માટે પસંદ થયેલ છે. ઉપરાંત ભુજોડીના હરેશભાઈ મંગેરિયાની ભારતીય ચતુરભાતી સુતરાઉ (સિલ્ક) સાડી માટે તેમજ જામથડાના માવજી ખીમજી વણકરની કચ્છી ગરમ શાલ માટે પસંદગી થઈ છે.

★ **કચ્છમાંથી મળતી ખનીજ રોયલ્ટીનો વિકાસ કામમાં ઉપયોગ :** કચ્છના અબડાસાના મોથાળા અને લખપતના પાનધ્રો વિસ્તારમાંથી ખનન કરવામાં આવતા ખનીજની રોયલ્ટી રૂા. ૩૦૦ કરોડ દર વર્ષે મળે છે. આ રકમમાંથી તે વિસ્તારના વિકાસ કામના ભાગરૂપે મોથાળામાં લોકો માટે તબીબી સારવાર રૂપે ક્લિનિક ચાલુ કરવામાં આવી છે.

★ **ભુજમાં લાભાર્થીઓને ૧૨૦ કરોડના લોન ચેકનું વિતરણ :** ભુજ ખાતેની અગ્રણી બેંક ઑફ બરોડા દ્વારા ભુજના ટાઉન હોલમાં ૩૫૦થી વધારે લાભાર્થીઓને મંજૂર થયેલ લોનના ચેકોનું વિતરણ તાજેતરમાં કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦થી વધારે સખી મંડળની બહેનોને લોનના મંજૂરીપત્ર પણ આપવામાં આવ્યા હતા. જેમાં કચ્છના ૧૫૩ સખી મંડળને રૂા. ૧.૫૩ કરોડની લોન ચૂકવાઈ હતી.

★ **ગુજરાત સાહિત્ય અકાદમીના ત્રણ પારિતોષિક કચ્છને :** ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૭ના શ્રેષ્ઠ પુસ્તકો માટે તા. ૨૪-૧૦ના જાહેર થયેલા પારિતોષિકોમાં કચ્છ ભુજના હરેશ ધોળકિયાને તેમના નિબંધ સંગ્રહ 'જીવન એક ઉત્સવ' માટે દ્વિતીય, રાકેશ પટેલને 'રણ પંખીની પાંખ પર ટહુંકતી સવાર' માટે તૃતીય પારિતોષિક તેમજ ટૂંકી વાર્તા વિભાગમાં અજય સોનીને 'રેતીનો માણસ' માટે દ્વિતીય પારિતોષિક જાહેર કરાયા છે.

★ **મેડિકલ ક્ષેત્રે કચ્છની યુવતીની ગૌરવભરી સિધ્ધિ :** ભુજના ઓર્થોપેડિક ડૉ. રશ્મિ શાહના પુત્રી ડૉ. આત્મકલ્યાણી શાહે તાજેતરમાં કોડાઈકેનાલ ખાતે યોજાયેલા એક્સન-૨૦૧૯ અધિવેશનમાં 'નોન વેનેરિયલ વુલવાલ મેલેડીઝ' વિષય પર રિસર્ચ પેપર રજૂ કરતાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે.

★ **ધમ્મ દીક્ષા ગ્રહણ સમારોહ :** કચ્છના ઈતિહાસમાં સૌપ્રથમ વખત સામૂહિક બૌધ્ધ ધમ્મ દીક્ષા સમારોહ ભુજ ખાતે ઉજવાયો હતો. જ્યાં સમગ્ર કચ્છમાંથી આવેલ ૧૧૨ જેટલા બૌધ્ધ ઉપાસક - ઉપાસિકાઓએ બૌધ્ધ ધમ્મની દીક્ષા અંગીકાર કરી હતી.

★ **ખેતીમાં સાહસ – ડ્રેગન ફ્રુટની ખેતી :** મુંબઈમાં બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા કોડાયના શાંતિલાલ રૂડાણીએ મદનપુરા રૂકમાવતી નદી પાસે આવેલ પોતાની ૩૦ એકર જમીનમાં ખર્ચાળ મનાતી ડ્રેગન ફ્રુટની ખેતીમાં સફળ પ્રયોગ કરી સંપૂર્ણ વૈજ્ઞાનિક પ્રાકૃતિક પધ્ધતિ દ્વારા ડ્રેગન ફ્રુટનું વાવેતર કરી ઉત્પાદન કરેલ છે.

★ **ડેંગ્યુથી કણસતું કચ્છ :** કચ્છમાં હાલે ડેંગ્યુની સાથે સાથે મેલેરિયા કે વાઈરસથી ફેલાતા તાવનું પ્રમાણ નોંધપાત્ર છે. સત્તાવાર આંકડા પ્રમાણે જી.કે. જનરલ હોસ્પિટલની લેબમાં ૪૨૩ દર્દીઓના પરીક્ષણ કરતાં ૧૪૩ પોઝિટિવ રીપોર્ટ આવ્યા છે.

★ **સામાન વિના પ્રવાસીઓ ભુજ પહોંચે છે :** જેટ એરવેઝની ભુજ - મુંબઈ - ભુજ સેવા બંધ થવાથી સરકારી વિમાની સેવા એર ઇન્ડિયાની વિમાની સર્વિસ મુંબઈ - ભુજ - મુંબઈ ચાલુ કરવામાં આવી છે. પ્રવાસીઓ મુંબઈથી ભુજ રવાના થયા બાદ જ્યારે ભુજના વિમાની મથકે ઉતરે ત્યારે તેમને ખબર પડે છે કે તેમનો સામાન તો આવ્યો જ નથી.

★ **ધોળાવીરા 'વર્લ્ડ હેરિટેજ સાઇટ'ના લિસ્ટમાં :** યુનેસ્કો દ્વારા આ અંગે સત્તાવાર જાહેરાત થાય તેની તૈયારીરૂપે આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ માટે કચ્છ કલેક્ટર દ્વારા ૧૦ એકર જમીન મંજૂર કરવામાં આવી છે. આ હડપ્પન સંસ્કૃતિ ધરાવતા ધોળાવીરાની સાઇટને અત્યાધુનિક ઢબે ઢાંકી દઇને જે ૭૦ ટકા ઉત્ખનનનું કાર્ય પુનઃ આરંભાય તેવી સંભાવના છે. ધોળાવીરાનું મુખ્ય સૌથી મોટું આકર્ષણ હડપ્પન સાઇટ તેમજ ફોસિલ્સ પાર્ક તથા ભંજડા દાદા મંદિરની પાછળ રણમાં પાકતા મીઠાનું સફેદ સૌંદર્ય ધોરડાના રણને પણ આંટી મારે તેવું છે.

★ **દેશમાં સૌથી મોટું ઇસ્કોન મંદિર ભુજમાં નિર્માણ પામશે :** શહેરના ઍરપોર્ટ રિંગ રોડ પર રતિયા ગામની સીમમાં ૧૬ એકરના વિશાળ વિસ્તારમાં ભવ્ય ઈસ્કોન મંદિર ન માત્ર ગુજરાતમાં બલકે ભારતના સૌથી મોટા ઈસ્કોન મંદિરો પૈકીનું એક હશે તેવું ઈસ્કોન ભારતના વડા ગોપાલકૃષ્ણ સ્વામિએ ભૂમિપૂજન કરતાં જણાવ્યું હતું. અંદાજિત ૩ વર્ષમાં તૈયાર થનાર આ મંદિર કૃષ્ણ ભક્તિનો સેતુ રચવામાં માધ્યમરૂપ બનશે.

★ **કંડલા - નાસિક નવી વિમાની સેવા :** એર ઇન્ડિયાની પેટા કંપની 'એલાયન્સ એર' દ્વારા અમદાવાદ - નાસિક વચ્ચે કાર્યરત વિમાની સેવા કંડલા સુધી લંબાવવામાં આવશે. જે ૨૭ નવેમ્બરથી સપ્તાહમાં પાંચ દિવસ સોમવારથી શુક્રવાર સુધી ઉપલબ્ધ હશે.

★ **કચ્છમાં ડાયાબિટીસ દર્દીઓનું પ્રમાણ અડધા લાખથી વધુ :** તા. ૧૪મી નવેમ્બર ભારતના પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના જન્મદિને બાલદિન તરીકે ઉજવાય છે. તેમજ આ દિવસ વિશ્વ ડાયાબિટીસ દિવસ તરીકે પણ મનાવાય છે. આંતરરાષ્ટ્રીય ડાયાબિટીસ ફેડરેશનના જણાવ્યા મુજબ ભારતમાં ડાયાબિટીસ દર્દીઓની સંખ્યા વર્ષ ૨૦૧૯ સુધી ૮ કરોડ થઈ જશે. કચ્છમાં પણ બાળકોમાં ડાયાબિટીસનું પ્રમાણ જંક ફૂડ ખાવાથી તેમજ તનાવભરી જિંદગીથી વધી ગયું છે. ■

# સમાજ દર્પણ

## અવસાન નોંધ : પુષ્પાંજલિ

- **મંગળવાર, તા. ૧૯-૧૧-૨૦૧૯**
  કિશોરભાઈ મૂલજીભાઈ શાહ (લાલકા) (ઉં.વ. ૭૧) (લાલા - કચ્છ) અમદાવાદ

  *સદ્ગતશ્રી જીવનના દરેક ડગલે અને દરેક પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેમજ સ્થાનિક અને કચ્છમાં સ્થિત અનેક સંસ્થાઓની સામાજિક તથા ધાર્મિક પ્રવૃત્તિઓમાં એક સન્નિષ્ઠ અને સક્રિય કાર્યકર્તા તરીકે સદાય સમર્પિત રહ્યા હતા.*

  ***સદ્ગતશ્રીના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.***

## બ્લડ ડોનેશન - અવયવદાન સમિતિના કન્વીનર કમલેશ બી. શાહની ઉમદા કામગીરી

કચ્છમાં ખાંડેક - રાપર સ્થિત જોનુબેન ભારુભાઈ ચૌહાણને થોડા સમય અગાઉ હૃદયરોગનો હુમલો થતાં તબીબી સારવાર અર્થે તેમને અમદાવાદ ખાતે યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટમાં દાખલ કરવામાં આવ્યા હતા. તે દરમિયાન તા. ૨૩-૧૧-૨૦૧૯ના રોજ દર્દીને ખૂબ મોટા પ્રમાણમાં રક્તસ્રાવ થઈ જતાં તાત્કાલિક ધોરણે દર્દીને અનુકૂળ ગ્રુપના બ્લડની જરૂરત ઊભી થઈ હતી. આ કારણે દર્દીના સંબંધી કચ્છી લોકગાયક વાલજી ભટ્ટી મારફત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સક્રિય કાર્યકર મણિનગર સ્થિત કમલેશ બી. શાહનો ફોન સંપર્ક કરવામાં આવ્યો હતો. તેમના માટે જાણે ગ્રીન કોરિડોર તૈયાર હોય તેમ કમલેશભાઈ માત્ર ૧૫/૨૦ મિનિટમાં જ શાહીબાગ ખાતેની હોસ્પિટલમાં પહોંચી ગયા હતા અને દર્દીની જરૂરત મુજબના બ્લડ વગેરેની તુરત જ વ્યવસ્થા કરી આપી હતી. જેનાં પરિણામે દર્દીની શારીરિક સ્થિતિમાં સારો એવો સુધારો થયો હતો.

આ અન્વયે દર્દીના પરિવારજનોએ કમલેશભાઈ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. ઉમદા પ્રકારની સામાજિક સેવા માટે કમલેશભાઈને ધન્યવાદ!

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મહિલા ઉત્કર્ષ સમિતિ

**● આગામી કાર્યક્રમ ●**

**હોમ ગાર્ડનિંગ વિશે પાયાની સમજ આપતો કાર્યક્રમ**

- **હોમ ગાર્ડનિંગ એટલે શું?**
  આપણે જાતે ઘરે આપણી જરૂરિયાત મુજબ શાકભાજી ઉગાડી શકીએ તે કિચન ગાર્ડનિંગ.
- **હોમ ગાર્ડનિંગ શા માટે જરૂરી?**
  કેમિકલ્સ રહિત શાકભાજી મેળવવા અને કેન્સર રહિત જીવન જીવવા માટે.
- **હોમ ગાર્ડનિંગ કોના માટે જરૂરી?**
  સ્વાસ્થ્ય માટે ચિંતિત એવા આપણા સૌ માટે.

મોટાભાગની બહેનોને સવાલ થશે કે,

***ગાર્ડન વગર ગાર્ડનિંગ??? શક્ય છે...???***

આપને જાણીને નવાઈ લાગશે કે ફ્લેટની નાની બાલ્કનીમાં પણ ફુદીના, કોથમીર, પાલક, મેથી, ટામેટા, ઘઉંના જવારા વગેરે ઉગાડી શકાય.

***પરંતુ કેવી રીતે?***

***આવો, જાણો, શીખો!***

**હોમ ગાર્ડનિંગ**

(Audio visual presentationની મદદથી)
Agriculture Teachers of Art of Living
(Shri Shri Ravishankarji's Swayam Sevaks)

*કાર્યક્રમ* : હોમ ગાર્ડનિંગનો પરિચય
*તારીખ* : મંગળવાર, તા. ૦૭-૦૧-૨૦૨૦
*સમય* : બપોરના ૨.૩૦
*સ્થળ* : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.
*રજિસ્ટ્રેશન* : પાલડી ભવન. (ફોન ઉપર પણ કરાવી શકાશે.)

***કાર્યક્રમ તદ્દન ફ્રી પણ રજિસ્ટ્રેશન કરાવવું અત્યંત જરૂરી.***

***If home is the Heart,***
***Then garden is the heartbeat....***

***સુલુ જલદીપ શાહ, કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***

***જીવનમાં જે પણ કરો, પૂરા સમર્પણ સાથે કરો. પ્રેમ કરો તો મીરા જેવું, પ્રતીક્ષા કરો તો શબરીની જેમ, ભક્તિ કરો તો હનુમાન જેવી, શિષ્ય બનો તો અર્જુનની જેમ અને મિત્ર બનો તો શ્રીકૃષ્ણની માફક.***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# બોપલ ખાતે ડૉક્ટર્સ સાથે સ્નેહ મિલનના કાર્યક્રમનું આયોજન થયું

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપક્રમે ડૉક્ટર્સ સાથે સ્નેહ મિલનના કાર્યક્રમનું બોપલમાં નવા ખૂલનારા "નવનીત મેડિકલ સેન્ટર" ખાતે તા. ૧૦-૧૧-૨૦૧૯ના રોજ આનંદ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત સર્વે ડૉક્ટર્સ તથા અન્ય સભ્યોએ તૈયાર થઈ રહેલા તબીબી કેન્દ્રના દરેક વિભાગોની મુલાકાત લઈને જરૂરી આવકારપાત્ર સૂચનો કર્યા હતા.

શ્રી નવનીત પરિવારના યુનિટ – ગાલા બિલ્ડર્સ તરફથી બોપલ ખાતે તેમની માલિકીના બિલ્ડિંગમાં બીજા અને ત્રીજા માળમાં મળીને લગભગ ૬૪૦૦ ચો.ફૂટ જેટલી જગ્યા આ મેડિકલ કેન્દ્ર ચલાવવા માટે માત્ર ટોકન રેન્ટથી તથા નક્કી થયેલ સમય મર્યાદા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને આપવામાં આવી છે. આ તબીબી કેન્દ્રની શુભ શરૂઆત કરવા અર્થે મકાન સાથે માતબર રકમનું અનુદાન નવનીત પરિવાર તરફથી તથા અન્ય મુખ્ય અનુદાન અમદાવાદ ખાતેના દીપ ઈન્ડસ્ટ્રીઝ પરિવાર દ્વારા આપવામાં આવ્યું છે.

કાર્યક્રમના આરંભના સમયે સમાજના પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડે મુખ્ય દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનીને જણાવ્યું કે, આ તબીબી કેન્દ્ર શરૂ થતાં બોપલ ખાતેના ૫થી ૭ કિ.મી.ના વિસ્તારમાં સ્થિત આમ પ્રજાને તબીબી ક્ષેત્ર ખૂબ રાહતરૂપ થશે. આ સેન્ટર કોઈપણ જાતના ધર્મ, જ્ઞાતિ અથવા અન્ય કોઈ ભેદભાવ વિના સાર્વજનિક ધોરણે દરેક માટે કાર્યરત રહેશે. તેમણે વધુમાં જણાવ્યું, સંસ્થા દ્વારા સંચાલિત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના મેડિકલ સેન્ટર બાદ થોડા વર્ષો અગાઉ શાહીબાગમાં ડાયાલિસિસ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. ત્યારબાદ તાજેતરમાં તે સ્થળે સામાન્ય ધોરણે ઓ.પી.ડી. પણ શરૂ કરી છે. સંસ્થા સંચાલિત આ બંને યુનિટો લાંબા સમયથી ખૂબ વ્યવસ્થિત રીતે તેમજ જાહેર જનતાને આર્થિક રીતે અનુકૂળ થાય તેવા ધોરણે કાર્યરત છે. આ બંને સેન્ટરની તબીબી ક્ષેત્રની ઉત્કૃષ્ટ કામગીરીની ખુશ્બુ અમદાવાદ - ગાંધીનગરના વિસ્તારમાં ખૂબ સારી રીતે પ્રસરતા અન્ય સમાજો તેની પ્રશંસા કરી રહ્યા છે. તે જ રીતે આપણાં આ બોપલ ખાતેના ત્રીજા તબીબી કેન્દ્રને સમાજના પરિવારજનોના સાથ-સહકારથી પ્રગતિના પંથે આગળ લઈ જવા તમામ પ્રયાસ કરીશું.

પ્રસંગને અનુરૂપ નવનીત પરિવાર દ્વારા તથા દીપ ઈન્ડસ્ટ્રીઝના પારસ સાવલા દ્વારા પોતાના ટૂંક વક્તવ્યમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને આ પ્રોજેક્ટ હાથમાં લેવા માટે અભિનંદન આપવામાં આવ્યા હતા. વધુમાં, આ તબીબી કેન્દ્ર બોપલ વિસ્તારની આજુબાજુની પ્રજા માટે આશીર્વાદરૂપ થશે તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે તબીબી કેન્દ્રના કન્વીનર અશ્વિન સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, ટ્રસ્ટ મંડળના ડૉ. ચંદ્રકાંત દેઢિયા, અશોકભાઈ મહેતા, હસમુખભાઈ ગઢેચા, કે.ડી. શાહ, હીરેન શાહ, મંત્રીશ્રી પ્રદીપ મહેતા વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. તે રીતે, ડૉ. ધીરેન શાહ, ડૉ. દેવલ શાહ, ડૉ. રાજીવ ઝા, ડૉ. હિમાંશુ શાહ, ડૉ. અપૂર્વ પટેલ સહિત અન્ય કેટલાક ડૉક્ટર્સે પણ પોતાના મંતવ્યો ટૂંકમાં જણાવ્યા હતા.

આ પૈકી કેટલાક વક્તાઓએ તબીબી કેન્દ્ર માટે તન-મન-ધનથી પોતાનાથી શક્ય સેવાઓ પ્રદાન કરવાની રજૂઆત કરી હતી.

આ કાર્યક્રમમાં ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિ, પાલડી તથા બોપલ તબીબી કેન્દ્રની સમિતિના સભ્યો, આમંત્રિત સભ્યો તથા સ્ટાફવર્ગ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પોતાના રૂટિનની વચ્ચે સમય ફાળવીને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અર્થે ડૉક્ટર્સ ગ્રુપનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે મનપસંદ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હતી. ■

*સજ્જન વ્યક્તિની નિશાની – તે હંમેશાં માન જાળવે છે, પોતાના વ્યક્તિત્વનું અને સામેવાળાના અસ્તિત્વનું.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# વયસ્ક સમિતિ

વયસ્ક સમિતિ દ્વારા તા. ૧૭-૧૧-૨૦૧૯ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં વડીલોએ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સૌપ્રથમ કન્વીનર રજનીકાંત પારેખે સૌને આવકાર્યા હતા. ત્યારબાદ બે વિવિધ 'માઈન્ડ' ગેમ રમાડી હતી. તેમાં વિજેતાઓને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન હાઉસી અને અંતાક્ષરીની મજા સૌએ માણી હતી.





ઘણા વડીલોએ ઉમદા ગાયકની માફક ગીતોની રમઝટ બોલાવી હતી. અંતમાં સમૂહ ભોજન લઈને સૌ છૂટા પડ્યા હતા. આ કાર્યક્રમ માટે (૧) શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શેઠ (શાહ), (૨) શ્રીમતી રેવંતીબેન મણિલાલ ગોસર અને (૩) શ્રી દીપક અમૃતલાલ શાહ (ભુજ) તરફથી તેમના જન્મ દિવસ નિમિત્તે દરેક તરફથી રૂા. ૨,૦૦૦/-ની સ્પોન્સરશિપ મળી હતી.

### આગામી કાર્યક્રમ

સમિતિ તરફથી મંગળવાર, તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ એક દિવસીય પિકનિકનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

### કાર્યક્રમની વિગત

| | | |
|---|---|---|
| સવારે | ૬.૦૦ | પ્રસ્થાન |
| | ૮.૩૦ | ઊઁકાર તીર્થ નવકારશી |
| | ૧૧.૦૦ | પાવાગઢ આગમન.<br>રોપ-વે ની મજા (સ્વ ખર્ચે),<br>માતાજીના દર્શન, ભોજન. |
| બપોરે | ૩.૦૦ | અટાપી (આજવા - વડોદરા) પાસેના રીસોર્ટની મુલાકાત.<br>ચા નાસ્તા બાદ બટર ફ્લાય ગાર્ડનની મુલાકાત લઈને અન્ય ગાર્ડનમાં લેસર શો નિહાળીને ડીનર. |
| રાત્રે | ૧૧.૦૦ | અમદાવાદ પરત. |

રીસોર્ટમાં વિવિધ રાઈડ્સની મજા સ્વખર્ચે માણી શકાશે.

આ કાર્યક્રમમાં ચોવિહારની સગવડ સાચવી શકાશે નહીં તેની ખાસ નોંધ લેવી. પિકનિકમાં મર્યાદિત સંખ્યામાં સભ્યોને લઈ જવાના છે. પાલડી ભવન ખાતે રૂા. ૬૦૦/- ભરી પોતાના નામ નોંધાવી દેવા અનુરોધ છે.

*રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# યુવા વિકાસ સમિતિ

### ● આગામી કાર્યક્રમ ●

### *Bye Bye 2019 – Welcome 2020*

યુવા વિકાસ સમિતિ દ્વારા મંગળવાર, તા. ૩૧-૧૨-૨૦૧૯ના રોજ રાત્રે ૮ વાગે Bye Bye 2019 – Welcome 2020 ના કાર્યક્રમની થીમ વેશભૂષા (ફેન્સી ડ્રેસ) સાથે ડાન્સના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. (ફેન્સી ડ્રેસ ફરજિયાત નથી.)

### ● કાર્યક્રમની વિગત ●

*રાત્રિના ૮.૦૦થી ૧૦.૦૦ :* સ્વરૂચિ ભોજન સાથે સેલ્ફી કોર્નર

*રાત્રિના ૧૦.૦૦થી* : Welcome 2020 with D.J. Dance

*રજિસ્ટ્રેશન ફી* : રૂા. ૧૦૦/- પ્રતિ વ્યક્તિ

*કાર્યક્રમનું સ્થળ* : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી

રજિસ્ટ્રેશન, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૨૯-૧૨-૨૦૧૯ના રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી કરાવી લેવા વિનંતી. જેથી જરૂરી વ્યવસ્થા કરવામાં સુવિધા રહે. (ઉંમરનો કોઈ બાધ નથી.)

*વધુ માહિતી માટે સંપર્ક :*

*ડૉ. કેતન શાહ : ૯૮૨૫૬ ૮૭૭૪૧*

*જયદીપ મૈશેરી : ૭૦૧૬૦ ૮૩૦૨૬*

*ડૉ. કેતન શાહ, કન્વીનર - યુવા વિકાસ સમિતિ*


ALL KIND OF LADIES PREMIUM NIGHT WEAR
Alpine : Aline, Plit, Zip
PV : Aline, Plit, Zip
Cotton : Aline, Plit
Fancy, Kaftan,
Mother Nighty,
Two Pcs.,
Three Pcs.,
Five Pcs,
Seven Pcs.
AUTHO. : ARIHANT ENTERPRISE
G-6/13-15, NAVRANG COMPLEX, SWASTIK CHAR RASTA,
NAVRANGPURA, AHMEDABAD-9. PH.: (079) 4895 1613, 2640 1612


વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
Jammu Kashmir
Himachal Pradesh
Punjab
Uttara khand
Delhi
Rajasthan
Uttar Pradesh
Assam
Bihar
Ahmedabad
Gujarat
Madhya Pradesh
Jharkhand
West Bengal
Kolkata
Chhattisgarh
Maharashtra
Odisha
Mumbai
Pune
Telangana
Hyderabad
Goa
Karnataka
Andhra Pradesh
Bangalore
Chennai
Kerala
Tamil Nadu
V-TRANS
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપૂર્ણ કોમ્પ્યુટરાઇઝ્ડ નેટવર્ક
બુકિંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
V-Logis
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

## દરેક દર્દીને "ની રીપ્લેસમેન્ટ" ની જરૂર નથી

# માઈક્રોપ્લાસ્ટી



### આધુનિક અભિગમ

- ઓછી પીડા - ઓછો હોસ્પિટલ સ્ટે - ઓછો રક્તસ્રાવ - ઓછી ફીઝીયોથેરાપી - ઓછો ખર્ચ
- વધુ કુદરતી અનુભવ - વધુ સલામત - વધુ સંતોષ - વધુ ફ્લેક્સીબીલીટી - વધુ સ્ટેબીલીટી



## ડૉ. હેમાંગ બી. અંબાણી

**M.B.M.S**

**જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન**

નિષ્ણાંત, માઈક્રોપ્લાસ્ટી, પ્રાઈમરી એન્ડ રીવીઝન
ની રીપ્લેસમેન્ટ સર્જરી

ફેલો એટલાન્ટા એન્ડ ઈન્ડીયાનાપોલીસ યુ.એસ.એ.,
વુઝબર્ગ જર્મની, બ્રેશીયા ઈટાલી

**ડૉ. અમીર સંઘવી**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ. યુ.કે.

**ડૉ. ચિરાગ પટેલ**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની

**ડૉ. અતીત શર્મા**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની. યુ.એસ.એ

Shivam Orthopaedic Hospital & Joint Replacement Centre


Shree Orthocare

KD Hospital

E-mail : h_amani@hotmail.com
Website : www.hemangambani.com I www.shivamhospitalinfo.co I www.shreeorthocare.com
એપોઈન્ટમેન્ટ : ૦૭૯-૨૬૩૦૧૯૮૬, ૨૬૩૦૮૯૭૬, ૦૯૪૨૮૫૯૫૩૦૨, ૯૮૨૪૦૩૩૩૬૦

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી [illegible] (નાની [illegible]))
શ્રી કચ્છી જૈન સેવા ભવન
[illegible], અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુથીમવાળા)
શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ.




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી નવનીત ભવન (આવાસ યોજના), બહેરામપુરા, અમદાવાદ.

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

**To,**